श्रीयशोविजयउपाध्यायविरचित

# द्वात्रिंशद् द्वात्रिंशिका प्रकरण

भाग ४

• प्रकाशक •

अंधेरी गुजराती जैन संघ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ શ્રી આદિનાથાય નમઃ ॥

મહોપાધ્યાયશ્રી **યશોવિજયગણિ** વિરચિત

મુનિ યશોવિજયરચિત નયલતાટીકા-દ્વાત્રિંશિકાપ્રકાશવ્યાખ્યા અલંકૃત

# દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા

# પ્રકરણ

## ભાગ ૪

• દિવ્યાશિષ •

વર્ધમાનતપોનિધિ સંઘહિતચિંતક ન્યાયવિશારદ સ્વ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય

**ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા

• કૃપાદૃષ્ટિ •

સિદ્ધાન્તદિવાકર ગીતાર્થશિરોમણિ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય

**જયઘોષસૂરીશ્વરજી** મહારાજા

• નયલતાટીકાકાર + દ્વાત્રિંશિકાપ્રકાશવ્યાખ્યાકાર + સંપાદક •

પદ્મમણિતીર્થોદ્ધારક પ્રવચનપ્રભાવક પંન્યાસપ્રવરશ્રી **વિશ્વકલ્યાણવિજયજી** ગણિવરના શિષ્ય

મુનિ યશોવિજય

• પ્રકાશક •

**અંધેરી ગુજરાતી જૈન સંઘ, કરમચંદ જૈન પૌષધશાળા**

૧૦૬ એસ.વી.રોડ, ઈર્લાબ્રીજ, અંધેરી (વેસ્ટ), મુંબઈ-૫૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

• સંશોધક •

પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **કુલચન્દ્રસૂરીશ્વરજી** મહારાજ

પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી **પુણ્યરત્નવિજયજી** ગણિવર આદિ


• પ્રથમ આવૃતિ • • વિ.સં.૨૦૫૯ • • ૫૦૦ નકલ • • મૂલ્ય ૨૫૦ રૂા. •



**• સર્વ હક્ક શ્રમણપ્રધાન શ્રી જૈન સંઘને આધીન •**


ચતુર્થ ભાગની માર્ગદર્શિકા


| | પૃ. |
|---|---|
| ગ્રંથસમર્પણ | 3 |
| પ્રકાશકીય સ્ફુરણા | 4 |
| પક્ષાતિક્રાન્ત (પ્રસ્તાવના) -પૂ.પં.શ્રી મુક્તિદર્શનવિજયજી ગણીવર | 5 |
| ૧૪ થી ૧૮ બત્રીસીનો ટૂંકસાર | 9 |
| વિષયમાર્ગદર્શિકા | 21 |
| દ્વાત્રિંશિકાની નયલતા ટીકામાં ઉપયુક્ત દિગમ્બર- સાહિત્યની સૂચિ | 29 |
| દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા ગ્રન્થ ભાગ-૪ | ૯૩૫-૧૨૬૬ |



• પ્રાપ્તિસ્થાન :- (૧) પ્રકાશક

(૨) દિવ્ય દર્શન ટ્રસ્ટ

૩૯, કલિકુંડ સોસાયટી, મફલીપુર ચાર રસ્તા, ધોળકા, જિ.અમદાવાદ-૩૮૭૮૧૦


*અંધેરી ગુજરાતી જૈન સંઘના જ્ઞાનખાતાની રકમમાંથી આ ગ્રંથનું પ્રકાશન થયું છે. તેથી ગૃહસ્થોએ જ્ઞાનખાતામાં તેનું મૂલ્ય જમા કરાવી પુસ્તકને માલિકીમાં રાખવું.*


મુદ્રક : શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ ૫૮, પટેલ સોસાયટી, જવાહર ચોક, મણિનગર, અમદાવાદ-૮. ફોન : ૩૦૯૧૨૧૪૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમપૂજ્ય

દિર્ઘદર્શી

પ્રવચનપ્રભાવકવરેણ્ય

પદ્મમણિતીર્થોદ્ધારક

જિનશાસનઉપાસનાનિમગ્ન

પ્રિય-પરિમિત-પથ્ય વાણીના સ્વામી

મારા ઉત્કર્ષમાં મહત્ત્વનો ભાગ ભજવનાર

ભવોદધિતારક

સદ્‌ગુરુદેવ પંન્યાસપ્રવરશ્રી

**વિશ્વકલ્યાણવિજયજી** ગણિવરશ્રીને

સાદર સવિનય સબહુમાન

સમર્પણ

કૃપાકાંક્ષી શિશુ

યશોવિજય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*// ઈલિમિંડનશ્રી આદિનાથાય નમઃ //*

# પ્રકાશકીય સ્ફુરણા

નવનિર્માણ, પુનર્નિમાણ અને જીર્ણોદ્ધાર- આ ત્રણેય લાભ એકીસાથે અમને પ્રાપ્ત થયેલ છે તેનો આનંદ અમારા હૃદયમાં કોઈ અનેરો જ છે. આથી નવા જ ઉલ્લાસથી અને ઉમંગથી અમે નૂતન સંસ્કૃતવ્યાખ્યા અને ગુજરાતી વિવેચનથી સુશોભિત સ્વોપજ્ઞવૃત્તિસહિત **"દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશકા પ્રકરણ"** નામના ગ્રન્થરત્નને ચતુર્વિધશ્રીસંઘના કરકમલમાં સમર્પિત કરી રહ્યા છીએ. ૨૮૦૦ કરતાં વધુ પાનાનો આ મહાગ્રંથ એકી સાથે આઠ ભાગમાં પ્રકાશન કરવાનું સૌભાગ્ય-સદ્ભાગ્ય અમને સંપ્રાપ્ત થયું છે તે બદલ અમારું હૃદય પરમાનંદથી પ્રફુલ્લિત બનેલ છે.

આપણે સહુ જાણીએ છીએ કે **"દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા પ્રકરણ"** અથવા **"દ્વાત્રિંશિકા પ્રકરણ"** નામથી પણ આ ગ્રંથ પ્રસિદ્ધ છે. ગુજરાતી ભાષામાં **"બત્રીસ-બત્રીસી"**, **"બત્રીસી પ્રકરણ"** નામથી પણ આ ગ્રંથનો ઉલ્લેખ થાય છે. આ ગ્રંથમાં કુલ બત્રીસ પ્રકરણ છે. તથા દરેક પ્રકરણની ગાથા બત્રીસ છે. તેથી આ મહાગ્રન્થનું નામ છે. બત્રીસ-બત્રીસી ગ્રંથ અથવા દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા પ્રકરણ. સંક્ષેપમાં બત્રીસી ગ્રંથ અથવા દ્વાત્રિંશિકા પ્રકરણ તરીકે પણ આ ગ્રંથ ઓળખાય છે. મુખ્યતયા યોગ અને અધ્યાત્મનું આ ગ્રંથમાં નિરૂપણ છે. યોગ/અધ્યાત્મ વિષય જ ગહન છે. તેમાં વળી નવ્યન્યાયની પરિભાષામાં તેની છણાવટ ઉપાધ્યાયજી મહારાજ કરે પછી તો પૂછવાનું જ શું હોય ? કહેવાની જરૂર નથી કે આ ગ્રંથ ઉપર એક સરળ-સુબોધ-સ્પષ્ટ વિવેચનની આવશ્યકતા વર્ષોથી હતી. કારણ કે અઘરા અને ઊંચા પદાર્થોને અઘરી અને ઊંચી ભાષામાં લખવાનું કાર્ય બહુશ્રુતો માટે ખૂબ સરળ હોય છે. પરંતુ અઘરા અને ઊંચા પદાર્થો આજની સરળ અને સાદી ભાષામાં સમજાવવાનું અધ્યાપકો માટે ખૂબ જ અઘરું અને કપરું કાર્ય છે. તેવા કુશળ અધ્યાપકની ગરજ સારે તે રીતે સરળ-સુબોધ-સ્પષ્ટ વિવેચન/વ્યાખ્યા/વિવરણથી અલંકૃત કરીને પ્રસ્તુત ગ્રંથરત્નને શ્રીસંઘ સમક્ષ મૂકવાની અમારી ભાવના પરમપૂજ્ય ન્યાયવિશારદ ગચ્છાધિપતિશ્રી **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજના શિષ્યરત્ન પ્રવચનપ્રભાવક પંન્યાસપ્રવરશ્રી **વિશ્વકલ્યાણવિજયજી** ગણીવરના શિષ્ય મુનિશ્રી યશોવિજયજી મ.સા.ને અમારા સંઘના પ્રમુખશ્રી હર્ષદભાઈ મણિલાલ સંઘવીએ જણાવી. મુનિશ્રીએ તે વાતને આનંદ સાથે સ્વીકારી.

સોનામાં સુગંધ ભળે તેમ મુનિશ્રીએ 'દ્વાત્રિંશિકા પ્રકરણ' ઉપર ગુજરાતી વિવરણની સાથો-સાથ સંસ્કૃતવિવરણ પણ તૈયાર કર્યું. સંસ્કૃતવિવરણ 'નયલતા' ટીકાસ્વરૂપે તથા ગુજરાતી વિવરણ 'દ્વાત્રિંશિકા પ્રકાશ' વ્યાખ્યારૂપે પ્રસ્તુત પ્રકાશનમાં સમાવેશ પામેલ છે. પ્રાચીન મુદ્રિત પ્રકાશનોમાં રહેલી અશુદ્ધિઓને ૭ હસ્તલિખિત પ્રતો દ્વારા દૂર કરીને મૂળ ગ્રંથ તથા સ્વોપજ્ઞટીકાને શુદ્ધ કરવાનું તથા અધ્યેતાવર્ગને સહાયક બને તેવી સંસ્કૃત-ગુજરાતી વ્યાખ્યા લખવાનું એક અત્યંત આવશ્યક અને ઉપયોગી કાર્ય મુનિશ્રીએ કરેલ છે તથા અમારી પ્રબળ લાગણીને ધ્યાનમાં લઈ અમારા શ્રીસંઘને પ્રસ્તુત ગ્રંથ આઠ ભાગમાં એકીસાથે પ્રકાશિત કરવાનો અમૂલ્ય અને અનુપમ લાભ આપેલ છે. તે બદલ અમે મુનિશ્રીનો આભાર માનીએ છીએ. તેમ જ ભવિષ્યમાં પણ આવા અણમોલ સાહિત્યના પ્રકાશનનો અમને લાભ આપવાની તેમને અમે વિનંતી કરીએ છીએ.

પ્રાન્તે, પ્રસ્તુત મહાગ્રન્થસ્વરૂપ સ્ટીમરમાં બેસી સહુ મુમુક્ષુઓ ભવસાગરનો ઝડપથી પાર પામી શાશ્વત પરમપદને/પરમાનંદને પ્રાપ્ત કરે એ જ શુભકામના.

શ્રાવણ સુદ-૧૦, વિ.સં.૨૦૫૯ — લિ. **શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ,**

મુંબઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ऐँ नमः

# પક્ષાતિક્રાન્ત

ઘણા ઘણા વર્ષોની તપ, જપની સાધના અને અનેક પ્રકારની મુશ્કેલીઓમાંથી પસાર થયા પછીથી એક આત્માને પોતાના જીવનમાં સત્ય લાગ્યું કે 'વેદના જે શીખવે છે કે તે વેદો શીખવી શકતા નથી. મેં મારા જીવનમાં વેદો અને ઉપનિષદોનું બહોળું જ્ઞાન મેળવ્યું. મારી શક્તિ પ્રમાણે લોકોને તે આપ્યું પણ ખરું. છતાં જ્યારે હું માંદગીમાં પટકાયો ત્યારે મારી સમજને ટકવી શક્યો નહિ. સમાધિ જાળવવામાં હું પ્રાયઃ સફળ થયો નહિ.' બસ, આજ વાત અધ્યાત્મની ચરમસીમાએ પહોંચેલા ઋષિ-મહર્ષિઓએ અનંતકાળ પહેલાં પણ કીધી હતી. આજે પણ એ જ કહી રહ્યા છે અને ભવિષ્યમાં થનારાઓ પણ તે જ વાત કહેવાના છે કે સઘળા જીવનનો સાર શાંતિમય જીવન અને સમાધિમય મરણમાં છે. શાસ્ત્રો પણ જે સત્યનો આગ્રહ રાખી જીવવાનું કહે છે તે સત્ય પણ સમાધિરૂપ ભાવસત્ય છે, નહિ કે સમાધિ નિરપેક્ષ દ્રવ્યસત્ય. જીવનમાં શાંતિ અને મૃત્યુ સમયની સમાધિની ઉપેક્ષા કરીને કરાયેલા દ્રવ્ય સત્યનો આગ્રહ એ તો મહા કદાગ્રહ છે, મહા અજ્ઞાનદશા છે, મહા ભયંકર દૃષ્ટિરાગ છે. એના પ્રભાવે જ જીવ અનંત અનંતકાળથી સંસારની ગર્તામાં પડીને કારમા નરકાદિના દુઃખો વેઢી રહ્યો છે. કદાગ્રહનો ત્યાગ, ભાવસત્યનો ખપ, ગુણગ્રાહી દૃષ્ટિ, સર્વત્ર સમાધાનવૃત્તિ, સહિષ્ણુતા અને નિરીહતા એ ભાવધર્મ પરિણામ પામ્યાનું અને સ્યાદ્વાદ સમજ્યાનું બેરોમીટર છે તે માટે જીવનમાં જ્ઞાન અને ધ્યાનની પોઝીટીવ સાધના અને ત્યાગ, તપ, સંયમની નેગેટીવ સાધના કરવાની છે.

પ્રસ્તુત પુસ્તકમાં સ્વપરસમયવિદ્ મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજાએ રચેલ બત્રીસ બત્રીસી ગ્રંથ સંબંધી ૧૪ થી ૧૮ બત્રીસી, તેમની જ પોતાની બનાવેલી ટીકા, તેમજ તેના ઉપર મુનિપ્રવરશ્રી યશોવિજયજી મહારાજે રચેલ સંસ્કૃત ટીકા અને ગુજરાતી વિવેચન સમાવિષ્ટ છે. મુનિશ્રી પોતે વર્તમાનકાળના જબરજસ્ત વિદ્વાન, મહાસંયમી, મહાતાર્કિક અને સાથે સાથે મહાન સાધક પણ છે. નાની ઉંમરમાં ચારિત્ર લઈ બહુ જ થોડા વર્ષોમાં ઘણો ઊંડો સ્વ-પરદર્શનનો અભ્યાસ કરી એમાંથી પ્રાપ્ત થયેલ નિચોડ-રહસ્ય જગતને આપી રહ્યા છે. ઘણા વર્ષોની જાલિમ મહેનત પછીથી તેઓશ્રી આ બત્રીસી ગ્રંથ ઉપર ટીકા તેમજ વિવેચન તૈયાર કરી પુસ્તકરૂપે તેને આઠ ભાગમાં જગત સમક્ષ મૂકી રહ્યા છે. આ પહેલાં પણ મુનિશ્રીએ ઘણા સંસ્કૃતગ્રંથો ઉપર ટીકાઓ તેમજ વિવેચન લખી જૈન સમાજને વિપુલ સાહિત્યનું નજરાણું આપ્યું છે. ગુજરાતી પુસ્તકો પણ તેઓશ્રી દ્વારા ઘણા સારા બહાર પડ્યા છે. હમણાં જ થોડા વર્ષો ઉપર 'સંવેદનની સરગમ' બહાર પાડીને, તેમાં જબરજસ્ત કોટિનો સાધના માર્ગ બતાવ્યો છે. શ્વેતાંબર સંપ્રદાયમાં જે ચીજની ઘણા વર્ષોથી ઉણપ હતી તેની ખોટ મુનિશ્રીએ આ પુસ્તક દ્વારા પુરી પાડી છે.

પ્રસ્તુત પુસ્તક અંતર્ગત ૧૪ થી ૧૮ એમ પાંચ બત્રીસીમાં પણ મુનિશ્રીએ કયાંક ને કયાંક પોતાનો આગવો કસબ વાપરીને ગ્રંથને સર્વાંગ સુંદર બનાવવાનો પ્રયત્ન કર્યો છે. મારા ક્ષયોપશમ મુજબ તેના થોડા નમુના આ પ્રમાણે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- પા.નં.૯૩૭માં સંસ્કૃત ટીકામાં **अयमत्राशय** - દ્વારા ચરમાવર્તકાળ અને અચરમાવર્તકાલમાં જીવની સ્થિતિ કેવી હોય છે ? તે દર્શાવેલ છે. તેમજ હેતુ, સ્વરૂપ, અનુબંધથી મોક્ષમાર્ગની જે વ્યાખ્યા કરી છે તે મુમુક્ષુ જીવે ખૂબ જ આત્મસાત્ કરવા જેવી છે. પ્રાયઃ મોક્ષમાર્ગની આ રીતની વ્યાખ્યા અન્યત્ર જોવા મળવી દુર્લભ છે.
- પા.નં.૯૩૯-૪૦ ગુજરાતી વિવેચનમાં અપુનર્બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિત વિ.ની માન્યતા ભિન્ન ભિન્ન મતે કેવી રીતે છે ? તે વિષય ઘણો સ્પષ્ટ કર્યો છે. તે આખો વિષય સારી રીતે વિચારવાથી અધ્યાત્મની શરૂઆત કેવી રીતે થાય ? તેનો ખ્યાલ આવે છે. માટે તે ખૂબ જ મનનીય છે. યોગબિંદુ વૃત્તિકાર અને પંચાશકવૃત્તિકારના મત મુજબ બંનેમાં ક્યાં ફેર છે ? તે ખૂબ સ્પષ્ટ કર્યું છે. આ વિષય સ્પષ્ટ નહિ થયો હોય તો સાધકને યોગમાર્ગમાં પ્રવેશ સહેલાયથી નહિ થાય.
- પા.નં.૯૪૨માં નયલતા ટીકામાં નિક્ષેપની પરિભાષાથી સકૃદ્બંધકાદિને પૂર્વસેવા ઘટાવેલ છે જે પદાર્થ ઉપર કોઈ નવો જ પ્રકાશ પાથરે છે.
- પા.નં.૯૪૪માં સકૃદ્બંધકનું સાધનાચિત્ર અને અપુનર્બંધકનું સાધનાચિત્ર બરફના ટૂકડા અને આરસના ટૂકડાના દૃષ્ટાંતથી ગુજરાતી વિવેચનમાં સમજાવ્યું છે જે ખૂબ જ સરસ છે.
- પા.નં.૯૭૩માં ટીકામાં અન્ય ગ્રંથોમાં તો સમ્યગ્દૃષ્ટિ જીવ પર્યન્ત સુધી દ્રવ્યયોગ જ માનેલો છે તો તમે અહિંયા સમ્યગ્દૃષ્ટિને ભાવયોગનું વિધાન કેમ કરો છો ? તેનો જવાબ નિશ્ચયનયનું આલંબન લઈને આપેલો છે. તે ચર્ચા ખાસ વાંચવા જેવી છે.
- પા.નં.૯૭૪માં અપુનર્બંધકની અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિમાં નૈગમનયની શુદ્ધિના પ્રકર્ષનું કથન કર્યું છે. તેની છણાવટ નયલતા ટીકામાં ખૂબ જ આનંદ આપે છે.
- પા.નં.૯૭૫માં સંગ્રહાદિનયો સમ્યગ્દૃષ્ટિ જીવમાં શુદ્ધાનુષ્ઠાન કેમ ઈચ્છતા નથી ? તે અંગેની ચર્ચા ખૂબ જ રસપ્રદ છે 'દ્રવ્યયોગ' પદનો પ્રયોગ અપ્રધાન અને પ્રધાન અર્થમાં કયા નયથી છે ? તે વિચાર તેમાં દર્શાવ્યો છે. ટીકા વાંચતા નયોની વિવક્ષા દ્વારા પદાર્થની છણાવટ એટલી સ્પષ્ટ કરી છે કે વાંચનારને એક સાથે અનેક વસ્તુઓનો બોધ થઈ જાય છે.
- પા.નં.૯૯૬-૯૭ની ટીકામાં વિષયશુદ્ધ, સ્વરૂપશુદ્ધ અને અનુબંધશુદ્ધ અનુષ્ઠાનમાં નિશ્ચિતરૂપની અપેક્ષાએ અનુબંધશુદ્ધ અનુષ્ઠાન કે જે ભિન્નગ્રંથિ જીવને હોય છે ?, તે જ શ્રેષ્ઠ છે. તો પણ તેટલા માત્રથી તે પહેલાંની મિત્રાદિ દૃષ્ટિઓમાં આત્માની વિશુદ્ધિ સૂચક સ્થિતિનું જે વર્ણન શાસ્ત્રપાઠ દ્વારા કર્યું છે તે વિશેષ ધ્યાન ખેંચે છે અને તેથી સમ્યગ્દર્શન ન પામેલા જીવને પણ તે પામવા માટેનું આશ્વાસન મળે છે.
- અસદ્ગ્રહની નિવૃત્તિ થવા વડે અને સમ્યક્ તત્ત્વના અભિનિવેશ તેમજ ગુણગ્રાહી દૃષ્ટિ વડે કરીને મિત્રાદૃષ્ટિ અંતર્ગત અપુનર્બંધકપણું પણ મહાન જ છે. એના દ્વારા જ જીવ આગળ જતાં સમ્યક્ત્વ પામે છે.
- પા.નં.૧૦૩૩-૩૪માં સમ્યગ્દૃષ્ટિ જીવમાં રાગ હોતે છતે પણ શિષ્ટત્વ ઘટી શકે છે. તેની ચર્ચા ટીકામાં વિસ્તૃત છણાવટ સાથે કરેલી છે તે ખાસ જોવા જેવી છે.
- પા.નં.૧૦૪૧માં દોષક્ષય રૂપ શિષ્ટત્વ અમને માન્ય છે અને તે અતીન્દ્રિય હોવા છતાં શમ, સંવેગાદિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લિંગથી ગમ્ય છે અન્ય દર્શનકારોએ કરેલ શિષ્ટત્વનું લક્ષણ ખૂબ જ ક્લિષ્ટ છે અને તે સહેલાઈથી ઓળખી શકાતું નથી... વગેરે બાબતો દ્વારા જૈનદર્શનની શ્રેષ્ઠતા પુરવાર કરી છે.

- પા.નં.૧૧૧૦માં ટીકામાં 'પરમાત્માની આજ્ઞાનું પાલન તે જ પરમાત્માનો અનુગ્રહ છે' તે બાબતને બતાવતા ઉપમિતિ, લલિત વિસ્તરા વગેરેના પાઠો મૂકીને જૈન દર્શનનો ઈશાનુગ્રહ અન્યદર્શનકારોની માન્યતાથી કઈ રીતે જુદો પડે છે ? તે બતાવ્યું છે.
- પા.નં.૧૧૧૯માં ગુજરાતી વિવેચનમાં વિશેષાર્થમાં જ્ઞાનની શુદ્ધિ અને મલિનતા અંગે વિચારવિમર્શ ખાસ જોવા જેવો છે.
- પા.નં.૧૧૨૨માં ગુજરાતી વિવેચનમાં મધ્યસ્થતાનો અર્થ વિશેષ ધ્યાન ખેંચે છે.
- પા.નં.૧૧૪૪માં 'કર્મને પોતાનું ફળ બતાવવા જીવના પ્રયત્નની અપેક્ષા રહે છે' એ વિષયને સ્પષ્ટ કરવા ગુજરાતી વિવેચનમાં નંદિષેણ અને સાવદ્યાચાર્યનું દૃષ્ટાંત ખૂબ જ સુંદર છે.
- પા.નં.૧૨૦૨-૩માં ટીકામાં ચરમાવર્તમાં સામાન્યથી પુરુષાર્થની બળવત્તા હોવા છતાં બધા જ જીવો કેમ એક સાથે મોક્ષે જતા નથી ? તે માટે કાલનય અને ભાવનયની અપેક્ષાએ કરેલું સમાધાન તેમજ તે માટેની સમગ્ર ચર્ચા સારી રીતે જોવા જેવી છે.
- પા.નં.૧૨૦૫માં સ્યાદ્વાદ અને સર્વવસ્તુ નિયતાનિયત છે. અર્થાત્ નિશ્ચયનયથી બધું જ નિયત જ છે, નિશ્ચિત જ છે, જ્ઞાનીના જ્ઞાનમાં જોવાયેલું જ થાય છે. છતાં વ્યવહારનયે બધું અનિયત જ છે. કારણ કે આપણે અજ્ઞાની છીએ. તેથી જ વ્યવહારનયે મોક્ષમાર્ગમાં પુરુષાર્થની આવશ્યકતા છે અને તેથી જ નિશ્ચયનયથી જૈન શાસનને નિયતિવાદ માન્ય હોવા છતાં આજીવકમત જ્યારે એકાંત નિયતિવાદનું સ્થાપન કરીને કાર્યસિદ્ધિ માને છે ત્યારે ભગવાનના શાસનમાં એકાંત નિયતિવાદનું ખંડન કરીને પુરુષાર્થ દ્વારા કાર્યસિદ્ધિનું વિધાન પણ બતાવવામાં આવ્યુ છે. કારણ કે એક નયનું વિચિત્ર રીતે પ્રતિપાદન કરીને કાર્યની સિદ્ધિ બતાવવામાં આવે તો ત્યાં અન્ય નયની ઉપેક્ષા થતાં પ્રસ્તુતનય દુર્નય બની જાય છે.

પરંતુ જ્યારે સ્યાદ્વાદ પદ્ધતિથી નિયતાનિયત કાર્યની વ્યવસ્થા માન્ય કરવામાં આવે છે ત્યારે તેમાં આપેક્ષિક સત્ય હણાતું ન હોવાથી કોઈ પણ નય દુર્નય બનતો નથી- એ બતાવવા દ્વારા યુક્તિપૂર્વક દૈવ અને પુરુષાર્થની વ્યવસ્થા ખૂબ સંગીન રીતે બતાવવામાં આવી છે અને દરેક કાર્ય દૈવ પુરુષકાર ઉભય જન્ય હોવા છતાં ચરમાવર્તમાં પુરુષાર્થની જ મહત્તા હોવાથી ગ્રંથિભેદજનિત સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે પ્રચંડ અંતર્મુખી પુરુષાર્થની જ આવશ્યકતા છે- એ નિષ્કર્ષ આપ્યો છે.

સમગ્ર ગ્રંથમાં આવા આવા તો ઘણા રસ ઝરણા મૂક્યા છે જેનો સાચો આસ્વાદ તો ગ્રંથને સારી રીતે વાચંવાથી અને માણવાથી જ આવે. પ્રસ્તુત ગ્રંથની ટીકા અને વિવેચન કરનાર મુનિપ્રવરશ્રી વયમાં અને શ્રમણપર્યાયમાં મારાથી નાના હોવા છતાં જ્ઞાનાદિગુણોએ કરી અધિકાધિક છે. તેથી પોતે તીર્થસ્વરૂપ છે અનેકને તારવામાં નિમિત્ત બની રહ્યા છે. મહાપુરુષોના ગ્રંથો ઉપરની તેમની ટીકાઓ જોતાં તેમના અગાધ જ્ઞાનની પ્રતીતિ થાય છે. 'આટલા થોડા સમયમાં આટલો વિપુલ શાસ્ત્ર અભ્યાસ અને વિપુલ સાહિત્યનું સર્જન કેવી રીતે કરી શક્યા હશે ?' તેની કલ્પના કરતાંય આશ્ચર્ય મુગ્ધ બની જવાય છે તો તેમના વિપુલ સાહિત્યને સારી રીતે વાંચતા તો કયો આનંદ ન પમાય ? તે ખાસ વિચારણીય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંતે એક મહત્વની વાત કે વ્યવહારનય વસ્તુનો સ્થૂલ બોધ કરાવે છે. નિશ્ચયનય દ્વારા આત્માદિ પદાર્થોની સૂક્ષ્મતાને આંબી શકાય છે. પ્રમાણ દ્વારા વસ્તુનો સંપૂર્ણ અને યથાર્થ બોધ થાય છે. આમ નય અને પ્રમાણ વસ્તુનો બોધ કરાવીને ચરિતાર્થ થઈ જાય છે. પરંતુ તેનાથી મોક્ષમાર્ગ એક ડગલું પણ સાધકો આગળ વધી શકતા નથી. તેથી નય અને પ્રમાણ દ્વારા આત્મા વિ.નો યથાર્થ બોધ થાય તે જ પર્યાપ્ત નથી. આપણે તો આત્માનું જેવું વાસ્તવિક શુદ્ધ સ્વરૂપ છે તેવું પામીને દુઃખથી સદાને માટે મુક્ત બની આત્માનંદના મહોદધિમાં ઝીલવાનું છે. તેને માટે ત્યાં નયપક્ષ કામ લાગતા નથી. ત્યાં તો સાધનાની જ જરૂર છે અને સાધના દ્વારા આનંદની પ્રાપ્તિ એ તો સ્વભાવના અવલંબને જ પ્રાપ્ત થાય છે. તે સ્વભાવ છે દ્રવ્યસ્વભાવ અને પર્યાયસ્વભાવ. વસ્તુ માત્રમાં આ બે સ્વભાવ રહેલા છે. જેમાં દ્રવ્યસ્વભાવ ત્રિકાળ સ્થાયી છે. પર્યાયસ્વભાવ ક્ષણિક છે. પોતાના ત્રિકાળ સ્થાયી સ્વરૂપમાં રહીને સમયે સમયે પલટાવું તે વસ્તુનો સ્વભાવ છે. આનંદ વેદન પર્યાયમાં અનુભવાય છે પણ તે માટે ક્ષણે ક્ષણે પરિવર્તન પામતા પર્યાય સ્વભાવ ઉપર દૃષ્ટિ કરવાથી તે પ્રાપ્ત થતું નથી. તે માટે તો જ્ઞાનીઓ પર્યાય દૃષ્ટિની સર્વથા ઉપેક્ષા કરી, નય પક્ષથી પણ અતિક્રાન્ત થઈ ત્રિકાળી, ધ્રુવ દ્રવ્યસ્વભાવ કે જે કારણ-પરમાત્મા છે જે કારણ-સમયસાર છે તેના ઉપર જ સદા દૃષ્ટિ રાખવાનું અને તેના મય બનવાનું કહે છે. ત્રિકાળી, ધ્રુવ, દ્રવ્ય સ્વભાવ ઉપર દૃષ્ટિને સ્થિર કરવાથી ત્રિકાળી, દ્રવ્ય પોતે પરમ પારિણામિકભાવ રૂપ શુદ્ધ હોવાથી અને પર્યાયે તેનું સતત અવલંબન લીધેલ હોવાથી પર્યાયમાં સમયે સમયે વિશુદ્ધિ અનુભવાય છે અને આગળ જતા દ્રવ્યદૃષ્ટિનું આલંબન પ્રબળ થયે છતે પર્યાયમાં સંપૂર્ણ વિશુદ્ધિ અનુભવાતા આત્મા પોતે પરમાત્મા બને છે. કારણ પરમાત્માના-કારણ સમયસારના અવલંબને કાર્ય પરમાત્મા, કાર્ય સમયસારની પ્રાપ્તિ થાય છે અને આત્મા સર્વથા દુઃખથી મુક્ત બનીને સાદિ અનંતકાળ સુધી અનંત આનંદનો ભોક્તા બને છે.

સૌ કોઈ આત્માઓ પ્રસ્તુત ગ્રંથના તલસ્પર્શી અભ્યાસ દ્વારા નયપક્ષના અવલંબને વસ્તુ તત્ત્વનો યથાર્થ બોધ પામી- વસ્તુ તત્ત્વનો યથાર્થ નિર્ણય કરી આખરે નયપક્ષથી પણ અતિક્રાન્ત થઈ દ્રવ્યદૃષ્ટિ પ્રધાન સાધના માર્ગ અપનાવી કારણ સમયસારમાંથી કાર્ય સમયસારને પામે એ જ એકની એક સદાની શુભાભિલાષા.

शिवास्ते पन्थानः

વિ.સં.૨૦૫૯ના
અષાડ સુદ-૧૫
બાબુ અમીચંદ પન્નાલાલ જૈન દહેરાસર
રીઝ રોડ, વાલકેશ્વર,
મુંબઈ-૬.

સિદ્ધાન્તદિવાકર, ગચ્છાધિપતિ
આચાર્યદેવશ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી**
મહારાજના આજ્ઞાવર્તી પંન્યાસ
**મુક્તિદર્શન** વિજય ગણી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૪ થી ૧૮ બત્રીસીનો ટૂંકસાર

## ૧૪. અપુનર્બંધકદ્વાત્રિંશિકા : ટૂંકસાર

૧૩મી બત્રીસીમાં મુક્તિઅદ્વેષના ક્રમથી યોગપૂર્વસેવાનો અધિકાર મળે છે- એમ જણાવેલ. તેમાં પણ સૌપ્રથમ જીવ અપુનર્બંધક બનતો હોવાથી ૧૪મી બત્રીસીમાં ધર્માધિકારી તરીકે અપુનર્બંધકનું વિસ્તારથી નિરૂપણ ગ્રંથકારશ્રીએ કરેલ છે. પ્રારંભમાં જ મહોપાધ્યાયજી મહારાજ કહે છે કે અપુનર્બંધક જીવ ધર્મનો અધિકારી છે. ભવાભિનંદીના દોષો રવાના થતાં સુદ (=શુકલ) પક્ષના ચંદ્રની જેમ પ્રાયઃ વધતા ગુણવાળો જીવ અપુનર્બંધક કહેવાય છે. (ગા.૧) અપુનર્બંધક જીવનો પરિણામ આંશિક રીતે મોક્ષને અનુકૂળ હોય છે. ગુરુસેવા વગેરે કરવા પાછળ તેના અંતઃકરણમાં મુખ્યતયા આત્મકલ્યાણનો આશય હોય છે. તેથી તેની પૂર્વસેવા વાસ્તવિક જાણવી. સકૃદ્બંધક વગેરે જીવોની પૂર્વસેવા ઉપચારથી હોય છે. કારણ કે તેઓમાં તેવા પ્રકારનો સંસારનો વૈરાગ્ય હોતો નથી. (ગા.૨) સકૃદ્બંધકમાં ઉપચારથી = ગૌણરૂપે પૂર્વસેવા કહી શકાય. કારણ કે તેવા જીવો પરમાર્થથી આત્મવિચારણા વિનાના અને સંસારના સ્વરૂપ વિષે ઊહાપોહથી રહિત હોય છે. આમ કર્મસ્વરૂપ મલ પુષ્કળ હોવાથી તેમનામાં પૂર્વસેવા ઉપચારથી = ગૌણરૂપે હોય, મુખ્યરૂપે નહિ. માર્ગાભિમુખ અને માર્ગપતિત (= માર્ગપ્રવિષ્ટ) પણ અપુનર્બંધકની વિશેષ અવસ્થા છે. અમુક આચાર્યના મતે તે બન્ને અપુનર્બંધક કરતાં નિમ્ન ભૂમિકાએ રહેલા છે. પરંતુ આ વાતનો ગ્રંથકારશ્રી નિષેધ કરે છે. ફલિતાર્થરૂપે ગ્રન્થકારશ્રી કહે છે કે જે જીવમાં તીવ્ર સંકલેશ ન હોય અને ઉત્તરોત્તર ચઢિયાતી કલ્યાણની પરંપરાને લાવે એવી જેની પ્રકૃતિ હોય તેની જ પૂર્વસેવા મુખ્ય કહેવાય. (ગા.૩ થી ૬)

અપુનર્બંધક જીવ ભદ્રક પ્રકૃતિવાળો હોવાથી શાંત અને ઉદાત્ત બને છે. અને તે ગ્રન્થિદેશની નજીક પહોંચતો જાય છે. જે ક્રોધ વગેરેથી હેરાન ન થાય તેને શાંત કહેવાય અને જેનું અંતઃકરણ ઉમદા હોય તે ઉદાત્ત કહેવાય. આવો જીવ સંસારના કારણ, સ્વરૂપ અને ફળની વિચારણા કરે છે. તે આ રીતે - ''સંસારમાં જીવ કર્મથી યુક્ત છે અને સાધનાથી કર્મ ખપાવી મુક્ત થાય છે. તેથી તે નિત્યાનિત્ય છે. આમ કર્મ સંસારનું કારણ છે. સંસાર દુઃખોથી વ્યાપ્ત છે અને સ્વરૂપથી જન્મ-જરા-મરણમય છે. આવા સંસારનું ફળ માત્ર કલેશ જ છે.'' આવી વિચારણા પછી જીવ સંસારના ઉચ્છેદની વિચારણા કરે છે. અને વિવિધ દર્શનોનો અને આત્મગુણોનો અભ્યાસ કરતા કરતા તેની વિચારણા ઉજ્જવળ બને છે. (ગા.૭ થી ૧૩)

જે જીવને મોક્ષની સાથે જોડે તે યોગ કહેવાય. આ સમયે કર્મપ્રકૃતિનું જીવ પરથી આધિપત્ય ઓછું થાય છે. - આ પ્રમાણે યોગાચાર્ય **ગોપેન્દ્ર**ના વચનને સમર્થન કરતા બીજા દર્શનકારો પણ કહે છે કે વિષય-કષાયને પ્રતિકૂળ એવી ચિત્તવૃત્તિવાળા = પ્રતિશ્રોતગામી જીવમાં યોગ હોય છે. અપુનર્બંધકને પૂજા વગેરે ક્રિયાથી લાંબા સમયે મોક્ષનો યોગ થવાથી તે દ્રવ્યયોગ કહેવાય. અને જેનું ચિત્ત મોક્ષમાં હોય એવા સમકિતી જીવને ભાવથી યોગ હોય છે. જેમ પરપુરુષમાં આસક્ત સ્ત્રી પોતાના પતિની સેવા કરે તે માત્ર દેખાવ છે તે રીતે મોક્ષમાં મન રહેલું હોય તેવા સમકિતીની સંસારની પ્રવૃત્તિ માત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેખાવ છે. તે પ્રવૃત્તિ સમકિતીને કર્મબંધકારી નથી. તથા સમકિતીની શુશ્રૂષા વગેરે ક્રિયા પણ શુદ્ધ શ્રદ્ધાને અનુસરનારી હોય છે. **યોગબિંદુ**માં કહેલ છે કે - સ્ફુરાયમાન રત્નતુલ્ય અંતઃકરણ હોતે છતે વીર્યોલ્લાસની પ્રબળતાથી અને અંતઃકરણની દૃઢતાથી સમકિતીનું અનુષ્ઠાન કાયમ શુદ્ધ જ હોય છે. (ગા.૧૪ થી ૧૮)

આત્મા, ગુરુ અને નિમિત્ત-આ ત્રણ પ્રત્યયથી સમકિતી સદાશુદ્ધ પ્રવૃત્તિ કરે છે. તે પ્રવૃત્તિ શાસ્ત્રમાન્ય અને આત્મશુદ્ધિપ્રેરક હોવાથી યોગસ્વરૂપ બને છે. સમાધિ અને યોગ માટે ચિત્તની ચંચળતા અવરોધક છે. માટે અદૃશ્ય એવા આત્મા, કર્મ, મોક્ષ વગેરે પદાર્થો માટે આસન્ન મોક્ષગામી જીવ શાસ્ત્રને જ પ્રમાણભૂત માને છે, જેથી ચિત્ત સ્વસ્થ રહે. (ગા.૧૯-૨૦)

આગળ જતાં ગ્રન્થકાર શ્રીમદ્જીએ અનુષ્ઠાનના ત્રણ પ્રકાર દર્શાવેલ છે. - વિષય, આત્મા અને અનુબંધથી શુદ્ધ અનુષ્ઠાન. ત્રણે અનુષ્ઠાન ક્રમે કરીને ઉત્તરોત્તર ચઢિયાતા છે. કાશીએ માથા ઉપર કરવત મૂકાવવાથી મોક્ષ થાય- એમ સમજીને જૈનેતર લોકો એવી જે પ્રવૃત્તિ કરે છે તે વિષયથી શુદ્ધ અનુષ્ઠાન છે. આ સ્વરૂપથી પાપબહુલ હોવા છતાં મોક્ષનો ભાવ ભળેલ હોવાથી તેટલા અંશે સુંદર કહી શકાય. પૂરણ તાપસ વગેરેની જેમ જે વ્યવહારથી યમ-નિયમ પાળતા હોય તેની આરાધના સ્વરૂપશુદ્ધ કહેવાય. શાંતવૃત્તિથી આત્મતત્ત્વજ્ઞાન સહિત યમ-નિયમાદિનું પાલન તે અનુબંધશુદ્ધ અનુષ્ઠાન કહેવાય. કેટલાકના મતે વિષયશુદ્ધ અનુષ્ઠાન પણ ભવાંતરમાં મોક્ષને યોગ્ય સામગ્રી આપે છે.

દેડકાના ચૂર્ણમાં વરસાદ પડતા નવા દેડકાઓ જન્મે એ રીતે દોષો જેના ઉત્તરકાળમાં આવવાના હોય તેવું સ્વરૂપ શુદ્ધ અનુષ્ઠાન જાણવું. માટે ગુંડાઓ સાથે ભળી ગયેલ ખરાબ રાજાના કિલ્લાની જેમ તે વિવેકશૂન્ય મનાયેલ છે. જ્યારે અનુબંધશુદ્ધ અનુષ્ઠાનમાં લાભ-નુકસાનની વિચારણા હોવાથી તે સાનુબંધ લાંભ કરાવે છે. તે ઘરના મજબૂત પાયા તુલ્ય છે. (ગા.૨૧ થી ૨૬)

સમકિતી ત્રણ પ્રત્યયથી શુદ્ધ પ્રવૃત્તિ કરે. આત્મપ્રત્યય = પોતાને પસંદ હોય. ગુરુપ્રત્યય = ગુરુની રજા હોય અને નિમિત્તપ્રત્યય = તેવી પ્રવૃત્તિ શરૂ કરતાં વાજીંત્રોનો અવાજ વગેરે પ્રશસ્ત શુકન થાય. આ ત્રણ પ્રત્યય પૂર્વકની કાર્યસિદ્ધિ પ્રાયઃ તાત્ત્વિક હોય. એક કાર્યસિદ્ધિ બીજી કાર્યસિદ્ધિને અપાવે તો તે તાત્ત્વિક સિદ્ધિ કહેવાય. તેવી સિદ્ધિ માટે સદ્યોગારંભક જીવ આ ત્રણ પ્રત્યયની અપેક્ષા રાખે છે. જેમ શ્રેષ્ઠ મોરના ઈંડામાં વિશિષ્ટ શક્તિ હોય છે તેમ સદ્યોગારંભકમાં વિશિષ્ટ શક્તિ હોય છે. માટે આવું સર્વોત્તમ અનુષ્ઠાન સમકિતી જીવમાં જ માન્ય છે. (ગા.૨૭ થી ૩૧) આ રીતે વિવિધ દર્શનશાસ્ત્રમાં જણાવેલ તમામ આરાધના અલગ અલગ અવસ્થાને આશ્રયીને અપુનર્બંધક જીવમાં સારી રીતે સંગત થઈ શકે છે. (ગા.૩૨)

## ૧૫. સમ્યગ્દૃષ્ટિ દ્વાત્રિંશિકા : ટૂંકસાર

૧૪મી બત્રીસીમાં જણાવેલ અપુનર્બંધક દશા પ્રાપ્ત થાય બાદ ગ્રન્થિભેદ કરીને જીવ સમ્યગદૃષ્ટિ બને છે. માટે ૧૫મી બત્રીસીમાં સમ્યગ્દૃષ્ટિ જીવનું વિસ્તારથી નિરૂપણ કરેલ છે. સમ્યગ્દર્શનના લિંગ, સમકિતી પ્રાપ્તિની પ્રક્રિયા, સમ્યગ્દર્શનનો મહિમા-ફળ તથા સમકિતીની સાંસારિક બતાવ્યા પ્રવૃત્તિ બાદ સમકિતી અને બોધિસત્ત્વની સરખામણી કરેલ છે. ત્યાર પછી અત્યંત વિસ્તારથી ગંભીરપણે શિષ્ટ લક્ષણની નવ્યન્યાયની પરિભાષાથી અહીં વિસ્તૃત મીમાંસા કરવામાં આવેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાગદ્વેષનો અત્યંત તીવ્ર પરિણામ (= ગ્રંથિ) ભેદનાર સમ્યગ્દૃષ્ટિ કહેવાય. તે શુશ્રૂષા, ધર્મરાગ અને ગુરુ-દેવાદિની પૂજા-આ ત્રણ ચિહ્ન દ્વારા ઓળખાય છે. (ગા.૧) ગીત-સંગીતપ્રિય યુવાનને પોતાનું અતિપ્રિય ગીત સાંભળવાની જે તાલાવેલી હોય તેના કરતા સમકિતીની શુશ્રૂષા = જિનવચનશ્રવણની ઈચ્છા તીવ્ર હોય છે. દુર્લભ એવા જિનવચનને સાંભળવા તે ઝંખે છે અને રાખના પડીકા જેવા સંસારમાં તે ખેંચાતો નથી. ભોગીને સ્ત્રીનો જે રાગ હોય તેના કરતાં સમકિતીને ભાવથી ચારિત્રને વિશે વધુ રાગ હોય છે. કદાચ તેની પ્રવૃત્તિ ચારિત્રથી વિપરીત પણ હોય. જેમ કે ઘેબર અત્યંત પ્રિય હોય એવો બ્રાહ્મણ જંગલની મુસાફરીમાં પોતાની પાસેનું પાથેય ખૂટી જતાં બીજાએ આપેલ કોહવાયેલ કે વાસી ભોજન પણ વાપરે પણ તે બ્રાહ્મણનું મન ઘેબર તરફ ખેંચાયેલું હોય છે તેમ સમકિતીનું મન ચારિત્ર તરફ જ ખેંચાયેલું હોય છે. વળી સમકિતી યથાશક્તિ દેવ અને ગુરુની પૂજા કરે છે. તેમાં તે પોતાનાં ભોગસુખની ખણજ પોષતો નથી. આ ત્રણ ચિહ્નો દ્વારા સમકિતનું અનુમાન કરી શકાય. (ગા.૨-૬)

અનાદિકાળથી જીવ જે કર્મનિર્જરા કરી રહ્યો છે તે યથાપ્રવૃત્તકરણ કહેવાય. તેમ કરતા કરતા જીવ ગ્રંથિદેશમાં પહોંચે છે. તે ગ્રંથિને ભેદવાનું કામ જેનાથી કરે તે અપૂર્વકરણ કહેવાય. ત્યાર બાદ જીવને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. તેને અનિવર્તિકરણ = અનિવૃત્તિકરણ કહેવાય. આમ ત્રીજા કરણમાં આવેલા જીવમાં સમ્યક્ત્વ તથા શુશ્રૂષા વગેરે ત્રણ ચિહ્નો પ્રગટ થાય છે. આ જીવ કદાચ સમકિતથી ભ્રષ્ટ થઈ મિથ્યાત્વે જાય તો પણ તેને કર્મબંધ અલ્પ જ થાય. કારણ કે તેના પરિણામ અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ કરતાં સારા જ હોય છે. આમ કહીને ગ્રંથકારશ્રીએ બૌદ્ધ દર્શનમાં માન્ય બોધિસત્ત્વની વાત જૈનદર્શનમાન્ય ચતુર્થગુણસ્થાનકવાળા જીવમાં સંગત થઈ જાય છે- એવું સિદ્ધ કરેલ છે.(ગા.૭ થી ૧૦)

ગ્રંથકારશ્રીએ સમકિતી જીવની સાંસારિક પ્રવૃત્તિ તપેલા લોખંડના ગોળા પર પગ મૂકવા જેવી જણાવેલ છે. જંગલમાં પાછળ પડેલા વાઘથી જાન બચાવવા ભાગતો યુવાન વચ્ચે અંગારા ભરેલી લાંબી ખાઈ આવે અને તેમાં લોખંડના લાલચોળ તપેલા ગોળા પરથી પગ મૂકી પસાર થાય ત્યારે તે પગ મૂકે તો પણ અડધો મૂકે, ઓછામાં ઓછા ગોળા પર પગ મૂકે, કંપતા હૈયે મૂકે અને ઝડપથી પાછો ઉંચકી લે. સમકિતીની પાપની પ્રવૃત્તિ, તેવી જાણવી. આમ બૌદ્ધદર્શનકારોની 'બોધિસત્ત્વ માત્ર કાયપાતી જ હોય, ચિત્તપાતી નહિ' આ વાત સમકિતીમાં સિદ્ધ થાય છે. વળી, બોધિસત્ત્વની ઉચ્ચ ભૂમિકામાં બૌદ્ધો જે લક્ષણો જણાવે છે જેવા કે પરાર્થરસિકતા, બુદ્ધિશાળીપણું, માર્ગગામીતા, મહાશયસંપન્નતા, ગુણાનુરાગ વગેરે પણ સમકિતીમાં જણાય જ છે. (ગા.૧૧-૧૨)

'બોધિસત્ત્વ' શબ્દના બે રીતે અર્થ થાય. (૧) બોધિ = સમ્યગ્દર્શનપ્રધાન એવો સત્ત્વ = જીવ. અથવા (૨) ભવિષ્યમાં તીર્થંકર થનારા એવા સદ્બોધિસંપન્ન જીવ એટલે બોધિસત્ત્વ. આવા બોધિસત્ત્વ જીવોમાંથી પરોપકાર દ્વારા તમામ ભવ્ય જીવોને મોક્ષમાર્ગે આગળ વધારવાની ભાવના કરનારા કેટલાક જીવો તીર્થંકર બને છે. તથા સ્વજન વગેરેને તારવાની ભાવના કરનારા કેટલાક જીવો ગણધર ભગવંત બને છે. અને જે વૈરાગી સાધક માત્ર આત્મકલ્યાણને સાધવા પ્રયત્નશીલ બને તે સામાન્યકેવલી થાય છે. પ્રાસંગિકરૂપે ભવ્યત્વ અને તથાભવ્યત્વની વિચારણા કરીને તીર્થંકર થવામાં વિશિષ્ટ તથાભવ્યત્વને નિયામક બતાવેલ છે. લલિતવિસ્તરા ગ્રંથના આધારે પ્રસ્તુત પ્રઘટ્ટક ગ્રંથકારશ્રીએ વધુ સ્પષ્ટ અને પારદર્શક બનાવેલ છે. (ગા.૧૩ થી ૧૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેના દોષો ક્ષીણ થયા હોય તે પુરુષ શિષ્ટ કહેવાય. માટે સંપૂર્ણ શિષ્ટત્વ સિદ્ધ જીવમાં અથવા કેવળજ્ઞાનીમાં આવે. તથા સમકિતીમાં આંશિક શિષ્ટત્વ આવી શકે. (ગા.૧૬) બ્રાહ્મણોના મતે 'વેદો પ્રમાણ છે' એમ માને તે શિષ્ટ પુરુષ છે. પણ ગ્રન્થકારશ્રી કહે છે કે આ માન્યતા બરાબર નથી. કારણ કે બળજબરીથી આવું બૌદ્ધ પાસે મનાવીએ તો બૌદ્ધ પણ તેમની દૃષ્ટિએ શિષ્ટ ગણાવા જોઈએ. તથા સૂતેલો બ્રાહ્મણ વેદને વિશે તટસ્થ (=પ્રમાણ્યજ્ઞાનશૂન્ય) હોવાથી તેને શિષ્ટમાં ગણી શકાશે નહીં. વળી વેદના પુસ્તક પર બૌદ્ધશાસ્ત્રનું નામ જોવાથી ભૂલમાં 'આ શાસ્ત્ર અપ્રમાણ છે' એમ બોલનાર બ્રાહ્મણ પણ શિષ્ટપુરુષ નહિ ગણાય. તથા બ્રાહ્મણમાંથી તે જીવ ભવાંતરમાં કાગડો બને તો ત્યારે પણ તે જીવમાં 'શિષ્ટત્વ' (બ્રાહ્મણભવમાં હતું તેથી) સ્વીકારવું પડશે. આના કારણે માત્ર બ્રાહ્મણોને શિષ્ટ ગણવાની વાત અસંગત થશે. તથા 'વેદ પ્રમાણભૂત છે' એવા ઉત્કૃષ્ટ જ્ઞાનનું અવચ્છેદક = કારણરૂપ શરીર કાગડા પાસે ન હોવાથી કાગડાને જો 'શિષ્ટ' ન માનીએ તો અશરીરી એવા ઈશ્વર પાસે તો ઉપરોક્ત જ્ઞાનનું કારણ એવું શરીર ન હોવાથી તેને પણ શિષ્ટ માની નહિ શકાય. (ગા.૧૭ થી ૨૧)

ત્યાર બાદ નવ્યન્યાયની પરિભાષા અને તેના ઉપયોગને ચરમસીમાએ પહોંચાડીને મહોપાધ્યાયજી મહારાજે **પદ્મનાભ**ના મતનું પ્રદર્શન-પરિષ્કાર તથા નિરાકરણ કરીને પોતાની તાર્કિક શક્તિનો પરચો દેખાડેલ છે. (૧) ઉત્કર્ષ અને અપકર્ષ જાતિસ્વરૂપ નથી પરંતુ પરિવર્તનશીલ છે. (૨) તત્ તત્ સંબંધાભાવકૂટપ્રવેશ દુર્ગ્રાહ્ય છે. (૩) વેદઅપ્રામાણ્યગ્રહધ્વંસઅનાધારતાઘટિત શિષ્ટલક્ષણમાં અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ દુર્વાર બને છે. (૪) વેદમાં સાપેક્ષભાવે પ્રામાણ્ય તો સ્યાદ્વાદીને પણ માન્ય છે. (૫) સમકિતીએ ગ્રહણ કરેલ મિથ્યાશ્રુત પણ સમ્યગ્ બને છે. (૬) પ્રમાણત્વના સ્વરૂપ પણ અનેકવિધ છે. (૭) યુક્તિઉપજીવ્યત્વ તો વૈદિક અને જૈનમતમાં તુલ્ય છે. (૮) તીર્થંકર ભગવંતના સર્વવચનો યુક્તિગ્રાહ્ય છે જ. (૯) અન્યદર્શનના સંગત અર્થનો સ્વીકાર નિગ્રહસ્થાન નથી. (૧૦) પ્રામાણ્યપ્રયોજક વેદત્વ નથી પણ સત્યત્વ છે. (૧૧) શિષ્ટત્વ પણ તરતમ ભાવવાળું છે. આ મુખ્ય ૧૧ અગ્નિશસ્ત્ર દ્વારા **પદ્મનાભમત**નું ગ્રંથકારશ્રીએ નિરાકરણ કરેલ છે. (ગા.૨૨ થી ૩૧)

છેલ્લી ગાથામાં વેદવિહિતઅર્થનું અનુષ્ઠાતૃત્વરૂપ શિષ્ટત્વ તથા અદૃષ્ટસાધનતા વિષયક મિથ્યાજ્ઞાનાભાવ સ્વરૂપ શિષ્ટત્વની પણ મહોપાધ્યાયજીએ સમાલોચના કરીને જૈનદર્શન માન્ય દોષક્ષયસ્વરૂપ શિષ્ટલક્ષણની અચલ પ્રતિષ્ઠા કરી છે. આ બત્રીસીના ઉત્તરાર્ધમાં નવ્યન્યાયની પરિભાષાની ગૂઢતા-કર્કશતા-સૂક્ષ્મતા આંખે ઉડીને વળગે તેવી છે. એકંદરે વાચકવર્ગને આ બત્રીસીના ઉત્તરાર્ધમાં શાંતચિત્તે બૌદ્ધિક કસરત કરવાની આવશ્યકતા રહે તેમ છે.

## ૧૬. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા : ટૂંકસાર

ભગવાનના અનુગ્રહ-કરુણા-કૃપા-દયાને દરેક આસ્તિક દર્શનકારો કોઈને કોઈ સ્વરૂપે સ્વીકારે છે. પરંતુ ભગવાનનો અનુગ્રહ એટલે શું ? તેનું તાત્ત્વિક સ્વરૂપ શું છે ? આ અંગે વિવિધ દર્શનશાસ્ત્રોમાં અનેક માન્યતાઓ પ્રવર્તે છે. ગ્રંથકારશ્રીએ ભગવદ્અનુગ્રહ અંગે ખાસ કરીને પાતંજલ મતનું નિરૂપણ અને સમીક્ષણ કરી જૈનદર્શનમાં ભગવદ્અનુગ્રહ કેવા સ્વરૂપે માન્ય છે ? તેનું સચોટ નિરૂપણ ૧૬મી બત્રીસીમાં કરેલ છે.

પાતંજલ વિદ્વાનો યોગની સિદ્ધિનું કારણ મહેશ્વરનો અનુગ્રહ માને છે. તેમના મતે મહેશ્વર ત્રણે કાળના ક્લેશ, કર્મ, કર્મના ફળ અને સંસ્કારથી અસંબદ્ધ છે. (ગા.૧) પાતંજલોના મતે ઈશ્વરમાં અપ્રતિહત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

= સહજ એવું જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય અને ધર્મ - આ ચારેય તત્ત્વ અનાદિકાળથી છે. ઈશ્વરમાં સાત્ત્વિક પરિણામ પરાકાષ્ઠાનો છે. તે પરિણામ ઈન્દ્રિય દ્વારા આવેલ નથી. કારણ કે ઈન્દ્રિયને ઘણી બધી મર્યાદા છે. ઈન્દ્રિયપ્રણાલિકા વિના ઉત્પન્ન થતા જ્ઞાનાદિપરિણામો અપરિમિત છે. તેથી ઈશ્વરમાં સર્વજ્ઞતાની સિદ્ધિ થાય છે. કપિલ વગેરે મહર્ષિના પરમગુરુ ઈશ્વર છે. તે સર્વશક્તિસંપન્ન ઈશ્વરની ઈચ્છાનુસાર આખું જગત કર્મ મુજબ પ્રવર્તે છે. (ગા.૧ થી ૪)

ગ્રંથકારશ્રી પાતંજલમતની સમાલોચન કરતા જણાવે છે કે ''ઈશ્વરના અનુગ્રહથી જ યોગ ઉત્પન્ન થાય છે" આવી પાતંજલોની વાત બરાબર નથી. કારણ કે (૧) જે જીવમાં યોગ્યતા ન હોય તેવા જીવમાં ઈશ્વર યોગને ઉત્પન્ન કરી ન શકે. જેમ જડ એવા અણુને ઈશ્વર ક્યારે પણ જીવ બનાવી શકતો નથી. (૨) વળી 'ઈશાનુગ્રહથી પુરુષને યોગસિદ્ધિ મળે છે.' એમ માનવાથી આત્મા કૂટસ્થ નિત્ય = અપરિણામી = એક જ સ્વભાવવાળો માનવાની વાત પણ અસંગત બને છે. કારણ કે પુરુષમાં પૂર્વ યોગ ન હતો અને પછી યોગની ઉત્પત્તિ થાય છે. માટે આત્માને પરિણામી જ માનવો પડે. (૩) જો ઈશ્વરમાં અનુગ્રહ કરવાનો સ્વભાવ એક સરખો હોય તો બધા જીવોને યોગસિદ્ધિ, મુક્તિ વગેરે ફળ એક સાથે જ મળી જાય. પણ તેવું ન બનવાને લીધે ઈશ્વરના અનુગ્રાહક સ્વભાવમાં વિવિધતા માનવી જરૂરી બની જાય છે કે જે પાતંજલોને માન્ય નથી. (ગા.૫-૬)

જંગલમાં ભૂલા પડેલાને રસ્તો બતાવનાર ભોમિયા જેવા પરમાત્માની આજ્ઞાને / સૂચનાને પાળીને ભવાટવીનો પાર પામનારા જીવો ઈશ્વરનો અનુગ્રહ માને છે. આ રીતે ઈશ્વરનો અનુગ્રહ જૈનોને માન્ય છે, પણ આદેશ કરીને જીવોને સ્વર્ગે મોકલવા રૂપે નહિ. ગ્રંથકારશ્રી પોતાની મધ્યસ્થતાને જણાવતા કહે છે કે પતંજલિએ જે કહેલ છે કે 'પ્રણવ દ્વારા ઈશ્વરનો જાપ કરવાથી વિઘ્નનાશ થાય છે.' - આ વાત તો વ્યાજબી જ છે, જૈનદર્શનને માન્ય જ છે.- એવું હૃદયંગમ રીતે મહોપાધ્યાયજી મહારાજે પ્રતિપાદન કરેલ છે. (ગા.૭-૮) કહેવાનો આશય એ છે કે 'यन्माधवेनोक्तं तत्र' આવી નીતિ ગ્રંથકારશ્રીએ અપનાવેલ નથી. પરંતુ અન્ય દર્શનની પણ સાચી વાતનો યોગ્ય દૃષ્ટિકોણથી સ્વીકાર કરવાની ઉદારતા અને મધ્યસ્થતા શ્રીમદ્જીએ આત્મસાત્ કરેલ છે.

ઈશ્વરના જાપથી વિઘ્નોચ્છેદ થાય છે. વિઘ્ન નવ પ્રકારે છે. - વ્યાધિ, સ્ત્યાન, પ્રમાદ, આળસ, વિભ્રમ, સંદેહ, અવિરતિ, ભૂમિઅલાભ, અનવસ્થાન. (૧) ધાતુની (વાત-પિત્ત-કફની) વિષમતાથી જ ઉત્પન્ન થાય તે વ્યાધિ કહેવાય. (૨) કામ શરૂ જ ન કરવું તે સ્ત્યાન = અકર્મનિષ્ઠતા. (૩) શરૂ કરેલ કામને આગળ ધપાવવાનો પ્રયત્ન મૂકી દેવો તે પ્રમાદ. (૪) સમાધિના સ્થાનમાં ઉદાસીનતા તે આળસ. (૫) શરીરમાં આત્મબુદ્ધિ તે વિભ્રમ (૬) 'આ યોગસાધના થશે કે નહિ ?' આવી ડામાડોળ દશા તે સંદેહ (૭) આકર્ષણના કારણે બાહ્ય વિષયોથી ન અટકવું તે અવિરતિ. (૮) સમાધિની ભૂમિકા ન મળવી તે ભૂમિઅલાભ. અને (૯) સમાધિની ભૂમિકા મળે પણ તેમાં મન સ્થિર ન થવું તે અનવસ્થા. (ગા.૯ થી ૧૨)

જાપના લીધે સોપક્રમ વિઘ્નો નાશ પામે છે અને નિરુપક્રમ વિઘ્નોની અનુબંધશક્તિ ભાંગે છે. જાપથી મનોવૃત્તિ બહાર દોડતી નથી. આથી જ્ઞાન અંતર્મુખ થઈ સતત નિર્મળ બને છે. આમ જાપના પ્રણિધાનથી વિઘ્નનાશ અને પ્રત્યક્ ચૈતન્ય = અંતર્મુખતારૂપ લાભ થાય છે. પૂજા કરતાં સ્તોત્ર ક્રોડ ગણું ફળ આપે. સ્તોત્ર કરતા જાપ, જાપ કરતા ધ્યાન અને ધ્યાન કરતા લય ક્રોડગણું ફળ આપે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. માટે પૂર્વાચાર્યોએ જાપને ધ્યાનની વિશ્રામભૂમિકા કહેલ છે. (ગા.૧૩-૧૫)

**'કાલાતીત'** નામના યોગાચાર્યના મતે દેવ વગેરેની ઉપાસનાનો માર્ગ સર્વ ધર્મોમાં એક સરખો જ છે, તે તે સંપ્રદાયમાં દેવના નામ ભલે અલગ અલગ હોય. તે દેવો આધ્યાત્મિક ઐશ્વર્યયુક્ત જ છે. માટે વિવિધ ધર્મમાં દેવના વિશેષ ગુણધર્મોની કલ્પના અર્થહીન છે. તે એટલા માટે કે વર્તમાનના અસર્વજ્ઞ જીવોને અરિહંત, બુદ્ધ વગેરેમાં ભેદભાવનું પૂર્ણજ્ઞાન પ્રત્યક્ષ રીતે થતું નથી અને ભેદભાવ માટે રજૂ કરાતી વિવિધ પ્રકારની યુક્તિઓ પણ પરસ્પર વિરુદ્ધ હોય છે. અને ઈશ્વરની ભક્તિના મુખ્ય ફળ સ્વરૂપે ક્લેશક્ષય તો બધા દર્શનમાં સમાનરૂપે જ બતાવેલ છે. માટે ઈશ્વરમાં નામભેદ માત્રથી અર્થસંબંધી ભેદભાવની કલ્પના નિષ્પ્રયોજન છે. (ગા.૧૬-૨૦) તથા સંસારના કારણને કર્મ કહો, અવિદ્યા કહો કે ક્લેશ કહો - અર્થતઃ બધું એક જ છે. માત્ર નામથી ભેદ છે. માટે ઈશ્વર કે કર્મની ચર્ચામાં ઊંડા ઉતરવાના બદલે સંસારના કારણભૂત કર્મને દૂર કરવા ગુણવાન્ વિશિષ્ટ પુરુષ એવા પરમાત્માની આરાધના કરવી જોઈએ-એમ **કાલાતીત** માને છે. વિશેષ રીતે ઊંડાણથી ઊહાપોહ કરવાની જેની ક્ષમતા નથી તેવા જીવો માટે આ મત કલ્યાણકારી હોવાની દૃષ્ટિએ પ્રસ્તુત કાલાતીત મતને જૈનો પણ સ્વીકારે છે. પણ તટસ્થ પ્રાજ્ઞ વ્યક્તિ વિચાર-વિમર્શ કરી અમુક (યથાર્થ) ભગવાનની આરાધના કરે તો તેના માટે તે આરાધના વિશિષ્ટ નિર્જરા કરાવનારી બને. તેવી આરાધના તત્ત્વજ્ઞાન ગર્ભિત વૈરાગ્ય અપાવે. માટે ઈશ્વર વિશે વિચારણા સર્વથા નિષ્ફળ ન માનવી. 'કદાગ્રહ છોડાવવાના સમયે કાલાતીતની વાત યોગ્ય છે.' એમ શ્રી**હરિભદ્રસૂરિજી**એ પણ સ્વીકારેલ છે. - એમ મહોપાધ્યાયજી જણાવે છે. (ગા.૨૧ થી ૨૪) ખરેખર મધ્યસ્થતા, ઉદારતા, સત્યનિષ્ઠતા અને વિવેકદૃષ્ટિની પરાકાષ્ઠા જૈન દર્શનના પાયામાં રહેલી છે.

જેમ રૂપ એ અંધ વ્યક્તિનો વિષય નથી, તેમ આત્મા વગેરે અતીન્દ્રિય પદાર્થો પણ છદ્મસ્થ જીવનો પ્રત્યક્ષ વિષય બની ન શકે. આથી આ વિશે શાસ્ત્ર મુજબ મધ્યસ્થ ભાવથી ઊહાપોહપૂર્વક ન્યાયસંગત રીતે વિચારણા કરવી જરૂરી છે. બાકી તેમાં એકલો તર્ક આંધળો છે અને એકલા શાસ્ત્રો પાંગળા છે. કારણ કે શાસ્ત્રમાં પણ જુદા જુદા દૃષ્ટિકોણથી જુદી જુદી વાતો કહેલી જોવા મળે છે. તેથી યુક્તિ અને શાસ્ત્ર-બન્નેનો સમન્વય કરવો પડે. માટે તાત્પર્યતઃ શાસ્ત્ર-અવિરોધી યુક્તિથી જે ધર્મોપદેશને પકડે છે તે જ ધર્મજ્ઞ બની શકે. પરમાર્થથી શાસ્ત્રના આધારે સ્યાદ્વાદન્યાયથી સંગત એવું આચરણ કરવું એ જ ઈશ્વરઅનુગ્રહ છે, નહિ કે ભગવાન ઊંચકીને કે આદેશ કરીને કોઈને દેવલોકમાં મૂકી દે - એવો અનુગ્રહ. વળી, આપવા લાયક એવો દર્શન-જ્ઞાન-ચારિત્રમય મોક્ષમાર્ગ તો જિનેશ્વરોએ આપેલ જ છે. આ જ તેમનો અનુગ્રહ છે. માટે વર્તમાનમાં અનુકૂળ સંયોગમાં પણ શક્તિ મુજબ જિનેશ્વરનો ધર્મ ન આચરતા અને આવતા ભવમાં ચારિત્રાદિ ધર્મને સીમંધરસ્વામી વગેરે પાસેથી મેળવવાની ભાવના રાખતો જીવ ધર્મને કેવી રીતે મેળવે ? એ તો માત્ર શેખચલ્લીના તરંગ કે મુલ્લા નસરુદ્દીનના સપના જ કહી શકાય. માટે ભગવાનનો અનુગ્રહ માનતા સાધકોએ પ્રભુના ગુણોના રાગપૂર્વક પરમાનંદથી પરિપ્લાવિત હૃદયે સાધના કરવી જોઈએ. - આવો ઉપદેશ આપીને ગ્રંથકારશ્રીએ ૧૬મી બત્રીસી પૂર્ણ કરેલ છે. (ગા.૨૫ થી ૩૨)

## ૧૭. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા : ટૂંકસાર

નસીબ બળવાન કે પુરુષાર્થ બળવાન ? આ સમસ્યાનું સચોટ સમાધાન મેળવવા માટે સદીઓથી લાખો - કરોડો લોકો સતત પ્રયત્ન કરી રહ્યા છે. માત્ર આસ્તિક જ નહિ, નાસ્તિક લોકોના મનમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ આ સમસ્યા અવાર નવાર ઊભી થતી હોય છે. કહેવાતા નાસ્તિક લોકો પણ 'Wish You best of luck', 'OH ! My bad luck !' વગેરે શબ્દપ્રયોગ દ્વારા જાણે-અજાણે કર્મનો તો સ્વીકાર કરતા જ હોય છે. ગ્રંથકારશ્રીએ ૧૭મી બત્રીસીમાં ઉપરોક્ત સમસ્યાનું નિશ્ચય-વ્યવહાર નયના અભિપ્રાયથી સુંદર સમાધાન આપેલ છે.

પ્રારંભમાં જ ગ્રંથકારશ્રી ઉપકાર સમસ્યાનો રોકડો જવાબ આપી દે છે કે વાસ્તવમાં ભાગ્ય અને પુરુષાર્થ બન્ને સમાન બળવાળા છે. નિશ્ચય નયના મતે ભાગ્ય કે પુરુષાર્થ પરસ્પર અપેક્ષા વિના સ્વતંત્ર રીતે પોતપોતાના કામ કરે છે. માટે ૧૪મા વર્ષે અકબર દિલ્હીનો બાદશાહ બન્યો તેમાં વિક્રમાદિત્ય હેમુને પરાજિત કરવા સ્વરૂપ પુરુષાર્થ મુખ્ય કારણ ગણી શકાય. તેવો પુરુષાર્થ કર્યા વિના જ અકબરનો પુત્ર શાહજહાં દિલ્હીનો બાદશાહ બન્યો તેનું મુખ્ય કારણ નસીબ ગણી શકાય. શું અકબરનું નસીબ રાજા બનાવવામાં કારણભૂત નથી ? આ પ્રશ્નના જવાબમાં નિશ્ચયનય કહેશે કે કાયમ નસીબ પુરુષાર્થની સાથે જ રહે છે. પણ એટલા માત્રથી તેને કારણ માનવાની જરૂર નથી. જે કામ કરે તે કારણ. જે પહેલેથી હાજર હોવા છતાં કામ ન થાય તેવા નિષ્ક્રિય તત્ત્વનો કારણસ્થાને અભિષેક કરી ન શકાય. આ છે નિશ્ચયનયનું મંતવ્ય. નિશ્ચયનયનો મુખ્ય સિદ્ધાન્ત છે - 'सापेक्षं असमर्थम्'. નસીબ પહેલેથી હાજર હોય છતાં કાર્ય ઉત્પન્ન કરવા નસીબને ઉદ્યમની અપેક્ષા રહે તો નસીબ અસમર્થ-અન્યથાસિદ્ધ-અકારણ કહેવાય. ત્યાં ઉદ્યમને જ કારણ મનાય. મહેનત કર્યા વિના જ કાળપરિપાક થતાં નસીબથી કાર્ય થઈ જાય ત્યાં નસીબ/કર્મનો ઉદય કારણ કહેવાય. દા.ત. પરીક્ષા સમયે રાત્રે ઉજાગરા કરીને વાંચતા-લખતા-ચિંતન કરતા વિદ્યાર્થીને આવી જતી ઊંઘ. અહીં વિદ્યાર્થીની ઊંઘવા માટે કોઈ મહેનત નથી. બલ્કે જાગવા માટે મહેનત છે. છતાં કાળપરિપાકથી દર્શનાવરણીય કર્મના ઉદયથી ઊંઘ આવી ગઈ. માટે તેવા સ્થળે નસીબ કારણ કહેવાય. આપણી ઈચ્છા ન હોવા છતાં આપણા નામથી કોઈ લોટરી લાવે અને આપણને લોટરી લાગી જાય ત્યાં નસીબ કારણ કહેવાય. ધરતીકંપથી મકાન જમીનદોસ્ત થઈ જવું, સાવધાનીથી ચાલવા છતાં એકસીડન્ટ થવો, ઊંઘમાં હાર્ટ એટેક આવી જવો આ કેવળ નસીબના કાર્ય છે- એવું નિશ્ચયનયનું મંતવ્ય છે. (ગા.૧ થી ૪)

પરંતુ વ્યવહારનય ગૌણ-મુખ્ય ભાવે ભાગ્ય અને પુરુષાર્થ (= મહેનત) બન્નેને કારણરૂપે સ્વીકારે છે. માટે મુખ્ય = ઉત્કટ એવા નસીબથી કરાયેલ કાર્યને લોકો ભાગ્યકૃત સ્વરૂપે જાણે છે. અને ઉત્કટ પ્રયત્નથી કરાયેલ કાર્યને લોકો પુરુષાર્થકૃત સ્વરૂપે જાણે છે. વ્યવહારનય કહે છે કે જે એમ માને કે - 'આ કાર્ય થયું તે ભાગ્યનિર્મિત છે, પુરુષાર્થનિર્મિત નથી' તો તે અહંકારનું પરિણામ છે. હા, ક્યારેક નસીબ ગૌણ હોય તો ક્યારેક ઉદ્યમ ગૌણ હોય - એવું બને. પરંતુ કોઈ પણ કાર્ય ભાગ્ય અને પુરુષાર્થના સહકાર વિના તો થતું જ નથી. આ વાત પ્રત્યક્ષ છે. માટે તેનો અપલાપ થઈ ન શકે. જેમ દંડ અને ચક્ર બન્ને એકબીજાથી નિરપેક્ષ થઈને, એકબીજાની ગેરહાજરીમાં બે અલગ અલગ કાર્ય (દા.ત. દંડ કોઈકને સજા કરવામાં, માર-પીટ કરવામાં વપરાય અને ચક્ર રમકડાને તોડવાના કામમાં વપરાય- આવું કોઈ કામ) કરે તો પ્રત્યેક કાર્ય પ્રત્યે એક-એકને સ્વતંત્ર કારણ મનાય. વિભિન્ન પ્રત્યેક કાર્ય પ્રત્યે બન્નેને મિલિત કારણ ન મનાય. પણ કાર્યરૂપે માત્ર ઘડો જ બને તો દંડ અને ચક્ર બન્નેને તેના કારણ માનવા જ રહ્યા. તે રીતે ભાગ્ય અને પુરુષાર્થ એક જ કાર્ય કરતા હોય તો તે બન્નેને તેના કારણરૂપે માનવા જોઈએ. આમ વ્યવહારનય માને છે. (ગા.૫ થી ૧૦)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યવહારનયના મતે જ્યાં પુરુષાર્થ અલ્પ હોવા છતાં ફળ મળે છે ત્યાં આ ભવનું ભાગ્ય અને પૂર્વભવનો પુરુષાર્થ કારણરૂપે સમજી લેવા. આમ બન્ને પરસ્પર સાપેક્ષ છે. (ગા.૧૧)

સાંખ્ય લોકો માત્ર કર્મને જ ફળદાયક માને છે. આ વાત બરાબર નથી. કારણ કે વર્તમાનનું કર્મ = નસીબ તે પૂર્વભવનો પુરુષાર્થ જ છે. તથા ભાગ્ય પણ પુરુષાર્થ વગર પોતાની મેળે ફળ આપતું નથી જ. (ગા.૧૨-૧૩) શાહજહાંએ દિલ્હીની ગાદી મેળવવા માટે ભલે અકબર જેટલો પુરુષાર્થ ન કર્યો પણ રાજગાદીએ બેસવાનો, પોતાનો રાજ્યાભિષેક કરાવવાનો ઉદ્યમ તો કર્યો જ હતો. વાંચતા-વાંચતા ઊંઘ આવી જાય તો બળજબરીથી અટકાવવી નહિ, આવી જવા દેવી. આટલો સહકાર (માનસિક પુરુષાર્થ) તો ઊંઘવાના નસીબને સહકાર આપે જ છે ને ! આમ ઓછાવત્તા અંશે મહેનત હોય તો જ નસીબ કાર્ય કરી શકે. આમ વ્યવહારનય નસીબ અને ઉદ્યમ બન્નેને સર્વ કાર્ય પ્રત્યે ગૌણ-મુખ્ય ભાવે કારણ માને છે.

'કોઈ પણ કાર્યમાં / ઘટનામાં દેખાતું કારણ સ્વીકારવું જોઈએ. ન દેખાતા કર્મની કલ્પના વ્યર્થ છે.' આવું નાસ્તિક લોકો માને છે. પણ ગ્રંથકારશ્રી કહે છે કે આ વાત વ્યાજબી નથી. કારણ કે બે માણસ દૂધ પીવે તો તે દૂધ એકને પચવા દ્વારા બળ આપે છે. અને બીજાને અતિસારનું નિમિત્ત બને છે. તેથી ત્યાં કર્મને સ્વીકારવું પડે. ટૂંકમાં, બાહ્ય દૃશ્ય સામગ્રી સમાન હોવા છતાં જ્યાં પરિણામમાં ઘણો બધો તફાવત કે વિરોધ જણાતો હોય ત્યાં અદૃશ્ય કર્મને / નસીબને જ જવાબદાર માનવું પડે. **વિશેષાવશ્યકભાષ્ય**ના આધારે આ બાબતનું સતર્ક પ્રતિપાદન ગ્રંથકારશ્રીએ કરેલ છે. ગ્રંથકારશ્રી આગળ વધીને **ન્યાયકુસુમાંજલિકાર** પ્રાચીન નૈયાયિક **ઉદયનાચાર્ય**ની શૈલીથી પણ કર્મની સિદ્ધિ કરતા જણાવે છે કે દાનાદિ બાહ્ય ક્રિયા તો સમયાંતરે નાશ પામે છે. પરંતુ તેનું ફળ સ્વર્ગાદિ કાલાંતરે દેખાય છે. તેમાં અવાંતર કારણ (દ્વાર) કર્મ માનવું જ પડે. આમ શાસ્ત્રવિહિત-નિષિદ્ધ ક્રિયા પુણ્ય-પાપ વિના ફળ આપવા સમર્થ નથી. બાકી તો પ્રાયશ્ચિતની વિધિ પણ વ્યર્થ જશે. કારણ કે પાપ જ હોય નહિ તો પ્રાયશ્ચિત્ત કરવાનું કોઈ જ પ્રયોજન રહેતું નથી. (ગા.૧૫-૧૬)

જો ભાગ્ય અને પુરુષાર્થની દિશા વિરોધી હોય અર્થાત્ તે બન્ને પરસ્પર વિલક્ષણ કાર્ય ઉત્પન્ન કરવા માગતા હોય તો જે બળવાન હોય તે પ્રમાણે જીવને પરિણામ મળે છે. અર્થાત્ તેવા સમયે ભાગ્યની સામે જીવે પુરુષાર્થને ઘણો વધારવો પડે છે. તો જ ઉદ્યમસાધ્ય કાર્ય મળી શકે. જો ભાગ્ય અને પુરુષાર્થ એક જ દિશામાં ચાલતા હોય (અર્થાત્ એકબીજાને સહકાર આપતા હોય) તો જીવ અપેક્ષાએ પુરુષાર્થ ઓછો કરીને પણ સફળતા મેળવી શકે છે. તેવા સંયોગમાં પુરુષાર્થ વધુ હોય તો પરિણામ વહેલું અને વધુ સારું મળી શકે છે. જેમ કે અત્યંત હોશીયાર વિદ્યાર્થી એક જ વર્ષમાં બબ્બે ધોરણની પરીક્ષા આપીને વહેલો આગળ વધી જાય. અથવા અનેક કોર્સ તે એકી સાથે કરી શકે. (ગા.૧૭)

આગળ વધતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે એકલું કર્મ પોતાની ઉપર ઉપઘાત કે અનુગ્રહ (નુકસાન કે ફાયદો કરવાનું કામ) કરતું નથી. પરંતુ કર્મ અને પુરુષાર્થ પરસ્પર એકબીજા પર ઉપઘાત કે અનુગ્રહ કરે છે. (ગા.૧૮) સમાન બળવાળા અને વિરોધી દિશાવાળા (પરસ્પર વિલક્ષણ કાર્ય કરવાના સ્વભાવવાળા) કર્મ અને પુરુષાર્થમાંથી જેના પક્ષે કાળ, નિયતિ, વગેરે બળવાન હોય તેની જીત થાય છે. (ગા.૧૯)

આરસના ટુકડામાં 'આમાં પ્રતિમા બનવાની યોગ્યતા છે' એમ કહી શકાય પણ તૈયાર પ્રતિમા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે આવું કહી ન શકાય કે 'આ પ્રતિમામાં નવી પ્રતિમા બનવાની યોગ્યતા છે.' કાર્ય ઉત્પન્ન થાય એટલે કારણમાં રહેલી કાર્યજનનયોગ્યતા નષ્ટ થાય. માટે જ મોક્ષમાં ગયેલા આત્મામાં ભવ્યત્વ-મુક્તિગમનયોગ્યપરિણામ માનવામાં નથી આવતો. ડોક્ટરને ઉદ્દેશીને 'આ ડોક્ટર થવાની યોગ્યતા ધરાવે છે' એમ ન કહેવાય. પણ 'આ ડોક્ટર છે' એમ જ કહેવાય. તે રીતે જેનું ફળ મળેલ નથી તેવા જ અનિયત કર્મ માટે 'આ કર્મ ફળ દેવાની યોગ્યતા ધરાવે છે' એમ કહી શકાય. ફળને આપી ચૂકેલા કર્મ માટે તેવો વ્યવહાર થઈ ન શકે. (ગા.૨૦-૨૧)

ગ્રંથકારશ્રી એક પ્રશ્ન ઊભો કરે છે કે કર્મમાં ફળ આપવાની યોગ્યતા પુરુષાર્થ દ્વારા નાશ પણ પામે તો 'કર્મમાં ફળ આપવાની યોગ્યતા હોય' એ વાત ખોટી ન પડે ? આનો જવાબ જણાવતા ગ્રંથકારશ્રી કહે છે કે - દરેક લાકડામાં પ્રતિમા બનવાની યોગ્યતા છે - એમ કહી શકાય. પણ એનો અર્થ એવો નથી કે દરેક લાકડામાંથી પ્રતિમા બને જ. કોઈક લાકડામાંથી રમકડું પણ બને અથવા કંઈ પણ ન બને. તેમ કર્મમાં સ્વપ્રાયોગ્ય ફળ આપવાની યોગ્યતા તો છે જ પણ સવળો ઉદ્યમ થાય તો તે તેવું ફળ આપે, અવળો ઉદ્યમ કરવાથી તે વિપરીત ફળ આપે. જરા પણ મહેનત કરવામાં ન આવે તો તે કર્મ ફળ આપ્યા વિના પણ રવાના થઈ જાય. પણ તેટલા માત્રથી તે કર્મમાં ફળજનન શક્તિ ન હતી - આવો વ્યવહાર કરી ન શકાય. તથા 'તે કર્મમાં ફળ આપવાની યોગ્યતા હતી' તે વાત ખોટી ન કહેવાય. આ વ્યવહાર નયનું મંતવ્ય છે. (ગા.૨૨-૨૩) માત્ર કર્મથી જ ફળ મળે તેવું નથી. પરંતુ પુરુષાર્થ પણ તેમાં ભાગ ભજવે છે. બે જણ પાંચ લાખ રૂા. નું સમાન દાન આપે તો પણ ભવાંતરમાં તે બન્નેને તે દાનનું મળનારું ફળ ભિન્ન / તરતમતાવાળું / ઓછું-વત્તું હોઈ શકે છે. તેનું કારણ એ સમજવું કે પૂર્વભવમાં દાન કરતી વખતે તે બન્નેનો શુભભાવ ઉછાળવા સ્વરૂપ પુરુષાર્થ સમાન ન હતો. (ગા.૨૪)

જીવના જેવા ભાવ હોય તેવું કર્મ બને. અને જેવા કર્મ હોય તેવા ભાવ પ્રગટે. આમ પ્રવાહની અપેક્ષાએ ભાગ્ય અને ઉદ્યમ એકબીજાની અપેક્ષા ધરાવે છે. આમ બન્ને પરસ્પર સાપેક્ષ છે. છતાં પણ પ્રાયઃ ચરમાવર્તમાં કર્મ ધર્મપુરુષાર્થ દ્વારા બાધિત થાય છે, કુંઠિત થાય છે. જો ચરમાવર્તમાં ધર્મપુરુષાર્થ તીવ્ર કરીએ તો અવળા નિકાચિત કર્મ પોતાનું ફળ દેખાડવા છતાં પણ તથાવિધ ભયંકર નુકસાન પહોંચાડી શકતા નથી. જેમ કે શ્રેણિક મહારાજાના પુત્ર મુનિ નંદિષેણના નિકાચિત કર્મ.

ચરમાવર્તકાળમાં પ્રબળ અંતરંગ ધર્મ પુરુષાર્થથી જ જીવને ગ્રન્થિભેદ દ્વારા સમકિત મળે છે, નહિ કે નસીબથી. સમકિત પ્રાપ્ત થયા પછી તેની પ્રવૃત્તિ ઔચિત્ય પૂર્વકની જ હોય છે. કારણ કે સમકિતી જીવને સત્પુરુષાર્થની પ્રેરણા સ્વતઃ થાય છે. (ગા.૨૫-૨૭) જમીનમાંથી પાણી ખનન દ્વારા કે પવન દ્વારા બહાર આવે પણ તેમાં મુખ્ય કારણ જમીનની રસાળતા છે. તે રીતે સમકિતીની ઉચિત પ્રવૃત્તિનું મુખ્ય કારણ તેના ચોક્ખા પરિણામ છે. ઉપદેશ તો ગૌણ / અનિયત કારણ છે. જેમ ફરતા ચક્રની ગતિ વધારવા કે ધીમી પડેલી ગતિને પૂર્વવત્ જાળવી રાખવા દંડની જરૂર પડે છે તેમ સમકિતીને આગળ વધારવા કે તેના પડતા પરિણામને અટકાવવા ઉપદેશની જરૂર પડે. બાકી અનુત્તરવાસી દેવ કે જિનકલ્પી જેવા અવસ્થિત પરિણામી જીવો માટે ઉપદેશ જરૂરી નથી. (ગા.૨૮-૨૯)

સમકિતી જીવની મોહનીય કર્મની સ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમ હોય છે. તેમાંથી ૨ થી ૯ પલ્યોપમ જેટલી સ્થિતિ ઓછી થાય ત્યારે આત્મા ભાવથી દેશવિરતિ પામે છે. ઉત્તરોત્તર વિકાસ કરતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંખ્યાતા સાગરોપમ જેટલી મોહનીયની સ્થિતિ ઘટાડતો જીવ સર્વવિરતિ - ઉપશમશ્રેણિ - ક્ષપકશ્રેણિ - કેવળજ્ઞાન અને મોક્ષને મેળવે છે. (ગા.૩૦) આગળ ગ્રંથકારશ્રી કહે છે કે અંતરંગ ધર્મપુરુષાર્થ દ્વારા પ્રાપ્ત થનાર ભાવચારિત્રના પાંચ લક્ષણો છે. (૧) માર્ગાનુસારિતા = સદ્ભાગી એવો અંધ વિના તકલીફે જંગલ પાર કરે તે રીતે વિશિષ્ટ જ્ઞાન ન હોય તો પણ ચારિત્રધર શુભ કર્મના બળે પાપત્યાગ કરી મોક્ષ મેળવે છે. (૨) શુદ્ધ અનુષ્ઠાન વિશે તીવ્ર શ્રદ્ધા હોય. (૩) ઉપદેશમાં રતિ = ઉપદેશ સાંભળવાની અને આચરવાની તીવ્ર આસક્તિ, (૪) ગુણરાગ અને (૫) શક્ય પ્રવૃત્તિ (ગા.૩૧) તીર્થંકરોએ બતાવેલ દેશવિરતિ અને સર્વવિરતિ ચારિત્રમાં યોગની પ્રવૃત્તિ ઉત્કૃષ્ટ આનંદથી વ્યાપ્ત થવી જોઈએ. તો જ ભાગ્ય અને પુરુષાર્થ બન્ને ભેગા થઈને પોતાનું કાર્ય = મોક્ષ સાધી શકે. એવું સોનેરી સન્માર્ગદર્શન કરાવી મહોપાધ્યાયજી મહારાજે ૧૭મી બત્રીસી પૂર્ણ કરેલ છે. (ગા.૩૨)

ભાગ્ય અને ઉદ્યમની ચર્ચા ખૂબ જ રોચક હોવા છતાં તથા તેને પારદર્શક રીતે સમજવી અત્યંત આવશ્યક હોવા છતાં મહોપાધ્યાયજી મહારાજની ભાષામાં જેમણે પ્રસ્તુત મીમાંસાને માણવી હોય તેમને નવ્યન્યાયનો તથા નયનો ઊંડો અભ્યાસ હોવો ખૂબ જ આવશ્યક છે. પરંતુ જેમને નવ્યન્યાયનો જરા તથાવિધ અભ્યાસ ન હોય તેમજ નયનો પણ ઊંડો અભ્યાસ ન હોય તેવા જીવો આ મીમાંસાને પારદર્શક રીતે માણી શકે તે આશયથી નવ્યન્યાયની પરિભાષાથી દૂર રહી, મહોપાધ્યાયજી મહારાજનો આશય જળવાઈ રહે તે રીતે પ્રસિદ્ધ સરળ લૌકિક ઉદાહરણો દ્વારા ૧૭મી બત્રીસીનો ટૂંકસાર અમે અહીં રજૂ કરેલ છે. એની વાચક વર્ગે ખાસ નોંધ લેવી.

## ૧૮. યોગભેદદ્વાત્રિંશિકા : ટૂંકસાર

યોગવિશારદોએ અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષયને યોગ કહેલ છે. (ગા.૧) ઉચિત પ્રવૃત્તિથી યુક્ત જીવનું જિનવચનાનુસારે થતું તત્ત્વચિંતન કે જે મૈત્રી વગેરે ભાવોથી સંયુક્ત હોય, તે ચિંતન અધ્યાત્મ કહેવાય. (ગા.૨) મૈત્રી = બીજાના સુખની ઈચ્છા. તે ચાર પ્રકારે છે. (૧) ઉપકારી વિશે. (૨) નાલપ્રતિબદ્ધ એવા માતા, પિતા, કાકા, મામા વગેરે સ્વજનો વિશે. (૩) આશ્રિત વર્ગ વિશે અને (૪) સર્વ જીવો વિશે. (ગા.૩) કરુણા = બીજાના દુઃખોને દૂર કરવાની ઈચ્છા. તેના ચાર પ્રકાર છે. (૧) મોહથી, જેમ કે રોગીને અપથ્ય આપવાની ઈચ્છા. (૨) દીન-હીન-દુઃખી જીવોને જોવાથી પ્રગટે તે. (૩) સુખી એવા પ્રીતિપાત્ર જીવોને સંસારના દુઃખોથી બચાવવાની તથા મોક્ષે પહોંચાડવાની ભાવના. (૪) પ્રીતિનો સંબંધ ન હોય તેવા પણ જીવો પર કરુણા ભાવના. (ગા.૪)

મુદિતા = આનંદ. તેના ચાર ભેદ છે. (૧) જેનું પરિણામ ખરાબ હોય પણ તાત્કાલિક સારૂં જણાય તેવા આપાતરમ્ય સુખમાં આનંદ. દા.ત. અપથ્ય આહાર વાપરતાં થતો આનંદ. (૨) જેનું પરિણામ સારું છે તેવા વિશિષ્ટ પ્રકારના સુખમાં આનંદની લાગણી. દા.ત. પરિમિત પથ્ય આહારના સુખમાં થતી રતિ. (૩) નિરંતર દેવ અને મનુષ્યભવની પ્રાપ્તિસ્વરૂપ સાનુબંધ સુખનો આનંદ અને (૪) સર્વ જીવોના પ્રકૃષ્ટ = અવ્યાબાધ સુખમાં પ્રમોદ. (ગા.૫) મધ્યસ્થપણું = ઉપેક્ષા. તે પણ ચાર પ્રકારે થાય છે. (૧) કરુણાથી. જેમકે અપથ્ય ખાતા રોગીને અટકાવવાથી તેને દુઃખ થાય માટે તેની ઉપેક્ષા કરવી. (૨) અનુબંધથી. જેમકે અઠવાડિયામાં લાંબી ઓળી ઉપાડવાનો હોય એવો શિષ્ય અત્યારે નવકારશી કરે તો ગુરુ તેને તપની પ્રેરણા કરવાના બદલે તેની ઉપેક્ષા કરે તે (૩) નિર્વેદથી. જેમકે અસાર એવા સાંસારિક સુખને વિશે યોગીની ઉપેક્ષા (૪) તત્ત્વચિંતનથી. જેમકે 'વસ્તુ રાગ-દ્વેષનું કારણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી પણ પોતાનો સંક્લિષ્ટ પરિણામ તેનું કારણ છે.' એમ વિચારી બાહ્ય શુભાશુભ વસ્તુ પ્રત્યે ઉપેક્ષા. (ગા.૬)

આ ચારે ભાવનાના અવાંતર ભેદો ઉત્તરોત્તર ચઢિયાતા છે. તેથી ચારે ભાવના અધ્યાત્મમાં ઉપયોગી છે. પાતંજલયોગદર્શનના મંતવ્ય પ્રમાણે આગળ ગ્રંથકારશ્રીમદ્જી ચારેય ભાવનાનું ક્રમશઃ ફળ દર્શાવતા કહે છે કે મૈત્રી ભાવના સુખી લોકો ઉપરના ઈર્ષ્યાભાવથી બચાવે છે. કરુણા ભાવના દુઃખી જીવોની ઉપેક્ષા કરવા નથી દેતી પ્રમોદ ભાવનાથી સુકૃત કરનારના પુણ્ય ઉપર દ્વેષ નથી થતો. મધ્યસ્થતા પાપી જીવો ઉપર રાગ-દ્વેષ ઊભા થવા દેતી નથી. (ગા.૭) ગ્રંથકારશ્રી કહે છે કે અધ્યાત્મથી પાપનો ક્ષય, સત્ત્વ, શીલ = ચિત્તની સમાધિ અને શાશ્વત જ્ઞાન પ્રાપ્ત થાય છે. અધ્યાત્મ જ મોહરૂપી ઝેરનો નાશ કરનાર અમૃત છે. (ગા.૮) તત્ત્વજ્ઞાનગર્ભિત અને વર્ધમાન એવો અધ્યાત્મ વિષયક અભ્યાસ ભાવના કહેવાય. તે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વૈરાગ્યસ્વરૂપ છે. ભાવનાથી સંસ્કાર પડે અને તે સંસ્કારથી બીજી નવી ભાવના પ્રગટે. આ રીતે જીવ મોક્ષમાર્ગે આગળ વધે છે. (ગા.૯-૧૦)

આગળ ગ્રંથકારશ્રી **યોગબિંદુ** ગ્રંથ મુજબ ધ્યાનની સુંદર વ્યાખ્યા દેખાડે છે કે સ્થિર, અખંડ, એકવિષયક, પ્રશસ્ત બોધ ધ્યાન કહેવાય. તે ઉત્પાદ, વ્યય વગેરે સૂક્ષ્મ વિચારણાથી યુક્ત હોય. ખેદ, ઉદ્વેગ, ક્ષેપ, ઉત્થાન, ભ્રાન્તિ, અન્યમુદ્, રોગ અને આસંગ-આ આઠ ભોગીના મનના દોષો છોડવાથી યોગીનું ધ્યાન વૃદ્ધિ પામે છે. (૧) ખેદ = ક્રિયાથી ઉત્પન્ન થતો થાક. (૨) ઉદ્વેગ = પ્રવૃત્તિ શરૂ કર્યા વિના જ થાક લાગે તે. (૩) ભ્રમ = યોગસાધના કરી કે નહિ ? તેના સંસ્કારનો અભાવ. (૪) ઉત્થાન = પ્રશાંતવાહિતાનો અભાવ (૫) ક્ષેપ = યોગસાધના વખતે મન બીજે જાય. (૬) અન્યમુદ્ = ચાલતી આરાધનાને છોડીને અન્ય કામમાં પ્રીતિ કરવી. (૭) રોગ = માનસિક પીડા. (૮) આસંગ = આસક્તિ. ''આ જ અનુષ્ઠાન સુંદર છે.'' એ પ્રમાણે આસક્તિ. આ આઠ ચિત્તદોષો છોડીને ક્રોધાદિ વિકારથી રહિત અને ઉદાર આશયવાળા યોગી પુરુષ દ્વારા થતું ધ્યાન કુશલાનુબંધી જાણવું. આવું ધ્યાન યોગીને હિતકારી બને છે. (ગા.૧૧ થી ૨૦) તમામ કાર્યમાં સ્વાધીનતા, ભાવની સ્થિરતા અને અનુબંધનો વિચ્છેદ ધ્યાનનું ફળ છે. (ગા.૨૧)

યોગના ત્રીજા ભેદ ધ્યાનનું નિરૂપણ કર્યા બાદ ગ્રંથકારશ્રી યોગના ચોથા ભેદનું નિરૂપણ કરતા જણાવે છે કે ઈષ્ટ-અનિષ્ટ રૂપે કલ્પાયેલ વિષયોમાં વિવેકદૃષ્ટિથી તુલ્યતાબુદ્ધિ લાવવી તે સમતા કહેવાય. પરંતુ એ.સી.માં રહીને, સેન્ટ-પર્ફ્યુમ લગાવીને, ડનલોપની ગાદીમાં બેસીને, પાન-મસાલા ચાવતા-ચાવતા, સ્વપ્રશંસા સાંભળીને કેળવેલી સમતાને મિથ્યા સમતા જાણવી. ધ્યાન વિના સમતા નથી અને સમતા વિના ધ્યાન નથી. બન્ને પરસ્પર પૂરક છે. લબ્ધિઓનો ઉપયોગ ન કરવો, કેવળજ્ઞાન વગેરેને ઢાંકનારા સૂક્ષ્મ કર્મનો ક્ષય કરવો, અપેક્ષા-રૂપ બંધનનો ઉચ્છેદ કરવો તે સમતાનું ફળ છે. (ગા.૨૨ થી ૨૪)

સ્વભાવથી જ નિસ્તરંગ એવા આત્મામાં વિકલ્પ અને પરિસ્પંદ સ્વરૂપ તરંગો ઉભા થાય છે. તે વૃત્તિ કહેવાય છે. તે ફરીથી ઉત્પન્ન ન થાય તે રીતે તેનો ત્યાગ કરવો તે વૃત્તિસંક્ષય કહેવાય. કેવલજ્ઞાનની પ્રાપ્તિના સમયે વિકલ્પવૃત્તિક્ષય તથા અયોગીકેવલિદશામાં પરિસ્પંદ-વૃત્તિસંક્ષય હોય છે. તેના ફળ રૂપે કેવળજ્ઞાન, શૈલેશીપણાનો સ્વીકાર અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. (ગા.૨૫-૨૬) જેમ સિદ્ધો સમાન હોવા છતાં તેના પંદર ભેદ પાડેલ છે તેમ વૃત્તિરોધને યોગ માનીએ તો તેના પણ પાંચ ભેદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પડે છે. વૃત્તિ = મન, વચન અને કાયાની પ્રવૃત્તિ. તથા મનની વૃત્તિ ત્રણ પ્રકારે છે. (૧) સંકલ્પ - વિકલ્પ છોડનારું મન, (૨) સમતામાં પ્રતિષ્ઠિત મન અને (૩) સ્વભાવમાં લીન મન. મનગુપ્તિના પણ આજ ત્રણ પ્રકાર છે. આમ વૃત્તિરોધ પાંચ પ્રકારે થશે. તેમાંથી અધ્યાત્મ વગેરે ચાર યોગ પ્રથમ બે પ્રકારની મનોગુપ્તિમાં આવશે. અને વૃત્તિસંક્ષય ત્રીજી મનોગુપ્તિમાં આવશે. આ રીતે અન્ય = સમિતિ, ગુપ્તિ વગેરેનો પણ યોગમાં અંતર્ભાવ વિચારી લેવાની ગ્રંથકારશ્રી ભલામણ કરે છે. (ગા.૨૫ થી ૩૦)

જૈનદર્શનમાં સમિતિ- ગુપ્તિથી ભિન્ન 'યોગ' નામનો કોઈ પદાર્થ માન્ય નથી. એવું ગ્રંથકારશ્રી ભારપૂર્વક જણાવે છે. આ એક નોંધપાત્ર ઉલ્લેખ છે.

અધ્યાત્મ વગેરે યોગોને ૧ થી ૪ ગુણસ્થાનક સુધી યોગની પૂર્વસેવા રૂપે જાણવા. પછી તેને યોગ રૂપે જાણવા. આમ પાંચ પ્રકારના યોગ પરમાનંદ સ્વરૂપ સર્વોત્તમ ફળને આપે છે. (ગા.૩૧-૩૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકાપ્રકરણ ચતુર્થ ભાગની

# વિષયમાર્ગદર્શિકા

## १४. अपुनर्बन्धक द्वात्रिंशिका


अपुनर्बन्धकलक्षणानि ............................ ९३५
निश्चय-व्यवहाराभ्यां पूर्वसेवाकालः ................. ९३६
તાત્ત્વિક પૂર્વસેવા અપુનર્બંધક જીવમાં હોય .. ૯૩૬
हेतु-स्वरूपानुबन्धतो मार्गमीमांसा ................. ९३७
मार्गाभिमुख-मार्गपतितस्वरूपद्योतनम् ............... ९३८
मुनिचन्द्राचार्याऽभयदेवसूरिमतभेदद्योतनम् .......... ९३९
उपादानकारणे सर्वथा कार्यभेदाऽयोगः ........... ९४०
ઔપચારિક પૂર્વસેવા વિચારણા .............. ૯૪૦
मतद्वयभेदव्यवस्थापनम् ................................ ९४१
नानापरिभाषया द्रव्यपदप्रयोगविमर्शः .............. ९४२
अक्रियावादिस्वरूपविज्ञापनम् ......................... ९४३
क्रियावादिस्वरूपप्रज्ञापनम् ............................ ९४४
दशविधानि आगमिष्यद्भद्रत्वनिबन्धनानि ........ ९४५
क्रियावादि-भद्रकाद्युत्पादज्ञापनम् ..................... ९४६
लेश्याशुद्धि-कषायमान्द्ययोः कार्य-कारणता ........ ९४७
मिथ्यादृशां संसारपरित्तीकरणम् ..................... ९४८
मिथ्यादृशां बहुनिर्जरामीमांसा ..................... ९४९
अशान्तादिकृतक्रियाणां विपर्यासरूपता ............. ९५०
दशविधधर्मदर्शनम् ..................................... ९५१
भवबीजादिपरामर्शः ...................................... ९५२
પુરુષ અને પ્રકૃતિમાં કથંચિત્ ભેદાભેદ ...... ૯૫૨
कर्मप्रकृतिभेदाऽभेदमीमांसा ............................ ९५३
योगबिन्दुविरोधपरिहारः ................................ ९५४
दुष्टकार्याऽज्ञाने कारणसंवरणाऽयोगः ................. ९५५
जन्म-जरा-मरणस्वरूपप्रकाशनम् ..................... ९५६
भवस्वरूपमीमांसा ....................................... ९५७
भवफलदारुणता .......................................... ९५८
रागादीनां भवभ्रमणकारणता ......................... ९५९
बलवताऽऽत्मस्वभावेन क्लेशाभिभवः ................ ९६०
अपुनर्बन्धकस्याऽपि शुद्धनिश्चयानुसारिबोधः ...... ९६१
चित्तरत्नविशोधनपद्धतिः ................................ ९६२
प्रतिश्रोतोऽनुगामित्वे योगोपलब्धिः .................. ९६३
अपुनर्बन्धकस्य प्रधान-द्रव्ययोगः ...................... ९६४
દ્રવ્ય-ભાવ દ્વિવિધ યોગ વિચારણા............ ૯૬૪
सम्यग्दृष्टेः भावयोगः .................................. ९६५
સમ્યગ્દષ્ટિની સાંસારિક પ્રવૃત્તિ પણ
કર્મબંધકારક નથી ....................... ૯૬૫
अशुभप्रवृत्तौ शुद्धपरिणामेन सदनुबन्धः ........... ९६६
सम्यग्दृष्टेः पापानुबन्धाऽयोगः ........................ ९६७
आशयविशुद्धौ बाह्यक्रियाया अकारणता ........ ९६८
...તો બાહ્ય નિમિત્ત અકિંચિત્કર ........... ૯૬૮
भव-मुक्तिहेतूनां तुल्यसङ्ख्याकत्वम् ................. ९६९
परिणामानुसारेण कर्मबन्धप्रतिपादनम् ............... ९७०
સમકિતીનું અનુષ્ઠાન શુદ્ધ જ હોય .......... ૯૭૦
श्रद्धाद्वैविध्योपदर्शनम् ................................. ९७१
ग्रन्थकारः स्वयमत्रैव **योगबिन्दुमनुसृत्याह**- '**तत्तदि**'ति (यो.बिं.२८८) । **योगबिन्दुवृत्त्यनुसारेण** व्याख्यानयति- '**तस्य तस्ये**'त्यादि । परिशुद्धप्रवचनाऽधिगमः प्रथमप्रवचनप्रभावकाऽन्तर्भूतः, अतिशायिधर्मकथा द्वितीयप्रवचनप्रभावकाऽन्तःप्रविष्टा, अविसंवादिनिमित्तं चतुर्थप्रवचनप्रभावकाऽन्तर्गतं आदिपदेन तपःप्रमुखग्रहणम् । **सत्त्वार्थमेव** = भव्यप्राणिकल्याणमेव **मोक्षबीजाधानादिरूपम्** । अनेनाऽनुपकृतपरोपकारपरायणत्वमावेदितम्। यथोक्तं **ललितविस्तरायां** → आकालं एते परार्थव्यसनिनः ← (ल.वि.पुरुषोत्तमपद, पृ.२४) इति । प्रकृतव्यवच्छेद्यमाह **न तु आत्मम्भरिः** = स्वार्थलोलुपः **अपि** ।

गणधरपदसाधने **योगबिन्दुसंवादमाह**- '**चिन्तयती**'ति । तद्वृत्तिस्त्वेवम् → **चिन्तयति एवमेव** =

ધનુર્ધારીના ધનુષ્યમાંથી બાણ છૂટે તે વખતે જ બાણ જુદા-જુદા પ્રકારના બની જાય છે. તેથી જ એકી સાથે છૂટેલા તે બાણોમાંથી કોઈ બાણ અડધો કીલોમીટર દૂર જાય છે, કોઈ ૧ કીલોમીટર દૂર જાય છે, કોઈ બાણ લક્ષ્યને વિંધે છે, કોઈ બાણ લક્ષ્યને વિંધતું નથી... આ કાર્યભેદ જ સિદ્ધ કરે છે કે દરેક બાણ જુદા-જુદા પ્રકારે જ છૂટેલા હતા. તે બાણોનું તાત્ત્વિક સ્વરૂપ જુદા-જુદા પ્રકારનું માનવામાં આવે તો જ કાર્યભેદ સંગત થઈ શકે.

આ જ રીતે તીર્થંકરોનું તથાભવ્યત્વ અને સામાન્ય ભવ્ય જીવોનું તથાભવ્યત્વ જુદું જ માનવું પડે. તીર્થંકરોનું તથાભવ્યત્વ એવું છે કે તેનાથી નિષ્પન્ન થનાર સમ્યગ્દર્શન બીજા જીવોના સમ્યગ્દર્શન કરતાં જુદા જ પ્રકારનું હોય છે. માટે જ તીર્થંકરોના સમ્યગ્દર્શનને વરબોધિ કહેવામાં આવે છે. બીજા જીવોના સમકિતને માત્ર બોધિ કહેવામાં આવે છે. બીજા જીવોના સમકિતમાં ન રહે અને તીર્થંકરના સમકિતમાં રહે એવી વિશિષ્ટ યોગ્યતા જ તીર્થંકરપદવીની પ્રાપ્તિમાં જવાબદાર છે. **(૧૫/૧૩)**

### ❁ તીર્થંકર-ગણધર-સામાન્યકેવલી થનારની ઓળખાણ ❁

**ગાથાર્થ :-** તે તે કલ્યાણના યોગે પરોપકારને જ કરનાર વરબોધિસંપન્ન જીવ શ્રેષ્ઠ કલ્યાણનું સાધન એવું તીર્થંકરપદ પ્રાપ્ત કરે છે. (૧૫/૧૪)

**ટીકાર્થ :-** પરિશુદ્ધ આગમબોધ, સાતિશય ધર્મકથા, અમોઘ નિમિત્ત વગેરે અલગ-અલગ કલ્યાણની પ્રવૃત્તિ દ્વારા મોક્ષના બીજની વાવણી વગેરે સ્વરૂપ પરોપકારને જ કરતા જીવ તીર્થંકર પદ મેળવે છે. તીર્થંકર થનાર જીવ સ્વાર્થી નથી હોતા. તીર્થંકર થનાર જીવની પાસે વરબોધિ હોય છે. તેના પ્રતાપે તેને જે તીર્થંકર પદવી મળે છે તે ભવ્ય જીવોના શુભ પ્રયોજનનું સર્વોત્કૃષ્ટ સાધન છે. જે સદ્બોધિવાળો ભવ્યાત્મા પોતાના સ્વજનાદિને ભવસાગરમાંથી તારવાની ઈચ્છાથી પ્રવૃત્તિ કરે તે ગણધરપદનું સાધન થાય છે. કારણ કે **યોગબિંદુ** ગ્રન્થમાં જણાવેલ છે. → "આ જ રીતે જે તથાવિધ પ્રવૃત્તિથી સ્વજનાદિ

१. हस्तादर्शे 'व्यापारस्य' इत्यशुद्धः पाठः । २. मुद्रितप्रतौ 'सद्बोधिमान्' इति पाठान्तरम् । ३. मुद्रितप्रतौ '..र्षणया' इति पाठः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नुष्ठानतः सोऽपि धीमान् गणधरो भवेत् ।।" (यो.बिं.२८९) ।।१४।।

**संविग्नो भवनिर्वेदादात्मनिःसरणं[1] तु यः[2]। आत्मार्थसम्प्रवृत्तोऽसौ सदा स्यान्मुण्डकेवली ।।१५।।**

**संविग्न** इति । **संविग्नः**[3] = "तथ्ये धर्मे ध्वस्तहिंसाप्रबन्धे देवे रागद्वेषमोहादिमुक्ते । साधौ सर्वग्रन्थसन्दर्भहीने संवेगोऽसौ निश्चलो योऽनुरागः ।।" (**योगबिन्दु**-२९० श्लोकवृत्तौ उद्धृतः)

पूर्वोक्तप्रकारेणैव **एतत्** = भवादुत्तारणं **स्वजनादिगतं तु** = स्वजन-मित्र-देशादिविशेषगतं पुनः **य** उक्तरूपो बोधिप्रधानो जीवः **तथाऽनुष्ठानतः** = चिन्ताऽनुरूपाऽनुष्ठानात् परोपकाररूपात् **सोऽपि** न केवलं परोपकारी तीर्थकृदित्यपिशब्दार्थः, **धीमान्** = प्रशस्तबुद्धिः **गणधरः** = देव-दानव-मानवादिमाननीयमहिमा तीर्थकराऽग्रिमशिष्यो **भवेत्** = जायेत ← (यो.बि.वृ.२८९) इति । एतादृशभावनोदग्रताविरहे गणधरपदाऽलाभेऽपि तथाप्रकारभावने तु नानाप्रभावकशिष्यसमन्वितगुरुपदलाभोऽनाविल इति ध्येयम् ।।१५/१४।।

तर्हि सामान्यकेवली कः स्यादित्याशङ्कायां **योगबिन्दु**संवादमाह - **'संविग्न'** इति । **योगबिन्दुवृत्ति**मनुसृत्य व्याख्यानयति - '**संविग्नः = तथ्ये धर्मे**' इत्यादि । **तत्त्वार्थभाष्ये** → संवेगो नाम संसारभीरुत्वं, आरम्भपरिग्रहेषु दोषदर्शनादरतिः, धर्मे बहुमानो धार्मिकेषु च ← (त.सू. ७/७ भा) इत्येवं यत् संवेगलक्षणमुक्तं तदपीहाऽनुसन्धेयम् । 'संवेगः = मोक्षाभिलाषः' (शा.वा.स.९/५) इति **स्याद्वादकल्पलतायां** ग्रन्थकारः । अन्ये तु संवेगः = संसारभयमिति प्राहुः । यच्च **दीघनिकाये** पाथिकवर्गे सङ्गीतिसूत्रे → संवेगो च संवेजनीयेसु ठानेसु संविग्गस्स च योनिसो पधानं ← (दी.नि.भाग-३/१०/३०५) इत्येवं संवेगलक्षणमुक्तं तदपीह यथागममनुसन्धेयं बहुश्रुतैः । 'संविग्गस्स = संविग्नचित्ततायाः, योनिसो = कारणपूर्वं, पधानं = निरन्तरोऽभ्यासः' (दी.नि.३/१०/३०५ वृ.) इति **राहुलसांकृत्यायनः**।

सम्यग्दर्शनोपेतो हि- "जिनवचनाऽमृतबहिर्भूताः संसारोदरवर्तिनो जन्तवोऽनवरतं वराका बध्यन्ते दृढकर्मसन्तानरज्ज्वा, पीड्यन्ते विषयाऽसन्तोषबुभुक्षया, शुष्यन्ति विषयाऽऽशापिपासया, खिद्यन्ते निरन्तरभवचक्रभ्रमणेन, सततोपतप्ताः कषायघर्मोष्मणा, गृह्यन्ते मिथ्यात्वमहाकुष्ठेन, तुद्यन्ते परेर्ष्याशूलेन, जीर्यन्ते दीर्घसंसाराऽवस्थानेन, दन्दह्यन्ते रागमहाज्वरेण, अन्धीक्रियन्ते कामकाचपटलेन, आक्राम्यन्ते भावदारिद्र्येण,

---

विशे संसारोद्धारनी विचारणा करे छे ते प्राज्ञ पुरुष गणधर थाय छे." ← **(१५/१४)**

**विशेषार्थ :-** निर्मળ शास्त्रबोध, विशिष्ट धर्मकथा वगेरे करवा द्वारा तमाम भव्य જીવોને मोक्षमार्गे आगળ वधारवानी निःस्वार्थ करुणा करनार જીવ तीर्थंकर बने छे. तथा स्वजन, मित्र, निकटना परिचित वगेरेने तारवानी करुणा करनार જીવ गणधर भगवंत बने छे. **(१५/१४)**

**ગાથાર્થ :-** જે સંવેગી ભવ્યાત્મા સંસાર પ્રત્યેના વૈરાગ્યથી પોતાના આત્માનો ઉદ્ધાર કરવા ઝંખે તેવો સ્વપ્રયોજનથી મોક્ષમાર્ગે પ્રવૃત્તિ કરતો જીવ હંમેશા મુંડકેવલી = સામાન્યકેવલી થાય છે. **(૧૫/૧૫)**

**ટીકાર્થ :-** હિંસાનો પ્રચાર જેમાંથી ખતમ થયેલ છે તે તાત્ત્વિક ધર્મ કહેવાય. રાગ, દ્વેષ અને મોહ વગેરે દોષોથી રહિત હોય તે દેવ = દેવાધિદેવ = ભગવાન કહેવાય. તથા તમામ પ્રકારની બાહ્ય-અભ્યંતર ગ્રન્થિથી રહિત હોય તે નિર્ગ્રન્થ સાધુ કહેવાય. આવા તાત્ત્વિક દેવ-ગુરુ-ધર્મ ઉપર જે નિશ્ચલ અનુરાગ હોય તે સંવેગ કહેવાય છે. આવા શાસ્ત્રોક્ત લક્ષણવાળા સંવેગને ધારણ કરે તે જીવ સંવિગ્ન કહેવાય.

---

१. हस्तादर्शे 'निस्मरणं' इत्यशुद्धः पाठः । २. हस्तादर्शे 'यत्' इत्यशुद्धः पाठः । ३. हस्तादर्शे 'संविग्नः धर्मे' इति त्रुटितः पाठः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इतिकाव्योक्तलक्षणसंवेगभाक् **भवनिर्वेदात्**[1] = संसारवैरस्यात् **आत्मनिःसरणं तु** = जरा-
-मरणादिदारुणदहनात्स्वनिष्कासनं पुनः **यः** 'चिन्तयती'ति गम्यते ।

**आत्मार्थसम्प्रवृत्तः**[2] = स्वप्रयोजनमात्रप्रतिबद्धचित्तः **असौ सदा** = निरन्तरं **स्याद्** = भवेत्[3] **मुण्डकेवली** द्रव्य-भावमुण्डनप्रधानस्तथाविधबाह्याऽतिशयशून्यः केवली पीठ-महापीठवत् ।।१५।।

अभिभूयन्ते जराराक्षस्या, आच्छाद्यन्ते मोहतिमिरेण, आकृष्यन्ते हृषीकतुरङ्गमैः, पापच्यन्ते क्रोधतीव्र-वह्निना, अवष्टभ्यन्ते मानमहापर्वतेन, वेष्ट्यन्ते मायाजालिकया, प्लाव्यन्ते लोभसागरप्लवेन, परिताप्यन्त इष्टवियोगवेदनया, दोदूयन्तेऽनिष्टसङ्गमतापेन, दोलायन्ते कालपरिणतिवशेन, तन्तम्यन्ते कुटुम्बपोषण-परायणतया, कदर्थ्यन्ते कर्मदानग्रहणिकैः, अभिद्रूयन्ते महामोहनिद्रया, कवलीक्रियन्ते मृत्युमहामकरेण तथापि विषमविषयविषाऽऽकाङ्क्षां नैव परित्यजंतीति क्लेशरूप एवाऽयं सर्वोऽपि भवः" इति विमर्शेण **संसारवैरस्यात् तु जरामरणादिदारुणदहनात्** = वार्धक्य-मृत्यु-रोग-शोकोपद्रवादिलक्षणदारुणाऽनलदह्यमान-भवभवनोदरात् दूरं **स्वनिष्कासनं चिन्तयति** ।

न चाऽस्य देवलोकशर्माऽऽकाङ्क्षाऽपि वर्तते, यतः → किं देवाण सुन्दरत्तं, जाणं जोओ अधुवसरीरेण, दारुणं कम्मबन्धपारतन्तं, उक्कडा कसाया, पहवइ महामोहो, अवसाणीन्दियाणि, गरुई विसयतण्हा, विचित्ता उक्करिसाऽवगरिसा, उद्दामं माणसं, अणिवारिओ मच्चू, विरसमवसाणं ति कीइसं वा एवंविहाणं सुहं ← (स.क.भव-९/पृ.९६९) इति **समरादित्यकथा**वचनतात्पर्यं परिणतं तच्चित्ते । शिष्टं स्पष्टप्रायम् । तीर्थकरपद-गणधरपद-सातिशयगुरुपद-मुण्डकेवलिपदप्रयोजके स्व-परोपकारादिचिन्त-नवैचित्र्ये तथाभव्यत्वमेव हेतुः । यथोक्तं **योगबिन्दौ** →

तथाभव्यत्वतश्चित्रनिमित्तोपनिपाततः । एवञ्चिन्तादिसिद्धिश्च सन्न्यायाऽऽगमसङ्गता ।।
एवं कालादिभेदेन बीजसिद्ध्यादिसंस्थितिः । सामग्र्यपेक्षया न्यायादन्यथा नोपपद्यते ।।
तत्तत्स्वभावता चित्रा तदन्याऽनपेक्षणी तथा । सर्वाऽभ्युपगमव्याप्त्या न्यायश्चाऽत्र निदर्शितः ।।
सामग्र्याः कार्यहेतुत्वं तदन्याऽभावतोऽपि हि । तदभावादिति ज्ञेयं कालादीनां नियोगतः ।।
← (यो.बिं.-२९१-२९२-२९३-८२) इति ।

केषाञ्चिदाचार्याणां मते तु अत्यन्ताप्तगोचरश्रद्धा-स्थैर्यवतोऽनुष्ठानात्तीर्थकृत्त्वं, मध्यमश्रद्धासमन्वि-ताद् गणधरत्वं जघन्यश्रद्धासहितान्मुण्डकेवलित्वमाप्यते । यथोक्तं **योगबिन्दौ** → अधिमुक्त्याशय-स्थैर्य-

આવો સંવેગી જીવ સંસારની નિર્ગુણતાથી-વિરસતાથી ઘડપણ-મોત વગેરે ભયાનક આગમય સંસારમાંથી પોતાની જાતને બહાર કાઢવાનું વારંવાર ચિંતન-મનન કરે છે. માત્ર પોતાના આત્મકલ્યાણનું પ્રયોજન સાધી લેવા તેનું મન સતત ઝંખી રહ્યું હોય છે. સ્વકલ્યાણમાં જ તેનું મન ચોંટી ગયેલ હોવાથી તે મુંડકેવલી = સામાન્યકેવલી થાય છે. મતલબ દ્રવ્યથી કેશમુંડન અને ભાવથી દોષમુંડન-પાપલુંચન જ જેના જીવનમાં મુખ્ય છે અને તેવા પ્રકારના બાહ્ય અતિશયોથી જે રહિત હોય છે તેવા કેવલજ્ઞાની મુંડકેવલી કહેવાય. દા.ત. પીઠ અને મહાપીઠ નામના બે સાધુ સતત સ્વાધ્યાયાદિ સ્વપ્રયોજનને સાધવામાં જ દત્તચિત્તવાળા હોવાથી સામાન્ય કેવલી થઈને બ્રાહ્મી-સુંદરીના ભવમાં મોક્ષે ગયા. **(૧૫/૧૫)**

१. मुद्रितप्रतौ 'भवनैर्गुण्यात्' इति पाठः । परं मूलानुसारेण यः पाठः शब्दतोऽप्युचितः सोऽस्माभिर्योजितोऽत्र ।
२. मुद्रितप्रतौ '..प्रवत्त' इत्यशुद्धः पाठः । ३. मुद्रितप्रतौ 'भवेत' इत्यशुद्धः पाठः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अंशतः क्षीणदोषत्वाच्छिष्टत्वमपि युक्तिमत्। अत्रैव हि परोक्तं तु तल्लक्षणमसङ्गतम् ।।१६।।**

**अंशत** इति । **अंशतो** = देशतः **क्षीणदोषत्वाद्** = दोषक्षयवत्त्वात् **शिष्टत्वमपि अत्रैव** = सम्यग्दृष्टावेव **युक्तिमत्** = न्यायोपेतं, "क्षीणदोषः पुरुषः शिष्टः" इतिलक्षणस्य निर्बाधत्वात्। सर्वदोषक्षयेण सर्वथा शिष्टत्वस्य सिद्धे केवलिनि वा विश्रान्तत्वेऽपि सम्यग्दृष्टेरारभ्य देशतो विचि-

विशेषवदिहापरैः। इष्यते सदनुष्ठानं हेतुरत्रैव वस्तुनि ।। ← (यो.बिं.२९४) इति ।

इदञ्चाऽत्राऽवधेयम्- वैदिकदर्शनानुसारेण मुण्डकेवली ब्रह्मकोटिपरमहंसाख्यसंन्यासिस्थानीयः गणधरस्तु ईशकोटिपरमहंसस्थानीयः । अत्र चार्थे →

परहंसस्य प्रारब्धकर्म्मवैचित्र्यदर्शनात् । ईशकोटिर्ब्रह्मकोटिरिति द्वे नामनी श्रुते ।।
परहंसो ब्रह्मकोटेर्मूकस्स्तब्धो जडस्तथा । उन्मत्तो बालचेष्टश्च न जगत्तेन लाभवत् ।।
जगदीशप्रतिनिधिर्भूत्वा तत्कर्मसंरतः । जगद्धितार्थं विप्रर्षे ! एनं विद्धीशरूपिणम् ।।
परहंसस्त्वीशकोटेर्ब्रह्मरूपधरोऽपि सन् । देवर्षिशक्तियुक्तश्च भवतीति विनिश्चयः ।।

← (सं.गी.१०/९-१२) इति **संन्यासगीता**कारिकाः स्मर्तव्याः । ।।१५/१५।।

सम्यग्दृष्टावेव शिष्टत्वं समर्थयति- **'अंशत'** इति । प्रयोगस्त्वत्रैवं-सम्यग्दृष्टिः शिष्टः अंशतो दोषक्षयवत्त्वात्, गणधराऽऽचार्यादिवत् । न चांशतो दोषक्षयवत्त्वेऽपीतरदोषसत्त्वात् 'क्षीणदोषः पुरुषः शिष्ट' इति वचनं सम्यग्दृष्टौ शिष्टत्वाऽभ्युपगमे व्याहन्यत इति शङ्कनीयम्, **सर्वदोषक्षयेण** = घात्यघातिसकलकर्मध्वंसेन **सर्वथा शिष्टत्वस्य** = सम्पूर्णशिष्टत्वस्य **सिद्धे** परमात्मनि **विश्रान्तत्वेऽपि** यद्वा आत्मगुणघाति-घातिकर्मकलङ्कक्षयेण कृत्स्नशिष्टत्वस्य सयोगिनि अयोगिनि वा **केवलिनि** = भवस्थे सर्वज्ञे **विश्रान्तत्वेऽपि** = पर्यवसितत्वेऽपि **सम्यग्दृष्टेः आरभ्य देशतः** = अंशतो **विचित्रस्य** = नानारूपस्य

**વિશેષાર્થ :-** ઋષભદેવ ભગવાન, ભરત, બાહુબલી, બ્રાહ્મી, સુંદરી, શ્રેયાંસકુમાર વગેરે મોક્ષે ગયા. તેમાં સર્વ જીવોને તારવાની કરુણાપ્રધાન આત્મદશાવાળા હોવાના કારણે ઋષભદેવ પ્રભુનો જીવ તીર્થંકર થઈને મોક્ષમાં પધારે છે. જ્યારે બ્રાહ્મી અને સુંદર પૂર્વભવમાં માત્ર પોતાના આત્મકલ્યાણમાં જ ગળાડૂબ હતા. તેથી સામાન્ય કેવલી થઈને તે મોક્ષે પધારે છે. તેથી જે સંવેગી વૈરાગી સાધક કેવળ આત્મકલ્યાણને સાધવા માટે જ પ્રયત્નશીલ રહે તે સામાન્યકેવલી થાય છે. **(૧૫/૧૫)**

### ❋ સમ્યગ્દષ્ટિમાં શિષ્ટત્વલક્ષણ હાજર ❋

**ગાથાર્થ :-** આંશિક રીતે દોષો ક્ષીણ થયેલ હોવાથી શિષ્ટત્વ પણ સમકિતી જીવમાં જ યુક્તિસંગત સિદ્ધ થાય છે. બાકી એકાંતવાદીએ કરેલ શિષ્ટત્વલક્ષણ તો સાવ અસંગત જ છે. **(૧૫/૧૬)**

**ટીકાર્થ :-** આંશિક રીતે દોષોનો ક્ષય થયેલ હોવાથી સમકિતી જીવમાં જ શિષ્ટત્વ પણ ન્યાયસંગત છે. કારણ કે 'જેના દોષો ક્ષીણ થયેલ હોય તે પુરુષ શિષ્ટ કહેવાય' આવું લક્ષણ તેમાં અસ્ખલિત રીતે સંગત થાય છે. જો કે તમામ દોષોનો સંપૂર્ણ ક્ષય થવા દ્વારા સંપૂર્ણ શિષ્ટત્વ અથવા સર્વથા શિષ્ટત્વ તો સિદ્ધ જીવમાં અથવા કેવલજ્ઞાની જીવમાં જ વિશ્રાન્ત થાય છે. તો પણ સમ્યગ્દષ્ટિ જીવથી માંડીને આંશિક રીતે વિવિધતા ધરાવતું શિષ્ટત્વ તો કેવલજ્ઞાની સિવાય અવિરત સમ્યગ્દષ્ટિ, દેશવિરતિધર, સર્વવિરતિધર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

त्रस्य शिष्टत्वस्याऽन्यत्राऽपि[1] अनपायत्वात् । न चैवं शिष्टत्वस्याऽतीन्द्रियत्वेन दुर्ग्रहत्वाच्छिष्टाचारेण प्रवृत्त्यनापत्तिरिति शङ्कनीयं, प्रशम-संवेगादिलिङ्गैस्तस्य सुग्रहत्वात् ।

'दोषा रागादय एव तेषां च दिव्यज्ञानादर्वाक् न क्षयमुपलभामहे ।

---

**शिष्टत्वस्य अन्यत्र** = देशविरतादौ **अपि अनपायत्वात्** = निराबाधत्वात् । कृत्स्नदोषक्षये कात्स्न्येन शिष्टत्वम्, आंशिकदोषक्षये चांशतः शिष्टत्वमिति भावः । इदञ्च निश्चयनयाऽभिप्रायेणोक्तम् ।

व्यवहारनयाऽभिप्रायेण तु सम्यग्दृष्टावपि कृत्स्नमेव शिष्टत्वम्, वनैकदेशे वनोपचारवत् । **न चैवमपुनर्बन्धकेऽप्यंशतः** शिष्टत्वापत्तिरिति **वक्तव्यम्**, तस्य अवेद्यसंवेद्यपदस्थतया तद्गतस्य दोषक्षयस्य तात्त्विकव्यवहारनयेनाऽप्रधानत्वात् । अत एव न तत्रैतन्नयेनोपचारादपि शिष्टत्वं पारमार्थिकं व्यवहर्तुं युज्यते । न ह्येकस्मिन् तन्तौ पटोपचारो भवति किन्तु कतिपयैः तन्तुभिर्हीन एव पटे । यथोक्तं **जिनभद्रगणिक्षमाश्रमणेन विशेषावश्यकभाष्ये** → जुत्तो व तदुवयारो देसूणे न उ पएसमेत्तम्मि । जह तंतूणम्मि पडे पडोवयारो न तंतुम्मि ।। ← (वि.आ.भा.२३४७) इति ।

**न च एवं** = शिष्टत्वस्य दोषक्षयवत्त्वात्मकत्वे **शिष्टत्वस्य** अतीन्द्रियप्रतियोगिघटिततया **अतीन्द्रियत्वेन** हेतुना **दुर्ग्रहत्वात्** = अर्वाग्दर्शिभिरज्ञेयत्वात् **शिष्टाचारेण** लिङ्गेन **प्रवृत्त्यनापत्तिः** = शिष्टत्वानुमितिजन्यशिष्टत्वव्यवहारानुपपत्तिः स्यात्, न हि तत्प्रकारकज्ञानविरहे तत्पदप्रयोगः सम्भवति, उन्मत्तप्रलापापत्तेरिति **शङ्कनीयम्, प्रशम-संवेगादिलिङ्गैः**, आदिपदेन निर्वेदाऽनुकम्पाऽऽस्तिक्यादिग्रहणं, **तस्य** = अतीन्द्रियस्याऽपि शिष्टत्वस्य **सुग्रहत्वात्** = सौकर्येणाऽनुमेयत्वात् । प्रयोगस्त्वत्रैवं - अयं पुमान् शिष्टः प्रशमादिसमन्वितत्वात्, सम्प्रतिपन्नवदिति । यतो यतो दोषात् सम्यग्दृष्टिर्निवर्तते तत्तदोषनिवृत्तिः तत्तल्लिङ्गेनाऽनुमीयत एव ।

**एतेन** → यतो यतो निवर्तेत विमुच्यते ततस्ततः ← (श्री.भा.११/२१/१८) इति **श्रीमद्भागवत**वचनमपि **व्याख्यातम्** । प्रकृते → शिष्टाः खलु विगतमत्सराः निरहङ्काराः कुम्भीधान्याः अलोलुपा दम्भ-दर्प-लोभ-मोह-क्रोधविवर्जिताः ← (बौ.ध.१/१/५) इति **बौधायनधर्मसूत्र**मपि स्मर्तव्यम् ।

ननु हिंसाऽनृताद्या विराधनात्वेन प्रसिद्धाः, **दोषाः** तु **रागादय एव** । **तेषां च** = रागादीनां हि **दिव्यज्ञानात्** = ऋतम्भराऽपराभिधानात् केवलज्ञानात् (**स्याद्वादकल्पलता**-स्त.१/श्लो.२१/पृ.८३) यद्वा

---

વગેરેમાં પણ નિરાબાધ જ છે. અહીં એવી શંકા થઈ શકે છે કે → આ રીતે આંશિક દોષક્ષયથી વિવિધ પ્રકારનું શિષ્ટત્વ માનવામાં આવે તો તેવું શિષ્ટત્વ તો અતીન્દ્રિય હોવાથી તેનો બોધ થવો સામાન્ય જીવો માટે મુશ્કેલ બનશે. તેથી શિષ્ટાચાર વડે શિષ્ટત્વનો વ્યવહાર નહિ થઈ શકે. ← પરંતુ આ શંકા નિરાધાર હોવાનું કારણ એ છે કે પ્રશમ, સંવેગ, વૈરાગ્ય વગેરે ચિહ્નો વડે શિષ્ટત્વનું જ્ઞાન સુકર છે. (મતલબ કે રાગાદિ દોષો અતીન્દ્રિય હોવાથી દોષક્ષયસ્વરૂપ શિષ્ટત્વ અતીન્દ્રિય તો જરૂર છે જ. તેમ છતાં શિષ્ટત્વનું કાર્ય શમ, સંવેગ, નિર્વેદ વગેરે છે. તેથી જેમ ધૂમ દ્વારા અગ્નિનું અનુમાન થઈ શકે છે તેમ શમ, સંવેગ વગેરે ચિહ્નો દ્વારા = કાર્ય દ્વારા કારણીભૂત શિષ્ટત્વનું અનુમાન થવામાં કોઈ બાધ નથી.)

**શંકા :-** દોષો તો રાગ, દ્વેષ વગેરે જ છે. અને દિવ્યજ્ઞાનની ઉત્પત્તિ પૂર્વે તો રાગાદિનો ક્ષય

---

१. मुद्रितप्रतिषु 'अपि' नास्ति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न वा तेषु निरवयवेष्वंशोऽस्ति, येनांऽशतः तत्क्षयो वक्तुं शक्येतेति' चेत् ? न, अत्युचितप्रवृत्ति-संवेगादिलिङ्गकप्रबलतदुपक्षयस्यैवांऽशतो दोषक्षयाऽर्थत्वात्, आत्माऽनुग्रहोपघातकारित्वेन

प्रातिभज्ञानाद् **अर्वाक्** = पूर्वं **न** = नैव **क्षयं** = आत्यन्तिकविनाशं **उपलभामहे** । **न च** कात्स्न्येन तेषां दिव्यज्ञानात्प्राक् क्षयविरहेऽपि देशतः क्षयस्त्वनाविल एवेति **शङ्कनीयम्**, यतो **न वा** = न हि **तेषु** रागादिषु आत्मपरिणामरूपतया **निरवयवेषु अंशः** = देशः **अस्ति, येन** कारणेन **अंशतः** = देशतः **तत्क्षयः** = रागादिविनाशो **वक्तुं शक्येतेति** दिव्यज्ञानशून्यपक्षक-प्रशमसंवेगादिलिङ्गक-शिष्टत्वसाध्यकाऽनुमितेर्भ्रमत्वाऽऽपत्तिः सुरगुरुणाऽपि निवारयितुं न शक्यत इति **चेत्** ?

न, दिव्यज्ञानापेतेषु कात्स्न्येन शिष्टत्वस्याऽनभ्युपगमात्, देशतः शिष्टत्वस्यैव तत्रोपगमात्, रागादीनामौपाधिकात्मस्वभावभूततया निरवयवत्वेन प्रादेशिकांशत्वाऽसम्भवेऽपि प्रबल-प्रबलतराद्यल्पाल्पतराद्यनुभागतारतम्यस्य षट्स्थानवृद्धि-हान्यनुगतस्य कर्मप्रकृत्यादिप्रसिद्धस्याऽनपलपनीयत्वात्, प्रबलरागादिक्षयस्य रागादिगतप्राबल्यप्रच्यवस्यैव वा प्रकृतेऽशतो दोषक्षयत्वेनाऽभिप्रेतत्वात् । **न च** तस्याऽतीन्द्रियत्वेनाऽर्वाग्दृशामनवसेयत्वात् शिष्टत्वव्यवहाराऽनापत्तिर्दुर्वारेति **वक्तव्यम्**, अत्युचितप्रवृत्तिसंवेगादिलिङ्गैस्तस्याऽनुमेयत्वादित्याशयेनाह- **अत्युचितप्रवृत्ति-संवेगादिलिङ्गकप्रबलतदुपक्षयस्यैव** = सार्वत्रिकसार्वदिकौचित्यगर्भप्रवृत्ति-संवेगनिर्वेदादिलिङ्गकस्याऽनन्तानुबन्धित्वलक्षणप्राबल्यविशिष्टरागादिप्रच्यवस्यैव **अंशतो दोषक्षयार्थत्वात्** = आंशिकदोषक्षयपदार्थत्वात् ।

किञ्च भावात्मकानां रागादीनामिव द्रव्यात्मकानां ज्ञानावरणीयादीनां कर्मणामपि दोषत्वमस्माकमनेकान्तवादिनामभिमतमेव । तेषां सावयवतयांऽशतः क्षयो वक्तुं शक्यत एव । न च कर्मण एवाऽसिद्धत्वान्नेदं वक्तुं युज्यत इति वाच्यम्, **आत्माऽनुग्रहोपघातकारित्वेन** हेतुना कर्मणः सिद्धेः । धर्मिग्राहकप्रमाणादेव कर्मणो मूर्त्तत्वमपि सिध्यति, अमूर्तस्य गगनवदुपघाताऽनुग्रहकारित्वाऽसम्भवात् । न चामूर्तस्याऽऽत्मनः कथं मूर्तकृतोपघातादिसम्भव इति शङ्कनीयम्, अमूर्तस्याऽपि विज्ञानस्य मदिरापानौषधादिभि-

અમને જોવા મળતો નથી. તથા દોષો નિરવયવ છે. તેથી તેમાં અંશ હોતો નથી. આ કારણસર 'અંશથી રાગાદિનો ક્ષય થાય છે' એમ કહેવું શક્ય નથી. માટે સમકિતીમાં આંશિક રાગાદિક્ષય થયેલ હોવાથી આંશિક શિષ્ટત્વ માનવું બરાબર નથી.

### ❋ અંશતઃ દોષક્ષય સુજ્ઞેય ❋

**સમાધાન :-** તમારી વાત બરાબર નથી. કેમ કે અમારું તાત્પર્ય તમે સમજ્યા નથી. અમે સ્યાદ્વાદી એમ કહીએ છીએ કે આંશિક દોષક્ષય એટલે પ્રબળ રાગાદિનો ક્ષય. મંદ કોટીના રાગાદિ હોવા છતાં પ્રબળ કોટીના રાગાદિનો નાશ થવો એ જ 'અંશતઃ દોષક્ષય' પદનો અર્થ છે. રાગાદિ અતીન્દ્રિય હોવાથી પ્રબળરાગાદિક્ષય પણ અતીન્દ્રિય બને છે. તેમ છતાં તેનું જ્ઞાન-અનુમાન અત્યંત ઉચિત પ્રવૃત્તિ, સંવેગ વગેરે ચિહ્નો દ્વારા થઈ શકે છે. માટે તેવું શિષ્ટત્વ દુર્ગમ = દુર્બોધ નથી. વળી, બીજી મહત્ત્વની વાત એ છે કે રાગાદિ જેમ દોષ છે તેમ મોહનીયાદિ કર્મ પણ દોષરૂપ છે. કર્મ પૌદ્ગલિક હોવાથી સાવયવ છે, નિરવયવ નથી. તેથી કર્માત્મક પૌદ્ગલિક દોષનો અંશતઃ ક્ષય થઈ શકે છે. કર્મ ઘટે તો આત્માને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[1]चयापचयवतः सावयवस्य[2] कर्मरूपदोषस्य प्रसिद्धत्वाच्च इत्यन्यत्र विस्तरः । हि निश्चितं **परोक्तं तु** = द्विजन्मोद्भावितं तु तस्य = शिष्टस्य लक्षणं (=**तल्लक्षणं**) **असङ्गतं** = अयुक्तम् ॥१६॥ तथाहि –

**वेदप्रामाण्यमन्तृत्वं बौद्धे ब्राह्मणताडिते । अतिव्याप्तं द्विजेऽव्याप्तं स्वापे स्वारसिकं च तत् ॥१७॥**

**वेदेति** । "**वेदप्रामाण्यमन्तृत्वं**" एतावदेव शिष्टलक्षणं **ब्राह्मणताडिते बौद्धेऽतिव्याप्तं**, तेनाऽपि "वेदाः प्रमाणं" इत्यभ्युपगमात् ।

---

रुपघाताऽनुग्रहदर्शनादिति (आ.नि.६०४ वृ.) व्यक्तमुक्तं **श्रीहरिभद्रसूरिभिः आवश्यकनिर्युक्तिवृत्तौ** । 'अदृष्टं पौद्गलिकं, आत्मानुग्रहोपघातनिमित्तत्वात् शरीरवत्' (स्या.क.१/९५) इति **स्याद्वादकल्पलता**दर्शितानुमान-प्रयोगात्कर्मणः पौद्गलिकत्वसिद्धिः ।

प्रकृते च यदा कर्मणश्चयः तदात्मगुणोपघातकारित्वं यदा चाऽपचयस्तदा तदनुग्रहकारित्वमिति कर्मणश्चयापचयसिद्धिः । इयञ्च कर्मणो निरवयवत्वे न सम्भवतीति सावयवत्वमपि तत्र सिध्यति। इत्थं **चयाऽपचयवतः** = वृद्धि-हानिमतः **सावयवस्य** = नानावयवारब्धस्य, अत एव ध्वंसप्रतियोगित्वमपि तत्राऽनाविलमेव । **कर्मरूपदोषस्य** = कर्मपदवाच्यात्मकस्य दोषस्य जैनमते **प्रसिद्धत्वाच्च** आंशिकक्षयोऽपि सम्भवत्येव । **अन्यत्र** = **अदृष्टसिद्धिवाद-स्याद्वादकल्पलता-ज्ञानार्णव**वादौ **विस्तरः** ॥१५/१६॥

'**वेदे**'ति । वस्तुतस्तु वेदप्रामाण्यमन्तृत्वं जाड्यस्यैव चिह्नम् । यथोक्तं **जिनहर्षगणिना सम्यक्त्व-कौमुद्यां** द्वितीयप्रस्तावे → वेदप्रामाण्यं कस्यचित् कर्तृवादः स्नाने धर्मेच्छा जातिवादाऽवलेपः । सन्ता-पाऽऽरम्भः पापहानाय चेति प्रध्वस्तज्ञाने पञ्चलिङ्गानि जाड्ये ॥ ← (स.कौ.२/२१८) इति । तथापि स्फुटत्वादेतद्दोषमुपेक्ष्याऽतिव्याप्त्यादिदोषमाविष्करोति- **ब्राह्मणताडिते बौद्धे अतिव्याप्तम्** = अति-व्याप्तिदोषग्रस्तम् । **तेनाऽपि** ब्राह्मणादिकर्तृक-दण्डादिकरणक-ताडनक्रियाभीतेन बौद्धेनाऽपि '**वेदाः प्रमाणं' इति** वचनोच्चारणादिद्वारा वेदप्रामाण्यस्य **अभ्युपगमात्** ।

**ननु** स्वरसतो वेदप्रामाण्यमन्तृत्वमेव शिष्टलक्षणं न तु बलामोटिकयेति नेयमतिव्याप्तिस्सावकाशेति

---

લાભ થાય છે તથા કર્મ વધે તો આત્માને નુકશાન થાય છે. આથી કર્મની વૃદ્ધિ-હાનિ = ચય-અપચય સિદ્ધ થાય છે. આથી દિવ્ય જ્ઞાન પ્રાપ્ત થતાં પૂર્વે પણ પ્રબળ નિકાચિત પૌદ્ગલિક કર્મરૂપ દોષની હાનિ અંશતઃ થઈ શકવામાં કોઈ બાધ નથી. આ બાબતનો અન્યત્ર વિસ્તાર કરેલ હોવાથી અહીં તે અંગે લાંબી ચર્ચા કરવામાં નથી આવતી. પરંતુ આટલું તો નિશ્ચિત છે કે બ્રાહ્મણોએ બતાવેલું શિષ્ટ પુરુષનું લક્ષણ તો અસંગત જ છે. (૧૫/૧૬) તે આ રીતે સમજવું.

**ગાથાર્થ :-** વેદપ્રામાણ્યમન્તૃત્વ બ્રાહ્મણે મારેલ બૌદ્ધમાં અતિવ્યાપ્તિ દોષગ્રસ્ત છે તથા સૂતેલા બ્રાહ્મણમાં સ્વારસિક વેદપ્રામાણ્યમન્તૃત્વ અવ્યાપ્ત છે. (૧૫/૧૭)

## ❁ શિષ્ટત્વલક્ષણ મીમાંસા ❁

**ટીકાર્થ :** 'વેદો પ્રમાણ છે' આમ માને તે શિષ્ટ પુરુષ કહેવાય. આ બ્રાહ્મણોનો મત છે. તેથી તેઓ કહે છે કે શિષ્ટ પુરુષનું લક્ષણ છે વેદપ્રામાણ્યમન્તૃત્વ = વેદમાં પ્રામાણ્યનો સ્વીકાર. પરંતુ આ લક્ષણ બરાબર નથી. કારણ કે બૌદ્ધ વિદ્વાનો વેદને અપ્રમાણ માને છે. તેમ છતાં તેની પાસે વેદને પ્રમાણભૂત

---

१. मुद्रितप्रतौ 'चपोचय...' इत्यशुद्धः पाठः । २. मुद्रितप्रतौ 'सावयस्य' इत्यशुद्धः पाठः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**स्वारसिकं च तत्** = वेदप्रामाण्यमन्तृत्वं **द्विजे** = ब्राह्मणे **(स्वापे) अव्याप्तम्** ।

अयं भावः-स्वारसिकत्वविशेषणेन बौद्धेऽतिव्याप्तिनिरासेऽपि 'स्वारसिकवेदप्रामाण्यमन्तृत्वं'[1] यदाकदाचिद्वाच्यं सर्वदा वा ? आद्ये बौद्धे एवाऽतिव्याप्तितादवस्थ्यं, तस्याऽपि जन्मान्तरे वेदप्रामाण्याऽभ्युपगम[2]ध्रौव्यात् ।

[3]अन्त्ये च शयनादिदशायां वेदप्रामाण्याऽभ्युपगमाऽभाववति ब्राह्मणेऽव्याप्तिरिति ॥१७॥

**चेत् ? न, स्वारसिकं वेदप्रामाण्यमन्तृत्वं** शयितादौ **ब्राह्मणे** शिष्टत्वेनाऽभिमते **अव्याप्तं** = अव्याप्तिदोषग्रस्तम्, शयन-मूर्च्छाऽऽदिकाले पूरीतद्बहिर्देशावच्छिन्नत्वङ्मनःसंयोगस्य ज्ञानसामान्यकारणीभूतस्य विरहतया तदानीं तन्मते ज्ञानमात्रस्यैव विरहेण वेदप्रामाण्याऽवगाहिबोधाऽभावात् । एतदेव भावयति- **अयं भाव** इत्यादिना। आत्मनो नित्यत्वेन **तस्याऽपि** = बौद्धस्याऽपि **जन्मान्तरे** = अतीताऽनागताऽन्यतरभवे **वेदप्रामाण्याभ्युपगमध्रौव्यात्** = स्वारसिकवेदप्रामाण्यमनननियमाद् इदानीमपि तत्र शिष्टत्वाऽतिव्याप्तिरपराकार्या सुरगुरुणाऽपि । इत्थञ्च लक्षणगौरवे स्वीकृतेऽप्यतिव्याप्तितादवस्थ्यात् 'भक्षितेऽपि लशुने न शान्तो व्याधिः' इति न्यायापातः ।

**अन्त्ये च** = 'सर्वदा स्वारसिकवेदप्रामाण्यमन्तृत्वं शिष्टलक्षणमि'ति विकल्पे तु **ब्राह्मणे** शिष्टत्वस्य **अव्याप्तिः**, जन्मान्तरे तस्याऽपि बौद्धादिधर्माङ्गीकारे वेदप्रामाण्याऽभ्युपगमविरहात् । **न चै**हभविकं सार्वदिकं स्वारसिकं वेदप्रामाण्यमन्तृत्वमेव शिष्टलक्षणमिति **वक्तव्यम्**, इह भवेऽपि **शयनादिदशायां** = शयन-

મનાવવા બ્રાહ્મણો ભેગા થઈને તેની માર-પીટ-ધોલાઈ કરે તો અનિચ્છાએ પણ બૌદ્ધ 'વેદ પ્રમાણ છે' આવો સ્વીકાર કરશે. તેથી વેદપ્રામાણ્યમન્તૃત્વ બૌદ્ધમાં પણ રહી જશે. મતલબ કે વેદવાદી બ્રાહ્મણોને બૌદ્ધમાં શિષ્ટત્વ માન્ય ન હોવા છતાં પણ પ્રસ્તુત બૌદ્ધમાં શિષ્ટ પુરુષના લક્ષણની અતિવ્યાપ્તિ આવશે.

આ અતિવ્યાપ્તિ દોષનું વારણ કરવા માટે વેદવાદી બ્રાહ્મણો એવી દલીલ કરી શકે છે કે → બ્રાહ્મણોએ મારપીટ કરેલા બૌદ્ધ દ્વારા વેદમાં પ્રામાણ્યનો સ્વીકાર કરાયેલ છે તે જબરદસ્તીથી કરેલ છે, પોતાની ઈચ્છાથી નહીં. અમે તો સ્વેચ્છાથી વેદપ્રામાણ્યના સ્વીકારને શિષ્ટલક્ષણ માનીએ છીએ. માટે પ્રસ્તુત બૌદ્ધમાં શિષ્ટલક્ષણની અતિવ્યાપ્તિ નહિ આવે. ←

પરંતુ આમ કરવું વેદવાદી બ્રાહ્મણો માટે વ્યાજબી નથી. કારણ કે આમ કરવામાં તો 'બકરું કાઢતાં ઊંટ પેઠું' જેવી દુર્દશા થશે. તે આ રીતે- સ્વારસિક વેદપ્રામાણ્યમંતૃત્વ ક્યારેક હોય તો તે શિષ્ટ પુરુષ કહેવાય કે કાયમ હોય તો ? આ બે વિકલ્પ પ્રસ્તુતમાં ઉપસ્થિત થાય છે. જો વેદવાદી બ્રાહ્મણો પ્રથમ વિકલ્પ સ્વીકારે તો ફરીથી બૌદ્ધમાં અતિવ્યાપ્તિ આવશે જ. કારણ કે બૌદ્ધ પણ ભવાન્તરમાં વેદપ્રામાણ્યવાદી બ્રાહ્મણ થઈ શકે છે. તે ભવમાં તે ચોક્કસ વેદને પ્રમાણભૂત માનશે જ. આથી વર્તમાન ભવના બૌદ્ધે પણ ભવાન્તરની અપેક્ષાએ વેદમાં પ્રામાણ્યનો સ્વેચ્છાથી સ્વીકાર કર્યો જ ગણાય. તેથી ગમે ત્યારે સ્વેચ્છાથી વેદને પ્રમાણ માને તેને શિષ્ટ પુરુષ માનવામાં બૌદ્ધને પણ ઉપરોક્ત રીતે શિષ્ટ માનવો પડશે. આમ અતિવ્યાપ્તિ દોષ લક્ષણમાં ગૌરવ કરવા છતાં ઊભો ને ઊભો જ છે.

તથા બીજો વિકલ્પ માન્ય કરવામાં આવે કે 'કાયમ વેદને સ્વેચ્છાથી પ્રમાણરૂપે માને તે શિષ્ટ' તો વેદવાદી બ્રાહ્મણ સૂતો હશે ત્યારે શિષ્ટ પુરુષના લક્ષણની તેમાં અવ્યાપ્તિ આવશે. કારણ કે નિદ્રામાં

१. हस्तादर्शे '..प्रामाणम...' इत्यशुद्धः पाठः । २. हस्तादर्शे '...भ्युपगम्यध्रौ..' इत्यशुद्धः पाठः । ३. हस्तादर्शे 'अन्ते' इति पाठः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तदभ्युपगमाद्यावन्न तद्व्यत्ययमन्तृता[1] । तावच्छिष्टत्वमिति चेत्तदप्रामाण्यमन्तरि ।।१८।।**

**तदिति** । तस्य = वेदप्रामाण्यस्य अभ्युपगमात् (=**तदभ्युपगमात्**) **यावन्न** तद्व्यत्ययस्य = वेदाऽप्रामाण्यस्य मन्तृता = अभ्युपगमः (=**तद्व्यत्ययमन्तृता**) **तावच्छिष्टत्वम्**[2] । शयनादिदशायां च वेदाऽप्रामाण्याऽनभ्युपगमाद्[3] ब्राह्मणे नाऽव्याप्तिरिति भावः ।

अप्रामाण्यमननस्याऽपि स्वारसिकस्य ग्रहणाद् बौद्धताडिते ब्राह्मणे वेदाऽप्रामाण्याऽभ्युपगन्तरि

मूर्च्छाद्यवस्थायां ज्ञानमात्रविरहेण **वेदप्रामाण्याऽभ्युपगमाऽभाववति ब्राह्मणे** शिष्टत्वस्य **अव्याप्तिः** तदवस्थैव, तदानीं शिष्टलक्षणाऽभावात् । प्रकृते चाऽभ्युपगमः मननात्मकोऽभिप्रेतो न तु संस्काररूपः, तेन शयनादिकाले वेदप्रामाण्यसंस्कारसत्त्वेऽपि तादृशज्ञानविरहादव्याप्तिर्ध्रुवैवेति ध्येयम् ।।१५/१७।।

पूर्वपक्षी शिष्टलक्षणं परिष्करोति '**तदि**'ति । **वेदप्रामाण्यस्याऽभ्युपगमात्** = वेदप्रामाण्यमन्तृत्वकालमारभ्य **यावत् न वेदाऽप्रामाण्यस्याऽभ्युपगमः तावत्** तत्र **शिष्टत्वं** इति स्वीकारे नास्ति पूर्वोक्तः कश्चिदपि दोष इति पूर्वपक्ष्याशयः । एतदेव स्पष्टयति- **शयनादिदशायां च** वेदप्रामाण्याऽभ्युपगमविरहेऽपि **वेदाऽप्रामाण्याऽनभ्युपगमात्** तदानीं **ब्राह्मणे** शिष्टत्वस्य **नाऽव्याप्तिः**। वेदप्रामाण्याऽभ्युपगमोत्तरकालीनवेदाऽप्रामाण्याऽभ्युपगमसंसर्गाभावः शिष्टत्वप्रयोजक इत्याशयः पूर्वपक्षिणः । न चैवमपि बौद्धताडिते ब्राह्मणे 'वेदा अप्रमाणमि'त्यभ्युपगमादव्याप्तिर्वज्रलेपायितैव, वेदाऽप्रामाण्याऽभ्युपगमसंसर्गाभावप्रच्यवादिति शङ्कनीयम्, **अप्रामाण्यमननस्याऽपि** प्रामाण्याऽभ्युपगमवत् **स्वारसिकस्य** = स्वरसवाहिन एव **ग्रहणात्** = शिष्टलक्षणे प्रवेशाद् **बौद्धताडिते ब्राह्मणे** बलामोटिकया **वेदाऽप्रामाण्याऽभ्युपगन्तरि न** शिष्टलक्षणस्य **अव्याप्तिः**

જ્ઞાન ઉત્પન્ન થતું નથી. આવું વેદવાદી નૈયાયિક બ્રાહ્મણો માને છે. નિદ્રા અવસ્થામાં 'વેદ પ્રમાણ છે' આવું જ્ઞાન બ્રાહ્મણમાં ન હોવાના લીધે શિષ્ટપુરુષના લક્ષણની તેમાં અવ્યાપ્તિ આવશે. લક્ષ્યમાં લક્ષણનું ન જવું તે અવ્યાપ્તિ દોષ કહેવાય છે. (૧૫/૧૭)

**ગાથાર્થ :-** વેદપ્રમાણ્યનો સ્વીકાર કર્યા બાદ જ્યાં સુધી તેનાથી વિરોધી માન્યતા ન આવે ત્યાં સુધી શિષ્ટત્વ હોય- આવું પૂર્વપક્ષી દ્વારા માનવામાં આવે તો વેદને ઓળખ્યા વિના વેદને અપ્રમાણ માનનારા બ્રાહ્મણમાં અવ્યાપ્તિ આવશે. (૧૫/૧૮)

**સૂચના :-** ૧૮મી ગાથાનો ૧૯મી ગાથાના પૂર્વાર્ધ સાથે સંબંધ હોવાથી ૧૮મી ગાથામાં ખૂટતો અર્થ ૧૯મી ગાથાના પૂર્વાર્ધમાંથી અહીં ગોઠવેલ છે. આની વાચકવર્ગે ખાસ નોંધ લેવી. વિશેષ સ્પષ્ટતા આગળ થઈ જશે.

**ટીકાર્થ :-** પૂર્વપક્ષી સૂતેલા બ્રાહ્મણમાં શિષ્ટલક્ષણની અવ્યાપ્તિ દૂર કરવા માટે એમ કહે છે કે → વેદમાં પ્રામાણ્યનો સ્વીકાર કર્યા પછી જ્યાં સુધી વેદમાં અપ્રામાણ્યનો સ્વીકાર કરવામાં ન આવે ત્યાં સુધી શિષ્ટત્વ માન્ય છે. વેદવાદી બ્રાહ્મણ સૂતેલો હોય ત્યારે તેને કોઈ પણ પ્રકારનું જ્ઞાન જ ન હોવાથી 'વેદ અપ્રમાણ છે' એવો સ્વીકાર કરેલ ન હોવાથી તેમાં અવ્યાપ્તિ નહિ આવે- એવો આશય છે. તથા 'વેદ અપ્રમાણ છે' એવો સ્વીકાર પણ સ્વેચ્છાથી કરે તો જ તેના અપ્રામાણ્ય સ્વીકારની અહીં ગણતરી કરવાની. તેથી વેદવાદી બ્રાહ્મણ પાસે વેદનો અપ્રમાણ તરીકે સ્વીકાર કરાવવા માટે બૌદ્ધ લોકો બ્રાહ્મણને મારે અને ગભરાટના કારણે બ્રાહ્મણ વેદને અપ્રમાણ તરીકે સ્વીકારે તો ત્યારે તેવા બ્રાહ્મણમાં શિષ્ટલક્ષણની અવ્યાપ્તિ નહિ આવે. કારણ

१. हस्तादर्शे 'मंत्रितं' इत्यशुद्धः पाठः । २. हस्तादर्शे 'शिष्टस्यं' इत्यशुद्धः पाठः । ३. '...भ्युपमाद्' इत्यशुद्धः पाठो हस्तादर्शे

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नाऽव्याप्तिः । [1]अप्रमाकरणत्व-प्रमाकरणत्वाऽभावयोश्च द्वयोरपि प्रामाण्यविरोधित्वेन सङ्ग्रहाद् स्वारसिकवेदाऽप्रामाण्याऽभ्युपगमसंसर्गाभावस्य तदानीमप्यक्षततत्वात् ।

ननु वेदाऽप्रामाण्याभ्युपगमस्य किं स्वरूपम् ? वेदनिष्ठाऽप्रमाकरणत्वप्रकारकं मननं वेदनिष्ठप्रमाकरणत्वाऽभावगोचरं वा ? इति विकल्पयामलमत्रोपतिष्ठते । यदि चाऽऽद्यो विकल्पोऽङ्गीक्रियते तदा वेदप्रामाण्याऽभ्युपगमानन्तरं 'वेदाः प्रमाकरणत्वाऽभाववन्त' इति अभ्युपगन्तरि शिष्टलक्षणाऽतिव्याप्तिर्दुर्वारैव, स्वारसिकवेदप्रामाण्यमननोत्तरकालीनवेदविशेष्यकाऽप्रमाकरणत्वप्रकारकस्वारसिकमननसंसर्गाभावस्य तत्र सत्त्वात् । यदि चाऽन्त्योऽङ्गीक्रियते तदा वेदप्रामाण्याभ्युपगमोत्तरकालं 'वेदा अप्रमाकरणत्वशालिन' इत्यभ्युपगन्तरि सैवाऽतिव्याप्तिः, स्वारसिकवेदप्रामाण्यमननोत्तरकालीन-वेदविशेष्यकप्रमाकरणत्वाभावप्रकारकस्वरसवाहिमननसंसर्गाभावस्याऽक्षततत्वादित्याशङ्कायां पूर्वपक्ष्याह- **अप्रमाकरणत्व-प्रमाकरणत्वाभावयोश्च द्वयोरपि** = उभयोरेव **सङ्ग्रहात्** = अप्रामाण्यपदेनाऽङ्गीकारात् **न** = नैव शिष्टलक्षणकुक्षौ

કે ત્યારે તેણે વેદમાં અપ્રામાણ્યનો જે સ્વીકાર કરેલ છે તે સ્વૈચ્છિક નહિ પણ કૃત્રિમ છે. સ્વેચ્છાથી વેદમાં અપ્રામાણ્યનો તેણે સ્વીકાર ન કર્યો હોવાથી તેમાં શિષ્ટલક્ષણ રહેશે જ. અવ્યાપ્તિ નહિ આવે.

(અહીં એવી શંકા થઈ શકે છે કે "વેદમાં અપ્રામાણ્યનો સ્વીકાર એટલે શું ? (૧) વેદમાં અપ્રમાકરણત્વ છે- આવો સ્વીકાર કે (૨) વેદમાં પ્રમાકરણત્વ નથી- આવો સ્વીકાર ? પ્રથમ વિકલ્પનો અર્થ એ છે કે વેદમાં ખોટો બોધ = ભ્રમ વગેરે પેદા કરવાની તાકાત રહેલી છે. તથા બીજા વિકલ્પનો અર્થ એ છે કે વેદમાં સાચું જ્ઞાન પેદા કરવાની યોગ્યતા નથી રહેલી. પ્રસ્તુતમાં બે પ્રકારના અપ્રામાણ્યગ્રહમાંથી કેવા પ્રકારનો વિકલ્પ સ્વીકારવો ? તે પ્રશ્ન છે. જો પ્રથમ વિકલ્પ સ્વીકારવામાં આવે તો વેદપ્રામાણ્યવાદી કોઈ વિદ્વાન પાછળથી સત્ય હકીકત ખ્યાલ આવી જતાં 'વેદમાં સાચું જ્ઞાન પ્રગટાવવાની યોગ્યતા નથી'- આવી માન્યતા ધરાવે તો તે માણસમાં શિષ્ટ પુરુષનું લક્ષણ જવાથી અતિવ્યાપ્તિ આવશે. આનું કારણ એ છે કે પહેલાં વેદને પ્રમાણભૂત માની લીધી પછી 'વેદમાં સાચું જ્ઞાન પ્રગટાવવાની તાકાત નથી' આવું માનવા છતાં પણ 'વેદમાં ખોટું જ્ઞાન પ્રગટાવવાની યોગ્યતા રહેલી છે' આવો સ્વીકાર તે વિદ્વાને હજુ સુધી કરેલ નથી. માટે પ્રથમ વિકલ્પનો સ્વીકાર કરવામાં તેને ત્યારે પણ શિષ્ટ પુરુષ માનવાની સમસ્યા ઊભી જ રહેશે. જો આ સમસ્યાના નિરાકરણ માટે બીજા વિકલ્પનો સ્વીકાર કરવામાં આવે તો જે વેદપ્રામાણ્યવાદી વિદ્વાનને પાછળથી એવી સદ્બુદ્ધિ આપમેળે સૂઝી ગઈ કે 'વાસ્તવમાં વેદ ખોટી ભ્રમણાઓ પેદા કરી શકે છે' તો તેવા વિદ્વાનમાં પણ શિષ્ટનું લક્ષણ જવાથી અતિવ્યાપ્તિ આવશે જ. આનું કારણ એ છે કે એક વાર સ્વેચ્છાથી વેદને પ્રમાણભૂત માની લીધા પછી 'વેદ ખોટી ભ્રમણાઓ પેદા કરે છે' આવો સ્વયમેવ સ્વીકાર કરવા છતાં પણ 'વેદમાં સાચું જ્ઞાન પ્રગટાવવાની તાકાત નથી' આવો હાર્દિક અભ્યુપગમ = સ્વીકાર તેણે હજુ સુધી કરેલ નથી. માટે બીજો વિકલ્પ સ્વીકારવામાં આવે તો ત્યારે પણ તેને શિષ્ટ પુરુષ માનવાની સમસ્યા ઊભી જ રહેશે. આમ વેદપ્રામાણ્યમન્તૃત્વ પછી સ્વૈચ્છિક વેદઅપ્રામાણ્યમન્તૃત્વ ન માને ત્યાં સુધી શિષ્ટત્વનો સ્વીકાર કરવામાં એક સાંધો તો તેર તૂટે તેવી હાલત પૂર્વપક્ષીની સર્જાય એમ છે." પરંતુ શંકા વ્યાજબી નથી. આનું કારણ એ છે કે-)

અપ્રમાકરણત્વ અને પ્રમાકરણત્વાભાવ- આ બન્નેય પ્રામાણ્યના વિરોધી છે. તેથી પ્રામાણ્યવિરોધી

१. मुद्रितप्रतौ 'अप्रमाकरणत्वाभावयोः' इति त्रुटितोऽशुद्धश्च पाठः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नैकग्रहेऽन्याऽभ्युपगन्तर्यतिव्याप्तिः ।

अत्राऽऽह- **इति चेत् ? तदप्रामाण्यमन्तरि** = वेदाऽप्रामाण्याऽभ्युपगन्तरि ।।१८।।

**अजानति च वेदत्वमव्याप्तं चेद्विवक्ष्यते । वेदत्वेनाऽभ्युपगमस्तथापि स्याददः[1] किल ।।१९।।**

**एकग्रहे** = एकतरसङ्ग्रहे **अन्याऽभ्युपगन्तरि** = तदन्यमन्तृत्वशालिनि शिष्टलक्षणस्य **अतिव्याप्तिः** पूर्वोपदर्शिता सम्भवति । न चाऽप्रामाण्यपदेनोभयोः कथं ग्रह इति शङ्कनीयम्, तयोर्द्वयोरेव **प्रामाण्यविरोधित्वेन** अप्रामाण्यपदेन ग्रहणसम्भवात् । न ह्यप्रमाकरणत्वमेव प्रामाण्यविरोधि न तु प्रमाकरणत्वाभाव इति मनुते कश्चिद् विपश्चित् । ततश्च वेदविशेष्यक-प्रमाकरणत्वाभावप्रकारकस्वारसिकाऽभ्युपगमसत्त्वे वेदविशेष्यकाऽप्रमाकरणत्वप्रकारकस्वारसिकाऽभ्युपगमसत्त्वे वा नैव शिष्टलक्षणातिव्याप्तिः सम्भवति, स्वारसिकवेदप्रामाण्यमन्तृत्वोत्तरकालीन-वेदप्रामाण्यविरोधिस्वारसिकाऽभ्युपगमसंसर्गाभावप्रच्यवादिति पूर्वपक्ष्याशयः।

एतन्निराकरणाय ग्रन्थकारोऽव्याप्तिं **आह** बहिः 'बौद्धशास्त्रमि'त्यक्षरोट्टङ्कितवस्त्राद्यन्तरितवेदशास्त्रमुद्दिश्य 'नेदं प्रमाणमि'त्येवंरूपेण **वेदाऽप्रामाण्याभ्युपगन्तरि** ।।१५/१८।।

તરીકે તે બન્નેનો સંગ્રહ કરવાથી એક સ્વીકારે છતાં અન્યનો સ્વીકાર ન કરે તેવા પુરુષમાં શિષ્ટના લક્ષણની અતિવ્યાપ્તિ નહિ આવે. (આવું કહેવાની પાછળ પૂર્વપક્ષીનો આશય એવો છે કે 'વેદમાં પ્રામાણ્યનો સ્વીકાર કર્યા બાદ જ્યાં સુધી સ્વૈચ્છિક રીતે વેદઅપ્રામાણ્યનો સ્વીકાર ન કરે ત્યાં સુધી તે વ્યક્તિમાં શિષ્ટત્વ માન્ય છે'- આ મુજબ જે શિષ્ટલક્ષણ કરેલ છે તેમાં વેદઅપ્રામાણ્યસ્વીકાર = વેદપ્રામાણ્યવિરોધી સ્વીકાર એવો અર્થ કરવાનો. વેદમાં અપ્રમાકરણત્વ અને વેદમાં પ્રમાકરણત્વનો અભાવ- આ બન્ને તત્ત્વ વેદપ્રામાણ્યના વિરોધી જ છે. તેથી 'વેદઅપ્રામાણ્યગ્રહ' આ શબ્દ દ્વારા 'વેદપ્રામાણ્યવિરોધી સ્વીકાર' રૂપે તે બન્નેનું ગ્રહણ થઈ જાય છે. મતલબ કે વેદને પ્રમાણ તરીકે માન્યા પછી 'વેદમાં અપ્રમાકરણત્વ છે' એવું ન માને અને 'વેદમાં પ્રમાકરણત્વ નથી' આવું ન માને ત્યાં સુધી તે માણસમાં શિષ્ટત્વ માન્ય છે. તથા વેદમાં અપ્રમાકરણત્વ માને અને વેદમાં પ્રમાકરણત્વનો અભાવ કદાચ ન માને તો પણ વેદપ્રામાણ્યવિરોધિસ્વીકાર થઈ જવાથી તે ત્યારે અશિષ્ટ જ કહેવાય. તે જ રીતે વેદમાં પ્રમાકરણત્વનો અભાવ માને પણ અપ્રમાકરણત્વ કદાચ ન માને તો ય વેદપ્રામાણ્યવિરોધી માન્યતા હાજર થઈ જવાના લીધે ત્યારે તે અશિષ્ટ જ કહેવાશે. આમ શિષ્ટલક્ષણની અતિવ્યાપ્તિ નહિ આવે.) ←

પૂર્વપક્ષીના દીર્ઘકથનનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે કે પુસ્તકને વેદ તરીકે ન જાણતા અને તેને ઉદ્દેશીને અપ્રામાણ્યનો સ્વીકાર કરતા બ્રાહ્મણમાં શિષ્ટ લક્ષણની અવ્યાપ્તિ આવશે.(૧૫/૧૮)

**વિશેષાર્થ :-** પુસ્તકાકાર વેદશાસ્ત્રને વસ્ત્રથી ઢાંકીને વસ્ત્ર ઉપર 'બૌદ્ધ શાસ્ત્ર' એવું લખાણ કરેલ હોય તેવી અવસ્થામાં વેદપ્રામાણ્યવાદી બ્રાહ્મણને કોઈ પૂછે કે 'આ શાસ્ત્ર પ્રમાણ છે કે અપ્રમાણ ?' તે બ્રાહ્મણને ખબર નથી કે અંદરમાં વેદશાસ્ત્ર છે અને બહાર લેબલ-સિમ્બોલ-નામ બૌદ્ધશાસ્ત્રનું લગાવેલ છે. આવી પરિસ્થિતિમાં તે કહે છે કે 'આ શાસ્ત્ર અપ્રમાણ છે' તો વેદમાં અપ્રામાણ્યનો સ્વીકાર તેણે કરી જ લીધેલ છે. કારણ કે તે પુસ્તક વેદશાસ્ત્ર જ છે. આથી તેમાં શિષ્ટલક્ષણની અવ્યાપ્તિ આવશે. ૧૯મી ગાથાના પૂર્વાર્ધ સાથે આ ગાથાના ઉત્તરાર્ધમાં રહેલ ઉત્તરપક્ષનો સંબંધ જોડવાથી ઉપરોક્ત અર્થ ફલિત થાય છે. આ વાત વાચકવર્ગે ધ્યાનમાં રાખવી. (૧૫/૧૮)

**ગાથાર્થ :-** વેદમાં વેદપણું ન જાણતા બ્રાહ્મણમાં અવ્યાપ્તિ આવશે. જો વેદરૂપે અપ્રામાણ્ય સ્વીકારની

१. हस्तादर्शे 'स्यादिदः' इत्यशुद्धः पाठः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[1]**अजानति चेति । वेदत्वं च वेदे अजानति** ब्राह्मणे **अव्याप्तं** लक्षणमेतत्, तेन वेदाऽप्रामाण्याऽभ्युपगमात् ।

अथ **चेद्** = यदि **वेदत्वेनाऽभ्युपगमो विवक्ष्यते,** वेद एव वेदत्वमजानतश्च न वेदत्वेनाऽप्रामाण्याऽभ्युपगमः किन्तु 'इदमप्रमाणमि'ति इदंत्वादिनैवेति नाऽव्याप्तिः ।

---

**वेदे** = वस्त्राद्यन्तरितत्वेन वेदशास्त्रे **वेदत्वं अजानति ब्राह्मणे अव्याप्तं लक्षणमेतत्** । **तेन** = श्रोत्रियेण 'नेदं शास्त्रं प्रमाणमि'त्येवं **वेदाऽप्रामाण्याऽभ्युपगमात्** स्वारसिकवेदप्रामाण्यमननोत्तरकालीन-वेदप्रामाण्यविरोधिस्वरसवाह्यभ्युपगमसंसर्गाऽभावप्रच्यवात् ।

उपलक्षणाद् बहिः 'वेदशास्त्रमि'त्यक्षरोट्टङ्कितवस्त्राद्यन्तरितबौद्धशास्त्रमुद्दिश्य 'इदं प्रमाणमि'त्येवं बौद्धशास्त्रप्रामाण्याऽभ्युपगन्तर्यपि ब्राह्मणेऽव्याप्तिर्बोध्या, बौद्धशास्त्रप्रामाण्याऽभ्युपगमस्य वेदप्रामाण्यविरोधितया स्वारसिकवेदप्रामाण्यमन्तृत्वोत्तरकालीनवेदप्रामाण्यविरोधिस्वारसिकाऽभ्युपगमसंसर्गाभावरूपस्य शिष्टलक्षणस्य विरहात् ।

**अथ यदि वेदत्वेनाऽभ्युपगमो विवक्ष्यते** तर्हि यद्यपि वस्त्राद्यन्तरितादिदशायां **वेदे** = वेदशास्त्रे **एव वेदत्वमजानतश्च** श्रोत्रियस्य 'न वेदाः प्रमाणमि'त्येवं **वेदत्वेन** रूपेण वेदशास्त्रे **अप्रामाण्याऽभ्युपगमो न** = नैवाऽस्ति **किन्तु 'इदमप्रमाणमि'ति** रूपेण **इदन्त्वादिनैव** अप्रामाण्यस्वीकार **इति न** = नैव शिष्टलक्षणस्य **अव्याप्तिः** । केनचित् शाठ्यादितो 'बौद्धशास्त्रमि'त्यक्षरशालिवस्त्राद्यन्तरितं ऋग्वेदादिकमुद्दिश्य 'इदं शास्त्रं प्रमाणं यदुताऽप्रमाणम् ?' इत्येवं पृष्टः श्रोत्रियो ब्राह्मणो 'नेदं प्रमाणमि'ति ब्रूते तदा यद्यपि वेद इदन्त्वेनाऽप्रामाण्यं स्वरसत एव तेनाभ्युपगतमेव तथापि वेदत्वेन वेदेऽप्रामाण्यं नैवोपगतम्। एवमेव बहिः 'वेदशास्त्रमि'त्यक्षराऽऽलिङ्गितवस्त्राद्यन्तरितबौद्धशास्त्रमुद्दिश्य 'इदं प्रमाणमि'त्येवं बौद्धशास्त्रप्रामाण्यमन्तृत्वं नैव श्रोत्रियस्य शिष्टलक्षणाऽव्याप्तिप्रसञ्जकम्, वेदत्वेन वेदप्रामाण्याभ्युपगमस्य सत्त्वादेव । न हीदन्त्वेन बौद्धाद्यागमप्रामाण्याभ्युपगमो वेदप्रामाण्यविरोधी किन्तु बौद्धागमत्वादिनैव रूपेण बौद्धाद्यागमप्रामाण्याभ्युपगमः ।

एवं प्रामाण्यग्रहोऽपि वेदत्वेनैव शिष्टलक्षणे प्रवेशनीयः। तेन बहिः 'बौद्धशास्त्रमि'त्यक्षरोट्टङ्कितवस्त्राद्यन्तरितवेदशास्त्रमुद्दिश्य 'इदं प्रमाणमि'ति ब्रुवतो बौद्धस्य नैव शिष्टत्वप्रसङ्गः । इत्थञ्च वेदत्वेन स्वारसिकप्रामाण्यग्रहाद् यावन्न वेदत्वेन स्वारसिकः प्रामाण्यविरोधिग्रहस्तावच्छिष्टत्वमित्यभ्युपगमे नैवाऽस्ति कश्चिद् दोषलेश इति पूर्वपक्ष्याशयः ।

---

વાત કરો તો પણ આ લક્ષણ ખરેખર દોષગ્રસ્ત છે. **(૧૫/૧૯)**

**ટીકાર્થ :-** પુસ્તકાદિસ્વરૂપ વેદમાં વેદપણાને નહિ જાણતા અને તેનો અપ્રમાણ તરીકે સ્વીકાર કરવાના લીધે તે બ્રાહ્મણમાં શિષ્ટલક્ષણ અવ્યાપ્તિદોષવાળું થશે. જો પૂર્વપક્ષી કહે કે → વેદરૂપે વેદને અપ્રમાણ તરીકે ન સ્વીકારે ત્યાં સુધી શિષ્ટત્વ માનવું- આવી વિવક્ષા છે. વેદને વસ્ત્રથી ઢાંકીને બૌદ્ધગ્રંથનું લેબલ કે સિમ્બોલ લગાડ્યા બાદ તે બ્રાહ્મણ 'આ ગ્રંથ અપ્રમાણ છે' આમ પુરોવર્તીત્વરૂપે તેમાં અપ્રામાણ્યનો સ્વીકાર કરે છે. પણ વેદરૂપે તેમાં અપ્રામાણ્યનો સ્વીકાર નથી કરતો. માટે અવ્યાપ્તિ દોષને અવકાશ નહિ રહે. ← પરંતુ આ વાત વ્યાજબી નથી.

---

१. हस्तादर्शे 'अज्ञानति' इत्यशुद्धः पाठः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तथापि (स्याद्) अदः** = एतल्लक्षणं **किल** \\१९\\

**ब्राह्मणः पातकात्प्राप्तः काकभावं तदापि हि । व्याप्नोतीशं च नोत्कृष्टज्ञानावच्छेदिका तनुः ।।२०।।**

**ब्राह्मण** इति । यदा **ब्राह्मणः पातकात्** = काकजन्मनिबन्धनाद् दुरितात् **काकभावं प्राप्तः तदापि हि** स्यात्, ब्राह्मण्यदशायां [1]वेदप्रामाण्याऽभ्युपगन्तृत्वात् काकदशायां च वेदाऽप्रामाण्याऽनभ्युपगन्तृत्वात् ।

ग्रन्थकारोऽतिव्याप्त्यापादनद्वारैतन्निराकरणायोपक्रमते- **'तथापी'**ति ।।१५/१९।।

यथा चाऽतिव्याप्तिरापद्यते तथा दर्शयितुमाह- **ब्राह्मण** इति । **काकजन्मनिबन्धनात्** = ध्वाङ्क्षदेहधारणं प्रति कारणीभूतात् रात्रिभोजनादिलक्षणात् **दुरितात्** श्रोत्रियो **ब्राह्मणो** यदा **काकभावं** उलुकाऽरिदेहं **प्राप्तः तदापि** तत्र एतल्लक्षणं अग्रेतनश्लोकादत्रान्वेयं 'वेदत्वप्रकारकस्वारसिकप्रामाण्यग्रहोत्तरकालीन-स्वरसवाहि-वेदत्वप्रकारकाऽप्रामाण्यग्रहाऽभावात्मकं' शिष्टलक्षणं **व्याप्नोति** = वर्तत इति सुदुर्निवारैवाऽतिव्याप्तिः । यथा च तत्रोक्तशिष्टलक्षणं सङ्गतिमङ्गति तथोपदर्शयितुमाह- **ब्राह्मण्यदशायां वेदप्रामाण्याऽभ्युपगन्तृत्वात्** = वेदत्वप्रकारकस्वारसिकप्रामाण्याऽभ्युपगमात् तदुत्तरकालं यावज्जीवं तत्र जन्मनि **काकदशायाञ्च वेदाऽप्रामाण्याऽनभ्युपगन्तृत्वात्** = वेदत्वप्रकारकस्वारसिकाऽप्रामाण्याऽभ्युपगमविरहसत्त्वात् ।

**ननु** काकभवेऽतिव्याप्तिवारणाय शिष्टाचारलक्षणमस्माभिरित्थं परिष्क्रियते वेदत्वप्रकारकस्वारसिक-प्रामाण्यग्रहोत्तरकालीनत्वे सति उत्कृष्टज्ञानाऽवच्छेदकशरीरवत्त्वे सति वेदत्वप्रकारकप्रामाण्यविरोधिस्वारसिक-ग्रहाऽभाववत्त्वं शिष्टत्वम् । आत्मनो विभुतया शरीरावच्छेदेन ज्ञानोत्पत्त्यङ्गीकारेण काकादावपकृष्टज्ञानाव-च्छेदकशरीरसत्त्वेऽप्युत्कृष्टज्ञानावच्छेदकदेहविरहान्न ब्राह्मणस्य दुरितात्काकभवप्राप्तावतिव्याप्तिः शिष्टत्वस्येति चेत् ? **मैवम्**, एवं सति महेश्वरस्य शिष्टत्वं न स्यात्, तस्य वेदप्रामाण्याऽभ्युपगन्तृत्वे सति वेदाऽप्रा-

કારણ કે તો પણ આ લક્ષણ દોષગ્રસ્ત જ છે. આગલી ગાથામાં દોષ બતાવાશે.(૧૫/૧૯)

**વિશેષાર્થ :-** વેદમાં પ્રામાણ્યનો સ્વીકાર કર્યા બાદ વેદસ્વરૂપે વેદમાં અપ્રામાણ્યનો સ્વીકાર ન કરે ત્યાં સુધી તેમાં શિષ્ટત્વ સ્વીકારવાની પૂર્વપક્ષીની વાત દ્વારા ૧૮મી ગાથામાં આપેલી અવ્યાપ્તિ હટી જાય છે. કારણ કે ઉપર જણાવેલી અવસ્થામાં વેદરૂપે વેદમાં અપ્રામાણ્યનો સ્વીકાર તે નથી કરતો. પરંતુ ઈદંત્વરૂપે-પુરોવર્તિત્વરૂપે અપ્રામાણ્યનો સ્વીકાર કરે છે. આ વિવક્ષા કરવા છતાં પણ જે દોષ આવે છે તેને ગ્રંથકારશ્રી આગલી ગાથામાં બતાવે છે. (૧૫/૧૯)

## ❋ ઈશ્વરમાં અશિષ્ટત્વની સમસ્યા ❋

**ગાથાર્થ :-** બ્રાહ્મણ પાપના લીધે કાગડો બને ત્યારે પણ શિષ્ટલક્ષણ ત્યાં રહેશે. વળી, ઉત્કૃષ્ટ જ્ઞાનઅવચ્છેદક શરીર તો ઈશ્વરમાં રહેતું નથી. (૧૫/૨૦)

**ટીકાર્થ :-** કાગડાનો જન્મ લેવો પડે તેવું પાપ કરવાના લીધે જે વેદવાદી બ્રાહ્મણ ભવાંતરમાં કાગડો બનશે ત્યારે પણ તેમાં શિષ્ટ પુરુષનું લક્ષણ રહી જવાથી તેને શિષ્ટ માનવો પડશે. કારણ કે તેણે પૂર્વે બ્રાહ્મણભવમાં વેદમાં પ્રામાણ્યનો સ્વીકાર કરેલ છે તેમ જ ત્યાર પછી બ્રાહ્મણભવમાં કે કાગડાના ભવમાં વેદમાં અપ્રામાણ્યનો સ્વીકાર કરેલ નથી. આમ અતિવ્યાપ્તિ દોષ આવશે.

१. हस्तादर्शे 'वेदब्राह्मण्य....' इत्यशुद्धः पाठः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**उत्कृष्टज्ञानावच्छेदिका च तनुः ईशं** = [1]भवानीपतिं **न व्याप्नोति** । तथा च काकेऽतिव्याप्तिवारणार्थमुत्कृष्टज्ञानाऽवच्छेदकशरीरवत्त्वे सतीति विशेषणदाने ईश्वरेऽव्याप्तिरित्यर्थः ।।२०।।

**अन्याऽङ्गरहितत्वं च तस्य काकभवोत्तरम् । देहान्तराऽग्रह[2]दशामाश्रित्याऽतिप्रसक्तिमत् ।।२१ ।।**

माण्याऽनभ्युपगन्तृत्वेऽप्युत्कृष्टज्ञानाऽवच्छेदकशरीरविरहात् । **न च** = न हि **उत्कृष्टज्ञानावच्छेदिका तनुः** शिष्टत्वेन जगत्कर्तृत्वेन च भवदभिमतं **भवानीपतिं व्याप्नोति** = आश्रयति । भवन्मते जगत्कर्तरि धूर्जटौ शरीरमेव नाऽङ्गीक्रियते कुत उत्कृष्टज्ञानाऽवच्छेदकं शरीरम् ? **तथा च काके** = वेदप्रामाण्याऽभ्युपगन्तुर्ब्राह्मणस्य काकदेहधारणदशायां शिष्टत्वस्य **अतिव्याप्तिवारणार्थं** शिष्टलक्षणकुक्षौ **उत्कृष्टज्ञानावच्छेदकशरीरवत्त्वे सतीति** अस्य **विशेषणदाने** = स्वारसिकवेदाऽप्रामाण्याऽनभ्युपगन्तृत्वविशेषणविधयोपादाने शिष्टलक्षणलक्ष्यताऽऽक्रान्ते **ईश्वरे** = जगदीशे शिष्टलक्षणस्य **अव्याप्तिरित्यर्थः** । ततश्चेतो व्याघ्र इतस्तटीति न्यायापातः ।।१५/२०।।

ननूत्कृष्टज्ञानाऽवच्छेदकशरीरस्थानेऽपकृष्टज्ञानावच्छेदकशरीराऽभाववत्त्वमेव प्रवेष्टव्यमिति नेशेऽव्याप्तिस्सम्भवति, तस्य शरीरत्वावच्छिन्नप्रतियोगिताकाऽभावविशिष्टतयाऽपकृष्टज्ञानावच्छेदकशरीरराहित्यमनाविलमेव । ततश्च वेदत्वेन स्वारसिकवेदप्रामाण्यग्रहकालादारभ्याऽपकृष्टज्ञानावच्छेदकशरीरराहित्ये सति वेदत्वेन वेदविशेष्यकस्वारसिकाऽप्रामाण्यानभ्युपगन्तृत्वकालं यावच्छिष्टत्वमित्यभ्युपगमे न महेशेऽव्याप्तिर्न वाऽन्यत्राऽतिव्याप्तिः, काकस्याऽपकृष्टज्ञानावच्छेदकदेहराहित्यात्मकविशेषणशून्यत्वेन निरुक्तविशिष्टलक्षणस्याऽसत्त्वादिति पूर्वपक्ष्याशयमपाकर्तुं ग्रन्थकार आह- '**अन्ये**'ति ।

વળી, ઉત્કૃષ્ટ જ્ઞાનનું અવચ્છેદક શરીર ઈશ્વરમાં રહેતું નથી. આ કારણે કાગડામાં અતિવ્યાપ્તિની બાદબાકી કરવા માટે ઉત્કૃષ્ટ જ્ઞાનના અવચ્છેદક શરીરને જો વેદઅપ્રામાણ્ય અસ્વીકારના વિશેષણ તરીકે બનાવવામાં આવે તો ઈશ્વરમાં અવ્યાપ્તિ આવશે. (૧૫/૨૦)

**વિશેષાર્થ :-** કાગડાને થતું જ્ઞાન નિમ્ન કક્ષાનું હોય છે. માણસને થતું જ્ઞાન ઉત્કૃષ્ટ કક્ષાનું હોય છે. તેથી માણસ પાસે જે શરીર છે તે ઉત્કૃષ્ટ જ્ઞાનનું અવચ્છેદક છે. જ્ઞાન નૈયાયિક મતે આત્મામાં શરીરાવચ્છેદેન ઉત્પન્ન થતું હોવાથી શરીર જ્ઞાનનું અવચ્છેદક કહેવાય છે. વેદપ્રામાણ્યવાદી બ્રાહ્મણ બીજા ભવમાં કાગડો બને ત્યારે પણ વેદમાં અપ્રામાણ્યનો સ્વીકાર કરેલ નથી હોતો. પરંતુ કાગડાની અવસ્થામાં ઉત્કૃષ્ટજ્ઞાનનું અવચ્છેદક શરીર નથી હોતું. આથી વેદમાં પ્રામાણ્યનો સ્વીકાર કર્યા બાદ જ્યાં સુધી ઉત્કૃષ્ટજ્ઞાનનું અવચ્છેદક શરીર હોય અને વેદમાં અપ્રામાણ્ય માન્યું ન હોય ત્યાં સુધી તેમાં શિષ્ટત્વ હોય એવું માનવામાં આવે તો તે કાગડામાં શિષ્ટ લક્ષણની અતિવ્યાપ્તિનો પરિહાર થઈ જાય છે. કેમ કે તેની પાસે ઉત્કૃષ્ટજ્ઞાનઅવચ્છેદક શરીર નથી. પરંતુ આવું માનવામાં સમસ્યા એ ઊભી થાય છે કે ઈશ્વર અશિષ્ટ બની જશે. કારણ કે ઈશ્વર અશરીરી હોવાથી તેની પાસે ઉત્કૃષ્ટજ્ઞાનનું અવચ્છેદક બને તેવું શરીર નથી. આમ ઈશ્વરમાં શિષ્ટલક્ષણની અવ્યાપ્તિ દુર્વાર બનશે. (૧૫/૨૦)

**ગાથાર્થ :-** અપકૃષ્ટ જ્ઞાનનું અવચ્છેદક શરીર ન હોય (અને વેદઅપ્રામાણ્યનો સ્વીકાર ન કર્યો હોય) ત્યાં સુધી શિષ્ટત્વ માનવામાં બ્રાહ્મણ કાગડાના ભવ પછી અન્ય શરીરને ગ્રહણ ન કરે તે અવસ્થાને આશ્રયીને અતિપ્રસંગ આવશે. (૧૫/૨૧)

१. हस्तादर्शे 'भवनी...' इत्यशुद्धः पाठः । २. हस्तादर्शे 'ग्रहदिशा...' इत्यशुद्धः पाठः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अन्येति । **अन्याऽङ्गरहितत्वं च** = अपकृष्टज्ञानावच्छेदकशरीरराहित्यं[1] च **तस्य** = ब्राह्मणभवाऽनन्तरप्राप्तकाकभवस्य **काकभवोत्तरं देहान्तराऽग्रहदशां** = शरीरान्तराऽनुपादानाऽवस्थां **आश्रित्य अतिप्रसक्तिमद्** = [2]अतिव्याप्तं तदानीमपकृष्टज्ञानाऽवच्छेदकशरीरराहित्यात् ।।२१।।

**अवच्छेदकदेहानामपकृष्टधियामथ । सम्बन्धविरहो यावान्[3] प्रामाण्योपगमे सति ।।२२।।**

**अप्रामाण्याऽनुपगमस्तावत्कालीन एव हि। [4]शिष्टत्वं काकदेहस्य[5] प्रागभावस्तदा च न।।२३।।**

**अपकृष्टज्ञानावच्छेदकशरीरराहित्यं** शिष्टलक्षणकुक्षौ स्वारसिकवेदाऽप्रामाण्याऽनभ्युपगमविशेषणविधया प्रविष्टं तु यो ब्राह्मणः काको जातस्तदनन्तरञ्च ब्राह्मणो भविष्यति तस्य **ब्राह्मणभवाऽनन्तरप्राप्तकाकभवस्य** = वेदप्रामाण्याभ्युपगन्तृ-ब्राह्मणभवोत्तरं सम्प्राप्तध्वाङ्क्षदेहस्य **काकभवोत्तरं** = काकभवसमाप्त्यनन्तरं यावद् देहान्तराऽनुपादानं तावत्कालं **शरीरान्तराऽनुपादानावस्थां** जैनदर्शनानुसारेण विग्रहगत्यभिधानां दशां **आश्रित्य** परिष्कृतशिष्टलक्षणं **अतिव्याप्तम्, तदानीं** = अपान्तरालगतौ **अपकृष्टज्ञानाऽवच्छेदकशरीरराहित्यात्** = स्वारसिकवेदप्रामाण्याभ्युपगमोत्तरकालीनत्वे सति अपकृष्टज्ञानावच्छेदकदेहराहित्ये सति वेदत्वेन स्वारसिकाऽप्रामाण्याऽनभ्युपगन्तृत्वात् । ततश्च घट्टकुट्यां प्रभातं जातम् ।।१५/२१।।

प्रकृताऽतिव्याप्तिनिराकरणाय **कारिकायुगलेन** पूर्वपक्ष्युपक्रमते- '**अवच्छेदके**'ति '**अप्रामाण्ये**'ति च।

**ટીકાર્થ :-** 'અપકૃષ્ટ જ્ઞાનનું અવચ્છેદક શરીર ન હોવું' આવા વિશેષણનો શિષ્ટલક્ષણમાં પ્રવેશ કરવામાં આવે તો વેદપ્રામાણ્યવાદી બ્રાહ્મણના ભવ પછી જેણે પાપના લીધે કાગડાનો ભવ ધારણ કરેલ છે તે બ્રાહ્મણનો જીવ જ્યારે કાગડારૂપે કાળધર્મ પામી, નવું શરીર ધારણ ન કરે તે અવસ્થાની અપેક્ષાએ શિષ્ટલક્ષણની અતિવ્યાપ્તિ આવશે. કારણ કે તે વખતે અપકૃષ્ટ જ્ઞાનનું અવચ્છેદક શરીર નથી.(૧૫/૨૧)

**વિશેષાર્થ :-** ઈશ્વરમાં શિષ્ટલક્ષણની અવ્યાપ્તિના નિરાકરણ માટે જો પૂર્વપક્ષી એમ કહી શકે છે કે "વેદપ્રામાણ્યના સ્વીકાર બાદ અપકૃષ્ટજ્ઞાનનું અવચ્છેદક ન હોય અને વેદઅપ્રમાણ્યનો સ્વીકાર ન કર્યો હોય ત્યાં સુધી શિષ્ટત્વ માન્ય છે. ઈશ્વર પાસે શરીર જ ન હોવાથી અપકૃષ્ટ જ્ઞાનના અવચ્છેદક શરીરનો પણ અભાવ જ હોય છે. માટે શિષ્ટનું લક્ષણ તેમાં રહી જવાથી અવ્યાપ્તિ નહિ આવે. ઈશ્વર અશિષ્ટ બનવાની સમસ્યા ઊભી નહિ થાય." પરંતુ આમ માનવા જતાં અતિવ્યાપ્તિનો દોષ ઉપસ્થિત થશે. તે આ રીતે- જે બ્રાહ્મણ વેદને પ્રમાણભૂત માને છે અને કાગડાના ભવમાં જવું પડે તેવું પાપ કરવાના લીધે કાગડા તરીકે જન્મ ધારણ કરેલ છે. તથા કાગડાનો ભવ પૂર્ણ કરીને નવો ભવ- નવું શરીર ધારણ કરેલ ન હોય તે અવસ્થામાં શિષ્ટલક્ષણ રહી જવાથી તેને શિષ્ટ માનવાની સમસ્યા સર્જાશે. કારણ કે તે અવસ્થામાં તેની પાસે અપકૃષ્ટ જ્ઞાનનું અવચ્છેદક બને તેવા શરીરનો અભાવ છે અને તેણે ત્યારે વેદમાં અપ્રામાણ્યનો સ્વીકાર કર્યો નથી. આમ શિષ્ટલક્ષણમાં અતિવ્યાપ્તિ દોષ દુર્વાર બને છે.(૧૫/૨૧)

## ❀ પદ્મનાભનો દીર્ઘપૂર્વપક્ષ ❀

**ગાથાર્થ :-** વેદપ્રામાણ્યનો સ્વીકાર કરતી વખતે અપકૃષ્ટ બુદ્ધિના જેટલા અવચ્છેદક શરીરોના સંબંધોનો અભાવ હોય તે સઘળા સંબંધાભાવોનો સમકાલીન વેદઅપ્રામાણ્યનો અસ્વીકાર જ શિષ્ટત્વ છે. કાગડાના દેહનો પ્રાગભાવ ત્યારે (=કાકમરણોત્તર નૂતન શરીરના અસ્વીકાર સમયે) નથી હોતો.

१. हस्तादर्शे '...शरीराहित्यं' इति त्रुटितः पाठः । २. हस्तादर्शे 'अव्याप्तं' इत्यशुद्धः पाठः । ३. हस्तादर्शे 'थावन्' इत्यशुद्धः पाठः । ४. हस्तादर्शे 'शिष्टत्वे' इत्यशुद्धः पाठः । ५. हस्तादर्शे '...देहस्याप्राग...' इत्यशुद्धः पाठः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अवच्छेदकेति** । **अथ प्रामाण्योपगमे सति** वेदप्रामाण्याऽभ्युपगमकाले **यावान् अपकृष्टधियां अवच्छेदकदेहानां**[1] = अपकृष्टज्ञानाऽवच्छेदकशरीराणां **सम्बन्धविरहः** = सम्बन्धाऽभावः ।।२२।।

**अप्रामाण्येति** । **तावत्कालीन एव हि** = सकलतत्समानकालीन एव **अप्रामाण्याऽनुपगमः** = वेदाऽप्रामाण्याऽभ्युपगमविरहः **शिष्टत्वम्** । **काकदेहस्य प्रागभावो** वेदप्रामाण्याऽभ्युपगमसमानकालीनः **तदा च** = काकस्य **मरणाऽनन्तरं** शरीरान्तराऽग्रहदशायां **न** अस्तीति नाऽतिव्याप्तिः । **इत्थं च यावन्तं कालं वेदत्वेन वेदाऽप्रामाण्याभ्युपगमस्य विरहो** वेदप्रामाण्याऽभ्युपगमसमानकालीनयावदप[2]कृष्ट-

---

**अथ प्रामाण्योपगमे सति** = वेदत्वेन स्वारसिकप्रामाण्याऽभ्युपगन्तृत्वे सति **वेदप्रामाण्याभ्युपगमकाले यावान् अपकृष्टज्ञानावच्छेदकशरीराणां सम्बन्धाभावः** = अधिष्ठातृत्वादिलक्षणसम्बन्धाभावः **सकलतत्समानकालीन एव** = सर्वतादृशशरीरसम्बन्धाभावसमकालीन एव **वेदाऽप्रामाण्याभ्युपगमविरहः** = वेदत्वेन वेदगोचरस्वारसिकाऽप्रामाण्यानभ्युपगमो हि **शिष्टत्वं** निगद्यतेऽस्माभिः ।

ब्राह्मणभवे वेदप्रामाण्याभ्युपगन्तृत्वकाले यः **काकदेहस्य प्रागभावः** = काकदेहप्रतियोगिकप्रागभावः स **वेदप्रामाण्याभ्युपगमसमानकालीनो** वर्तते । ततश्च शिष्टत्वव्यवहारकाले स आवश्यकः, तल्लक्षणप्रविष्टत्वात् । **काकस्य मरणानन्तरं शरीरान्तराऽग्रहदशायां** = विग्रहगतौ = अपान्तरालगतौ स वेदप्रामाण्याभ्युपगमसमकालीनकाकदेहप्रागभावो **नास्ति**, काकदेहोत्पादेन तन्नाशाद् **इति न** = नैव शिष्टलक्षणस्य तदानीं तत्र **अतिव्याप्तिस्सम्भवति**, विशेषणाऽभावप्रयुक्तविशिष्टाभावात् । न हि तदा वेदाऽप्रामाण्यानभ्युपगमो वेदप्रामाण्याभ्युपगमसमकालीन-यावदपकृष्टज्ञानावच्छेदक-देहसम्बन्धविशेषाभावसमकालीन इति वक्तुं शक्यते ।

पूर्वपक्षी फलितार्थमाह- **इत्थञ्चेति** । **यावन्तं कालं वेदत्वेन** रूपेण **वेदाऽप्रामाण्याभ्युपगमस्य विरहः** = वेदत्वावच्छिन्नविशेष्यतानिरूपिताऽप्रामाण्यनिष्ठप्रकारतानिरूपकग्रहाभावो **वेदप्रामाण्याभ्युपगमसमानकालीनयावदपकृष्टज्ञानावच्छेदकशरीरसम्बन्धाभावसमानकालीनः** = वेदत्वाऽवच्छिन्नविशेष्यतानिरूपित-प्रामाण्यनिष्ठप्रकारतानिरूपकग्रहसमकालीना यावन्तोऽपकृष्टज्ञानावच्छेदकशरीरसम्बन्धविशेषाणामभावास्तत्समान-

---

[તેથી અતિવ્યાપ્તિ નહિ આવે- એમ પૂર્વપક્ષીનું મંતવ્ય બે શ્લોક દ્વારા ફલિત થાય છે] (૧૫/૨૨-૨૩)

**ટીકાર્થ** :- વેદમાં પ્રામાણ્યના સ્વીકાર સમયે અપકૃષ્ટ જ્ઞાનના (=કાગડા વગેરે ભવમાં ઉત્પન્ન થનાર જ્ઞાનના) અવચ્છેદક શરીરોના જેટલા સંબંધોનો અભાવ હોય તે સઘળાય સંબંધાભાવોનો સમકાલીન એવો જ જે અપ્રામાણ્યનો અસ્વીકાર તે જ ખરેખર શિષ્ટત્વ છે. આવું માનવાથી ૨૧મા શ્લોકમાં આપવામાં આવેલ અતિવ્યાપ્તિ દોષનું નિરાકરણ થશે. તે આ રીતે- બ્રાહ્મણના ભવમાં વેદમાં પ્રામાણ્યનો સ્વીકાર કરવાના સમયે અપકૃષ્ટજ્ઞાનઅવચ્છેદક કાકદેહનો જે પ્રાગભાવ હતો તે કાકદેહપ્રાગભાવ કાગડાના મૃત્યુ બાદ નવું શરીર ધારણ ન કરવાની અવસ્થામાં હાજર ન હોવાથી અતિવ્યાપ્તિ નહિ આવે. આ રીતે ફલિત એ થાય છે કે વેદ તરીકે વેદમાં અપ્રામાણ્યનો અસ્વીકાર જેટલા કાળ સુધી વેદપ્રામાણ્યસ્વીકારને સમકાલીન એવા અપકૃષ્ટજ્ઞાનના અવચ્છેદક થનાર શરીરના સંબંધના તમામ અભાવને સમકાલીન હોય

---

१. '...देहनां' इत्यशुद्धः पाठो हस्तप्रतौ । २. '...दप्रकृ...' इति मुद्रितप्रतौ पाठः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ज्ञानावच्छेदकशरीरसम्बन्धाऽभावसमानकालीनस्तावन्तं कालं स शिष्टः । ब्राह्मणोऽपि बौद्धो जातो वेदाऽप्रामाण्यं यावन्नाऽभ्युपगतवान् तावच्छिष्ट एव । बौद्धोऽपि ब्राह्मणो जातो वेदप्रामाण्यं यावन्नाऽङ्गीकृतवांस्तावदशिष्ट एवेति फलितमाह **पद्मनाभः** ।

अत्र च वेदप्रामाण्याऽभ्युपगमसमानकालीनत्ववत्[1]तत्सामानाधिकरण्यमपि वाच्यम् ।

अन्यथोत्तरकालं तत्कालीन[2]यत्किंचिद्व्यधिकरणाऽपकृष्टज्ञानाऽवच्छेदकशरीरसम्बन्धप्रागभाव-

---

कालीनत्वविशिष्टः **तावन्तं कालं स शिष्ट** इति तात्पर्यम् । ततश्च ब्राह्मणे पातकात्प्राप्तकाकभावे काकभवेऽपि नातिव्याप्तिः; तदानीं ब्राह्मणकालीनवेदप्रामाण्याभ्युपगमसमकालीनयावदपकृष्टज्ञानावच्छेदकदेहसम्बन्धाभावान्तःप्रविष्टस्य काकदेहसम्बन्धप्रागभावस्य प्रच्यवेन वेदाप्रामाण्यानभ्युपगमस्य तत्समानकालीनत्वविरहात् ।

न च ब्राह्मणोऽपि मरणानन्तरं यदा बौद्धः सञ्जातस्तदा वेदाऽप्रामाण्यानभ्युपगमकालं यावत्तत्र शिष्टत्वापत्तिर्दुर्निवारैव, तादृशविशेषणविशिष्टवेदाऽप्रामाण्यानभ्युपगमस्य सत्त्वादिति शङ्कनीयम्, इष्टापत्तेः, यतो **ब्राह्मणोऽपि** मृत्वा यदा **बौद्धो जातो यावद् वेदाऽप्रामाण्यं** स्वरसतो **नाऽभ्युपगतवान् तावत् शिष्ट एव** स्वीक्रियतेऽस्माभिः । एवमेव **बौद्धोऽपि** मृत्वा यद्वा कारणवशाद् तत्रैव जन्मनि यदा **ब्राह्मणो जातो यावत् च वेदप्रामाण्यं** स्वरसतो **नाऽङ्गीकृतवान् तावदशिष्ट एवेति** शिष्टलक्षणस्य **फलितं** = फलितार्थं आह **पद्मनाभः** ।

ग्रन्थकारोऽत्रैवावशिष्टपरिष्कारमाह- **अत्र च** यावदपकृष्टज्ञानावच्छेदकशरीरसम्बन्धाभावे विशेषणविधया **वेदप्रामाण्याभ्युपगमसमानकालीनत्ववत् तत्सामानाधिकरण्यमपि** = वेदप्रामाण्याभ्युपगमसमानाधिकरणत्वमपि **वाच्यं** = उपादेयमेव । **अन्यथा** = यावदपकृष्टज्ञानावच्छेदकशरीरसम्बन्धाभावस्य वेदप्रामाण्याभ्युपगमसामानाधिकरण्यविशिष्टत्वाऽविवक्षणे **उत्तरकालं** = वेदप्रामाण्यग्रहानन्तरकालं **तत्कालीनयत्किञ्चिद्व्यधिकरणापकृष्टज्ञानावच्छेदकशरीरसम्बन्धप्रागभावनाशेन** = श्रोत्रियब्राह्मणकर्तृकवेदप्रामाण्याभ्युप-

---

ત્યાં સુધી તે જીવ શિષ્ટ કહેવાય.

બ્રાહ્મણ પણ બીજા ભવમાં બૌદ્ધ થાય અને જ્યાં સુધી વેદમાં અપ્રામાણ્ય ન સ્વીકારે ત્યાં સુધી શિષ્ટ જ છે. તથા વેદવિરોધી બૌદ્ધ પણ મરીને બ્રાહ્મણ થાય અને જ્યાં સુધી વેદમાં પ્રામાણ્ય ન સ્વીકારે ત્યાં સુધી અશિષ્ટ જ છે. આ પ્રમાણે ઉપરોક્ત શિષ્ટ લક્ષણનો ફલિતાર્થ **પદ્મનાભ** નામના વિદ્વાન જણાવે છે.

જો નિશ્ચયનય એમ કહે કે 'આવું કહેવું શક્ય નથી. કારણ કે દંડની જેમ ચક્ર વગેરેના પણ સ્વતંત્ર અન્વય-વ્યતિરેક દેખાય છે. માટે દંડ દ્વારા ચક્રાદિની અન્યથાસિદ્ધિ થઈ ન શકે.' તો આ વાત પ્રસ્તુતમાં પણ સમાન છે કારણ કે દરેક કાર્ય પ્રત્યે નસીબની જેમ પુરુષાર્થના પણ અન્વય-વ્યતિરેક દેખાય જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चेत् ? तुल्यमिदमन्यत्र ।।१०।।

चक्रस्याऽन्यथासिद्ध्यसम्भवात्, अन्यथा स्वतन्त्रसिद्धान्वयव्यतिरेकव्याकोपाऽऽपत्तेः **इति** निश्चयाऽभिप्रायः **चेत्** ? **तुल्यमिदं** समाधानं **अन्यत्र** दैव-पुरुषकारस्थलेऽपि । कार्यत्वावच्छिन्नं प्रति दैव-पुरुषकारयोः स्वतन्त्राऽन्वय-व्यतिरेकदर्शनात् उत्कटदैवेनाऽनुत्कटपुरुषार्थाऽन्यथासिद्ध्यसम्भवात्, अन्यथा स्वतन्त्रसिद्धान्वयव्यतिरेकव्याकोपापत्तेः । न हि सर्वथा दैवविरहे उत्कटयत्नेनाऽपि किञ्चिदपि कार्यं सिध्यति न वैकान्तेन पुरुषकाराभावे तादृशदैवेनाऽपीति तुल्यमुभयत्र कारणत्वम् । यथोक्तं **कुमारिलभट्टेन श्लोकवार्तिके** → यश्चोभयोः समो दोषः परिहारस्तयोः समः । नैकः पर्यनुयोक्तव्यस्तादृगर्थविचारणे ।। ← (श्लो. वा.शून्यवाद-२५२) इति पूर्वं वादद्वात्रिंशिकायां (द्वा.द्वा.८/१३-भाग-२,पृ.५७४) दर्शितमेव ।।१७/१०।।

તેથી નસીબ દ્વારા પુરુષાર્થને કે પુરુષાર્થ દ્વારા નસીબને અન્યથાસિદ્ધ કહી ન શકાય. (૧૭/૧૦)

**વિશેષાર્થ :-** ચોથા શ્લોકમાં નિશ્ચયનયવાદીએ જણાવેલ હતું કે ‘કાર્યજન્મ સમયે અવર્જ્યસન્નિધિરૂપે હાજર રહેલ અન્ય પદાર્થ અન્યથા સિદ્ધ બને છે. આ સિદ્ધાન્ત મુજબ ભાગ્ય હાજર હોવા છતાં પુરુષાર્થની ગેરહાજરીના લીધે ઉત્પન્ન ન થતું કાર્ય પુરુષાર્થ થતાં ઉત્પન્ન થાય તો તે કાર્ય પ્રત્યે ભાગ્ય અન્યથાસિદ્ધ = અકારણ બને.’ પરંતુ આ બાબતમાં વ્યવહારનય એમ કહે છે કે જ્યાં સુધી કાર્યમાં વૈજાત્ય = વૈલક્ષણ્ય = વૈશિષ્ટ્ય સિદ્ધ ન થાય ત્યાં સુધી કારણભેદની કલ્પના વ્યાજબી ન કહેવાય. કાર્યગત વૈજાત્ય પ્રમાણસિદ્ધ હોય તો જ વિશેષરૂપે ભિન્ન-ભિન્ન કારણ દર્શાવી શકાય. જેમ કે તૃણજન્ય અગ્નિ કરતાં અરણિજન્ય, સૂર્યકાંતમણિજન્ય અગ્નિ વિજાતીય - વિલક્ષણ હોવાના કારણે તાર્ણ અગ્નિ પ્રત્યે તૃણ કારણ, આરણેય અગ્નિ પ્રત્યે અરણિ કારણ અને માણેય અગ્નિ પ્રત્યે સૂર્યકાન્તમણિ કારણ-આમ વિશેષરૂપે કાર્ય-કારણભાવ સ્વીકારી શકાય છે. પરંતુ નિશ્ચયમાન્ય ભાગ્યજન્ય કાર્ય કે પુરુષાર્થજન્ય કાર્યમાં કોઈ વિલક્ષણતા-વૈજાત્ય જ પ્રમાણસિદ્ધ નથી. ધન નસીબથી મળે કે પુરૂષાર્થથી મળે પણ તેટલા માત્રથી ધનમાં કોઈ ફરક પડતો નથી. માટે અમુક કાર્ય પ્રત્યે ભાગ્ય કારણ અને અમુક કાર્ય પ્રત્યે પુરુષાર્થ કારણ- આમ કહી શકાતું નથી.

જો કાર્યમાં વૈજાત્ય ન હોય તે છતાં એકને તેના પ્રત્યે કારણ માની બીજા વિદ્યમાન કારણોને અન્યથાસિદ્ધ = અકારણ ઠરાવવામાં આવે તો જેમ શાહજહાંને થયેલ ધનપ્રાપ્તિ, રાજ્યપ્રાપ્તિ વગેરે વિવક્ષિત કાર્ય પ્રત્યે નિશ્ચયનય નસીબને કારણ બતાવીને પુરુષાર્થને અન્યથાસિદ્ધ બતાવે છે બરાબર તે જ રીતે ઘટ પ્રત્યે દંડને કારણ માની ચક્રાદિને અન્યથાસિદ્ધ = અકારણ સાબિત કરી શકાય છે. પરંતુ આવું તો દુનિયામાં કોઈ માનતુ નથી. નિશ્ચયનયને પણ આ વાત માન્ય નથી. માટે અમુક કાર્ય પ્રત્યે નસીબ કારણ અને અમુક કાર્ય પ્રત્યે પુરુષાર્થ કારણ - આવો નિશ્ચયનયમાન્ય કાર્યકારણભાવ વ્યવહારનયને માન્ય નથી.

‘દંડની જેમ ચક્રાદિ હાજર હોય તો જ ઘડો ઉત્પન્ન થાય છે. ચક્રાદિ ગેરહાજર હોય તો ઘડો ઉત્પન્ન થતો નથી. માટે ચક્રાદિને પણ ઘડાના કારણ માનવા જરૂરી છે.’ આવું જો નિશ્ચયવાદી બોલે તો એની સામે વ્યવહારનયવાદી કહી શકે છે કે નસીબની જેમ પુરુષાર્થ હોય તો કાર્ય ઉત્પન્ન થાય છે. પુરુષાર્થ ન હોય તો કાર્ય ઉત્પન્ન થતું નથી. સૂતેલા સિંહના મોઢામાં કાંઈ સસલું સામે ચાલીને શિકાર થવા જતું નથી સિંહ પુરુષાર્થ કરે તો જ ભાગ્યમાં હોય તે મુજબ શિકાર તેને મળે છે. તથા નસીબમાં ન હોય તો આખી રાત ફરવા છતાં પણ શિકાર મળતો નથી. માટે નસીબ પણ કારણ છે જ. આમ અન્વય અને વ્યતિરેક દ્વારા પ્રત્યેક કાર્ય પ્રત્યે ભાગ્ય અને પુરુષાર્થ બન્નેને કારણ માનવા જરૂરી છે. આ વ્યવહાર નયનું મંતવ્ય છે. (૧૭/૧૦)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अथ दैवोत्कर्षेण फलोत्कर्षदर्शनात्तदेव फलहेतुर्न यत्न इत्याशङ्कायामाह-

**क्वचित्कर्मेव यत्नोऽपि व्यापारबहुलः क्वचित्। अन्ततः[1] प्राग्भवीयोऽपि [2]द्वावित्यन्योऽन्यसंश्रयौ।।११।।**

**क्वचिदिति। क्वचित्** कार्ये **कर्मेव** [3]**यत्नोऽपि क्वचित्** कार्ये **व्यापारबहुलः** । **अन्ततः** ऐहिकयत्नप्राचुर्याऽनुपलम्भे **प्राग्भवीयोऽपि** स व्यापारबहुल आवश्यकः, उत्कृष्टयत्नं विनोत्कृष्टऽदैवानुत्पत्तेः, **इति** = एवं फलविशेषोत्कर्षप्रयोजकोत्कर्षवत्तयापि **द्वौ** दैवपुरुषकारौ **अन्योऽन्यसंश्रयौ** = फलजनने परस्पराऽपेक्षौ । यत उक्तं-

**अथ** पुरुषकाराऽल्पत्वेऽपि **दैवोत्कर्षेण** शान्तिनाथचक्रवर्त्यादेः **फलोत्कर्षदर्शनात्** = तथाविधषट्खण्डसाम्राज्यादिकार्यविशेषोपलब्धेः पुरुषकारप्राचुर्येऽपि दैवाऽपकर्षे राजगृहद्रमकादेः फलोत्कर्षाऽदर्शनाच्च **तदेव** = परिपक्वदैवमेव **फलहेतुः, न** तु **यत्न इत्याशङ्कायां** व्यवहारनय आह- **क्वचिदिति** ।

ननु मल्लीनाथप्रभृतीनां तीर्थकरत्वलाभे दैवमेव केवलं निबन्धनं, न तु पुरुषकारोऽपि । न च दीक्षाग्रहणादिलक्षणस्य पुरुषकारस्याऽप्युपलभ्यमानत्वेन तत्कारणत्वाऽप्रतिक्षेपादिति वाच्यम्, दीक्षोपादानादेः मोक्षं प्रति कारणत्वेऽपि तीर्थकरत्वलाभं प्रत्यकारणत्वात्, अनेकेषां दीक्षोपादानेऽपि तीर्थकरलाभविरहात् । तत्कथं पुरुषकारस्य तत्र कारणतोपपादनीयेति चेत् ? अत्रोच्यते, **अन्ततो** गत्वा **ऐहिकयत्नप्राचुर्याऽनुपलम्भेऽपि** = इहलौकिकपुरुषकारोदग्रताविरहेऽपि **प्राग्भवीयोऽपि** = पूर्वभवकालीनोऽपि **स** पुरुषकारः विंशतिस्थानकाऽऽराधनादिलक्षणो **व्यापारबहुलः आवश्यकः** = अवश्यकल्पनीय एव, **उत्कृष्टयत्नं विना उत्कृष्टदैवाऽनुत्पत्तेः** = तीर्थकरत्वादिलाभाऽऽक्षेपकनिरतिशयकर्मोत्पत्त्यसम्भवात्। **एवं** प्रकारेण तीर्थकरत्वाद्युत्कृष्टफलविशेषं प्रत्युत्कृष्टदैवं पारलौकिकोत्कृष्टपुरुषकारश्च कारणम् । मम्मणादीनामुत्कृष्टधनलाभादिलक्षणफलविशेषं प्रति तूत्कृष्टेहलौकिकपुरुषकार उत्कृष्टदैवञ्च कारणम्, फलविशेषोत्कर्षं प्रति यदीयोत्कर्षस्य प्रयोजकता तत्र तस्य कारणत्वन्यायात्। एवं प्रकारेण **फलविशेषोत्कर्षप्रयोजकोत्कर्षवत्तयाऽपि दैव-पुरुषकारौ फलजनने परस्पराऽपेक्षौ** = मिथः सव्यपेक्षौ इति सिद्धम् ।

'ભાગ્યના ઉત્કર્ષથી ફળમાં ઉત્કર્ષ દેખાય છે. માટે ફળ પ્રત્યે ભાગ્ય જ હેતુ છે, પુરુષાર્થ નહિ.' આવી શંકાના નિરાકરણ માટે વ્યવહારનય જણાવે છે કે —

**ગાથાર્થ :-** કોઈક કાર્યમાં ભાગ્યની જેમ ક્યાંક પુરુષાર્થ પણ વ્યાપારબહુલ થઈને કારણ બની શકે છે. છેવટે પૂર્વભવનો પુરુષાર્થ પણ કામ કરશે. આમ ભાગ્ય અને પુરુષાર્થ એકબીજાને સાપેક્ષ છે. (૧૭/૧૧)

### ❁ પૂર્વભવીય પુરુષાર્થ પણ કારણ બની શકે ❁

**ટીકાર્થ :-** કોઈક કાર્ય પ્રત્યે જેમ ભાગ્ય કારણ બને છે તેમ કોઈક કાર્ય પ્રત્યે વ્યાપારબહુલ પુરુષાર્થ પણ કારણ બને છે. આ ભવનો પ્રચુર પ્રયાસ ન દેખાતો હોય તો છેવટે પૂર્વભવસંબંધી વ્યાપારબહુલ પુરુષાર્થ કારણરૂપે માનવો આવશ્યક છે. કારણ કે ઉત્કૃષ્ટ પુરુષાર્થ વિના ઉત્કૃષ્ટ ભાગ્ય ઉત્પન્ન જ થઈ ન શકે. આમ ફળ વિશેષના ઉત્કર્ષનું પ્રયોજક ભાગ્યની જેમ પુરુષાર્થ પણ છે. માટે કાર્ય ઉત્પન્ન કરવામાં ભાગ્ય અને પુરુષાર્થ બન્ને એકબીજાને સાપેક્ષ છે.

१. मुद्रितप्रतौ 'अन्यतः' इत्यशुद्धः पाठः । २. हस्तादर्शे 'द्वावप्य..' इति पाठान्तरम् । ३. हस्तादर्शे 'यत्नेऽपि' इत्यशुद्धः पाठः।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"व्यापारमात्रात् फलदं निष्फलं महतोऽपि च । अतो यत्कर्म तद्दैवं चित्रं[1] ज्ञेयं हिताहितम् ।।
एवं पुरुषकारस्तु व्यापारबहुलस्तथा । फलहेतुर्नियोगेन ज्ञेयो जन्मान्तरेऽपि हि ।।
अन्योऽन्यसंश्रयावेवं द्वावप्येतौ विचक्षणैः । उक्तौ" ।। (यो.बिं.३२२-२३-२४) इति ।।११।।

अत्रैव **योगबिन्दु**संवादमाह कारिकात्रितयेन- '**व्यापारे**'त्यादि । तद्व्याख्या चैवम्- **व्यापारमात्रात्**= तुच्छादपि व्यापारात् **फलदं** = स्वफलप्रदायि । **निष्फलं** = फलविकलं, क्वचित्तथाविधकाल-क्षेत्रादिबलवैकल्यात् **महतोऽपि च अतः** = पुरुषकारात् **यत् कर्म तद् दैवं** = दैवसंज्ञं **चित्रं** = नानारूपं **ज्ञेयं हिताऽहितं** = शुभाऽशुभरूपम् (यो.बिं.३२२ वृत्ति) । **एवं** = कर्मवत् **पुरुषकारस्तु** = पुरुषकारोऽपि **व्यापारबहुलः** = 'व्यापारो बहुलः = भूयान् कर्मापेक्षया यत्र स तथा' । '**तथा**' इति समुच्चये **फलहेतुः** = फलजनकः **नियोगेन** = निश्चयेन **ज्ञेयो जन्मान्तरेऽपि हि** न केवलमिह भव इत्यपिशब्दार्थः। यथा हि पुरुषकार इह तत्तच्चित्रफलः प्रत्यक्षत एवोपलभ्यते तथा जन्मान्तरेऽपि असौ तथाविधफलहेतुतया ज्ञातव्यः, तत्तद्व्यापारोपार्जितकर्मणः प्रेत्यफलमदत्वाऽपि निवृत्त्यभावादिति (यो.बिं.३२३ वृत्ति)। उपसंहारमाह- **अन्योऽन्यसंश्रयौ** = परस्परोपष्टम्भौ **एवं** = उक्तक्रमेण **द्वावप्येतौ** दैव-पुरुषकारौ **विचक्षणैः** = विपश्चिद्भिः **उक्तौ** = भणितौ फलहेतुतयेति (यो.बिं.३२४ वृत्ति) । तदुक्तं **पार्श्वनाथचरित्रे** → नीचैर्गोत्रावतारश्चरमजिनपतेर्मल्लिनाथेऽबलात्वं, दृग्नाशो ब्रह्मदत्ते भरतनृपजयः सर्वनाशश्च कृष्णे। निर्वाणं नारदेऽपि प्रशमपरिणतिः साऽपि चिलातीपुत्रे, इत्थं कर्मात्मवीर्ये स्फुटमिह जयतां स्पर्धया तुल्यरूपे।। ← (पा.च.२/पृ.४७) इति। तदुक्तं निश्चय-व्यवहारनयाभिप्रायप्रदर्शने **योगबिन्दुवृत्तौ** अपि → निश्चयनयमतेन दैव-पुरुषकारौ स्वकार्यकाले स्वप्रधानावेव वर्तेते इत्येवमनयोः तुल्यतेति। व्यवहारनयमतेन त्वेतौ परस्पराश्रयौ पर्यायेण प्राप्तप्रधान-गुणभावौ बाध्यबाधकभावापन्नौ वर्तेते इति तुल्यत्वमनयोर्भावनीयम् ← (यो.बिं.वृत्ति.गा.३३८) इति ।

जैनतन्त्राऽवस्थितेन तूभौ नयौ स्वीकार्यौ । तदुक्तं **आवश्यकनिर्युक्तौ** → दिट्ठीय दो णया खलु ववहारो निच्छओ चेव ← (आ.नि.८१५) । तदुक्तं **विशेषावश्यकभाष्ये** अपि → जइ जिणमयं पवज्जह तो मा ववहारनयमयं मुयह । ववहारपरिच्चाए तित्थुच्छेओ जओऽवस्सं ।। ← (वि.आ.भा.२३८२) इति । **तीर्थोद्गालीप्रकीर्णके**ऽपि → जइ जिणमतं पवज्जह ता मा ववहारदंसणं मुयह । ववहारनउच्छेदे तित्थुच्छेदो जओऽवस्सं ।। ← (तीर्थो.प्र.८६९) इत्युक्तम् ।

परेषामपि दैव-पुरुषकारयोः सापेक्षतयैवाऽर्थक्रियाकारित्वं सम्मतं परमार्थतः । तदुक्तं **महाभारते** → दैवे पुरुषकारे च लोकोऽयं सम्प्रतिष्ठितः । तत्र दैवं तु विधिना कालयुक्तेन लभ्यते।। ← (म.भा.आदि.१२२/२१) इति । एतेन → येन यत्र कृतं कर्म स तत्रैव प्रजायते । पितरौ चास्य दासत्वं कुरुतः तत्प्रचोदितौ ।। ← (शिवो.७/११०) इति **शिवोपनिषद्वचनमपि** व्याख्यातम्।।१७/११।।

કારણ કે **યોગબિંદુ** ગ્રંથમાં જણાવેલ છે કે → સામાન્ય પ્રયાસથી પણ જે કર્મ ફળને આપે છે અને પુષ્કળ પ્રયાસ કરવા છતાં પણ જે કર્મ ફળદાયક બનતું નથી તે કર્મને નસીબ તરીકે ઓળખાવવું. શુભ અને અશુભ સ્વરૂપ તે કર્મ અનેકવિધ જાણવું. આ જ રીતે પુરુષાર્થ પણ નિશ્ચયથી વ્યાપારબહુલ ફલહેતુ જાણવો. જન્માન્તરનો પણ પુરુષાર્થ ફળહેતુ માનવો. આ રીતે ભાગ્ય અને પુરુષાર્થ સાપેક્ષ છે. એમ વિચક્ષણ પુરુષોએ જણાવેલ છે. ← (૧૭/૧૧)

१. 'वित्तं' इति मुद्रितप्रतावशुद्धः पाठः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**कर्मैव ब्रुवते केचित् कालभेदात् फलप्रदम् । तन्नैहिकं यतो यत्नः कर्म तत्पौर्वदेहिकम् ।।१२।।**

**कर्मैवेति** । **केचित्** = साङ्ख्याः **कर्मैव** कर्म प्रधानाऽपरनामकं, एवकारेण पुरुषकारव्युदासः, **कालभेदात्** = तत्तत्कालसम्बन्धलक्षणविपाकात् **फलप्रदं** = तत्तत्कार्यकारि **ब्रुवते** । तदुक्तं- "अन्यैस्तु कर्मैव केवलं कालभेदतः" (यो.बिं.३२४) इति ।

**तन्न**, [1]**यत ऐहिकं कर्म** वाणिज्यराजसेवादि **यत्न** उच्यते, **पौर्वदेहिकं** = पूर्वदेहजनितं **तद्** वासनात्मना तथाविधपुद्गलग्रहणसम्बन्धेन वाऽवस्थितं कर्मोच्यते ।।१२।।

अत्रैव मतान्तरमाह- '**कर्मैवे**'ति। **कर्म प्रधानाऽपरनामकं** = प्रधान-प्रकृत्याद्यपराभिधानं, **तत्तत्काल-सम्बन्धलक्षणविपाकात्** = तत्तत्प्रातिस्विकफललाभकालाभिसम्बन्धस्वरूपपरिपाकमाश्रित्य **तत्तत्कार्यकारि** = तथाविधप्रातिस्विकफलोपधायकं **ब्रुवते साङ्ख्याः** । अत्र **योगबिन्दु**संवादमाह- '**अन्यैरि**'ति । भाविता-र्थमेवेदम् ।

अथैतत्प्रतिविधानाय योगबिन्दुदर्शितरीत्या ग्रन्थकृदाह- '**तन्ने**'ति । **यतः** = यस्मात् कारणात् **ऐहिकं कर्म वाणिज्य-राजसेवादि यत्नः** = पुरुषकार **उच्यते** लोके शास्त्रे च । **पूर्वदेहजनितं** = पूर्वभवकालीन-शरीरेन्द्रिय-चित्तादिसमुत्पादितं **तत्** सत्कार्यवादिसाङ्ख्यदर्शनाऽनुसारेण **वासनात्मना** अनभिव्यक्तस्वरूपेण **अवस्थितं कर्मोच्यते**, जैनदर्शनानुसारेण **वा तथाविधपुद्गलग्रहणसम्बन्धेन** = कार्मणवर्गणापुद्गलजातो-पादानविशेषसम्बन्धेन आत्मनि फलविपाककालपर्यन्तं **अवस्थितं** सत् **कर्मोच्यते** दैवेत्याद्यपराभिधानम्।

**વિશેષાર્થ :-** યોગબિંદુવૃત્તિ મુજબ 'વ્યાપારબહુલ' શબ્દનો અર્થ થાય છે ભાગ્યની અપેક્ષાએ જેમાં પુષ્કળ પ્રયાસ- પ્રવૃત્તિ રહેલ છે તેવો પુરુષાર્થ. અકબરના પુત્ર શાહજહાંને રાજગાદી મળી તેમાં આ ભવનો વિશિષ્ટ પુરુષાર્થ દેખાતો નથી તો ત્યાં પરભવનો પુષ્કળ પુરુષાર્થ માનવો જરૂરી છે. કારણ કે ભાગ્યનો વિધાતા પુરુષાર્થ જ છે. (૧૭/૧૧)

## ✵ એકાંત ભાગ્યવાદનો પ્રતિકાર ✵

**ગાથાર્થ :-** કેટલાક લોકો કાળભેદથી કર્મને જ ફળદાયક માને છે. તે બરાબર નથી. કારણ કે આ ભવનો પુરુષાર્થ યત્ન કહેવાય છે અને પરભવનો પુરુષાર્થ કર્મ = નસીબ કહેવાય છે. (૧૭/૧૨)

**ટીકાર્થ :-** સાંખ્ય લોકો કર્મને જ ફળદાયક માને છે. કર્મને લોકો નસીબ કહે છે. જ્યારે સાંખ્ય વિદ્વાનો પ્રધાન નામથી ઓળખાવે છે. કર્મ જ ફળદાયક છે - આવું જકારવાળું વચન પુરુષાર્થની બાદબાકી કરે છે. અર્થાત્ સાંખ્યમત મુજબ પુરુષાર્થ ફળદાયક નથી પણ કેવળ કર્મ = પ્રધાન ફળદાયક છે. તે તે કાળની સાથે સંબંધ કરવા સ્વરૂપ કાળભેદથી = કાળવિપાકથી કર્મ = પ્રધાન તે તે કાર્યને કરે છે. સાંખ્યમત દર્શાવતા શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે **યોગબિંદુ** ગ્રંથમાં જણાવેલ છે કે → "અન્ય = સાંખ્ય લોકો વડે કાળભેદથી કેવળ કર્મ જ ફળદાયક કહેવાયેલ છે." ←

પરંતુ આ સાંખ્યમત વ્યાજબી નથી. કારણ કે ધંધો રાજાની નોકરી, સેવા વગેરે ઇહલૌકિક ક્રિયાઓ જ પુરુષાર્થ = પ્રયત્ન કહેવાય છે તથા પૂર્વભવના દેહથી ઉત્પન્ન થયેલ ધંધો, નોકરી વગેરે ક્રિયાઓ જ આ ભવમાં કર્મ = નસીબ તરીકે ઓળખાય છે. તે ક્રિયાઓ સંસ્કારરૂપે રહેલ હોય કે તથાવિધ પુદ્ગલગ્રહણ સંબંધથી રહેલ હોય તે વાત અલગ છે. (૧૭/૧૨)

**વિશેષાર્થ :-** સત્કાર્યવાદી સાંખ્ય દર્શન મુજબ પૂર્વભવની ક્રિયાઓ સંસ્કારરૂપે આ ભવમાં રહેલી

१. हस्तादर्शे 'य ऐ' इत्यशुद्धः पाठः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**भवान्तरीयं तत्कार्यं कुरुते नैहिकं विना । द्वारत्वेन च गौणत्वमुभयत्र न दुर्वचम् ।।१३।।**

**भवान्तरीयमि**ति । **भवान्तरीयं** पूर्वभवाऽर्जितं **तत्** = कर्म **कार्यं** धनप्राप्त्यादिकं **ऐहिकं** = वाणिज्य-राजसेवादि कर्म **विना न कुरुते** ।

तदुक्तं **श्रीहरिभद्रसूरिभिः धर्मसङ्ग्रहण्यां** → पुव्विं [१]जमुवत्तं खलु कम्मं तं [२]सगडमो जिणा बिंति। तं च विचित्तं आयासभोगफलभेदओ नेयं ।। ← (धर्म.सं.६००) इति । तदुक्तं **सुभाषितरत्नसन्दोहे अमितगतिना** अपि → यत् सौख्य-दुःखजनकं प्राणभृता सञ्चितं पुरा कर्म। स्मरति पुनरिदानीं तद् दैवं मुनिभिराख्यातम् ।। (सु.रत्नसं.३४५) इति । सम्मतञ्चेदं परेषामपि । तदुक्तं **योगवाशिष्ठे** → प्राक्तनं पौरुषं तद् वै दैवशब्देन कथ्यते ← (यो.वा.मुमुक्षुप्रकरण-६/३५) इति ।।१७/१२।।

ततः किम् ? इत्याह- '**भवान्तरीयमि**'ति । **पूर्वभवाऽर्जितं कर्म** = दैवं **धनप्राप्त्यादिकं** कार्यं **ऐहिकं वाणिज्य-राजसेवादि कर्म** = पुरुषकारं **विना न** = नैव **कुरुते,** असहायत्वात् । एतेन कर्मणः फलदानसमर्थत्वे पुरुषकारस्य वैयर्थ्यं प्रसज्येतेति शङ्का निरस्ता, तादृशस्यापि कर्मणः पुरुषप्रयत्नेन विपच्यमानत्वादिति (त.सू.९/१९ वृ.पृष्ठ-२४४) व्यक्तमुक्तं **सिद्धसेनगणिभिः तत्त्वार्थवृत्तौ** । इदमेवाऽभिप्रेत्य **गोम्मटसारे** → आलसड्ढो णिरुच्छाहो फलं किंचि ण भुंजदे। थणक्खीरादिपाणं वा पऊरुसेण विणा ण हि ।। ← (गो.सा.कर्मकाण्ड-८९०) इत्युक्तम् । → ण हु वीरियपरिहीणो पवत्तते णाणमादिसु ← (नि.भा.४८) इति **निशीथभाष्योक्ति**रपि पुरुषकाराऽपेक्षामाविष्करोति । इष्यते च कर्मोदयोऽपि द्रव्यादिसहकारिकारणतः। तदुक्तं **पञ्चसङ्ग्रहे श्रीचन्द्रमहत्तराचार्येण** → दव्वं खेत्तं कालो भवो य भावा य हेयवो पंच। हेउसमासेणुदओ जायइ सव्वाण पयडीणं ।। ← (पं.सं.३/१५५) इति। फलदाने कर्मणः सर्वथा पुरुषकारानपेक्षायां → दव्वं खित्तं कालं भावं च भवं तहा समासज्ज । तस्स समासुद्दिट्ठो उदओ कम्मस्स पंचविहो।। ← ( ) इत्यपि नैव सङ्गच्छेत। एतेन → आस्ते भग आसीनस्य ऊर्ध्वस्तिष्ठति तिष्ठतः । शेते निपद्यमानस्य चराति चरतो भगः।। ← (ऐ.ब्रा.३३/३) **ऐतरेयब्राह्मण**वचनमपि व्याख्यातम्।

युक्तञ्चैतत्, यतो बाह्यवस्त्वपेक्षो हि कर्मोदयो भवतीति सिद्धान्तः । तदुक्तं **निशीथभाष्ये** → कामं कम्मणिमित्तं उदयो, णत्थि उदओ उ तव्वज्जो । तहवि य बाहिरवत्थुं होति निमित्तं ।। ← (नि.भा.५२५) इति । तदुक्तं **कामसूत्रे**ऽपि **वात्स्यायनेन** → अवश्यम्भाविनोऽप्यर्थस्योपायपूर्वकत्वादेव न निष्कर्मणो भद्रकमस्तीति वात्स्यायनः ← (का.सू.१/२/३९) इति। **लोकतत्त्वनिर्णये** च → ब्रह्मा

હોય છે. જૈન દર્શન મુજબ પૂર્વભવની ક્રિયાઓ કાર્મણવર્ગણાદ્રવ્યને ગ્રહણ કરવા સ્વરૂપ સંબંધ દ્વારા આ ભવમાં વિદ્યમાન હોય છે. અર્થાત્ ક્રિયા દ્વારા કાર્મણવર્ગણા ગ્રહણ કરવામાં આવે છે અને તે ગ્રહણ કરાયેલ કાર્મણવર્ગણા જ કર્મ કહેવાય છે. આ જૈનદર્શનની માન્યતા છે. (૧૭/૧૨)

### ❋ પુરુષાર્થ વિના ભાગ્ય ફળે નહિ ❋

**ગાથાર્થ :-** પૂર્વભવનું કર્મ આ લોકના પ્રયત્ન વિના કાર્ય કરી શકતું નથી. દ્વારરૂપે કર્મમાં ગૌણતા કહેવામાં આવે તો તે પુરુષાર્થમાં પણ બતાવવી મુશ્કેલ નથી. (૧૭/૧૩)

**ટીકાર્થ :-** પૂર્વ ભવમાં ઉપાર્જિત કરેલું કર્મ આ લોકમાં ધંધો, રાજાની સેવા-ચાકરી વગેરે ક્રિયા = પુરુષાર્થ વિના ધનપ્રાપ્તિ વગેરે ફળને ઉત્પન્ન કરતું નથી.

१. 'यदुपात्तम्' इत्यर्थः । २. 'स्वकृतमि'त्यर्थः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अतोऽन्वय-व्यतिरेकाऽविशेषात् पौर्वदेहिकस्येवैहिकस्याऽपि कर्मणः कार्यहेतुत्वमिति द्वयोरन्योऽन्यापेक्षत्वमेव । तदुक्तम्-

लूनशिरा हरिर्दृशि सरुक् व्यालुप्तशिश्नो हरः, सूर्योऽप्युल्लिखितोऽनलोऽप्यखिलभुक् सोमः कलङ्काङ्कितः । स्वर्नाथोऽपि विसंस्थुलः खलु वपुःसंस्थैरुपस्थैः कृतः, सन्मार्गस्खलनाद् भवन्ति विपदः प्रायः प्रभूणामपि। ← (लो.त.नि.१/३१) इत्युक्तिरपि पूर्वोक्ता(पृ.२९७) कर्मणः फलोत्पादे प्रयत्ननान्तरीयकत्वमेवाह।

एतेन → जं जारिसं पुव्वमकासि कम्मं, तमेव आगच्छति संपराए ← (सू.कृ. १/५/२/२३) इति **सूत्रकृताङ्ग**सूत्रोक्तिरपि व्याख्याता द्रष्टव्या । प्रकृते → यदि भाग्यं फलहेतुर्ननु विफलो हेतुनाऽप्यनुपदेशः । न्याय्या पाचयति नृणामीहा पुण्यं हि सापेक्षम् ।। ← (**तत्त्वार्थभाष्यवृत्तौ** उद्धृता ९/१९/पृष्ठ-२४३) इति कारिकाऽपि स्मर्तव्या । पूर्वजन्मकृतपुरुषार्थवद् इहभवकृतपुरुषार्थस्याऽपि सफलत्वमेव स्वविषये, पुरुषकारत्वाऽविशेषात्। एतेन →

पूर्वजन्मकृताऽभ्यासात् सत्वरं फलमश्नुते । एतदेव हि विज्ञेयं तत्काकमतमुच्यते ।।
नास्ति काकमतादन्यदभ्यासाख्यमतः परम् । तेनैव प्राप्यते मुक्तिर्नान्यथा शिवभाषितम् ।।

← (यो.शिखो. १/१४३-१४४) इति **योगशिखोपनिषदि** दर्शितः काकमतैकान्तः परास्तः, पूर्वजन्मकृतात् केवलादेव कर्मणः फलोत्पादे → कुज्जा पुरिसकारियं ← (द.वै. ५/२/६) इति **दशवैकालिक**वचनमप्यनतिप्रयोजनमेव स्यात् । प्रकृते पुरुषकारप्राधान्यपरे →

विक्लवो वीर्यहीनो यः स दैवमनुवर्तते । वीराः सम्भाविताऽऽत्मानो न दैवं पर्युपासते ।।
दैवं पुरुषकारेण यः समर्थः प्रबाधितुम् । न दैवेन विपन्नाऽर्थः पुरुषः सोऽवसीदति ।।

← (वा.रा.२३/१-२) इति **वाल्मीकिरामायण**कारिके अपि स्मर्तव्ये । → फलोदयः क्रियापूर्वो निष्क्रियो न हि कुत्रचित् ← (अध्या.४९) इति तन्त्रान्तरीयस्य **अध्यात्मोपनिषद्**ग्रन्थस्य वचनमपि न विस्मर्तव्यम्। यथोक्तं **याज्ञवल्क्यस्मृतौ** अपि → यथा ह्येकेन चक्रेण रथस्य न गतिर्भवेत् । एवं **पुरुषकारेण** विना दैवं न सिध्यति।। ← (या.स्मृ.आचारा.१६/३५१) इति। एवमिहलौकिकपुरुषकारोऽपि दैवं विना नैव धनप्राप्तिप्रभृतिकं कार्यमर्जयति। इत्थञ्च तयोः मिथः सापेक्षता। तदुक्तं **महाभारते** अपि → कृतः पुरुषकारस्तु दैवमेवानुवर्तते। न दैवमकृते किञ्चित् कस्यचिद् दातुमर्हति।। ← (म.भा.अनुशा. ६/२२) इति। यस्तु तयोरबलः स शाम्यति। तदुक्तं **योगवाशिष्ठे** अपि → द्वौ हुडाविव युध्येते पुरुषार्थौ समाऽसमौ। प्राक्तनश्चैहिकश्चैव शाम्यत्यत्राऽल्पवीर्यवान् ।। ← (यो.वा.मुमुक्षुप्रकरण-५/७) इति ।

**अतो** दर्शितरीत्या **अन्वय-व्यतिरेकाऽविशेषात्** = उभयत्राऽन्वय-व्यतिरेकयोस्तुल्यत्वात् **पौर्वदेहिकस्य** प्रधान-प्रकृत्याद्यपराऽभिधानस्य **कर्मण इव ऐहिकस्यापि** पुरुषकार-यत्नाद्यपराऽभिधानस्य वाणिज्य-राजसेवादिरूपस्य **कर्मणः कार्यहेतुत्वं** = धनप्राप्त्यादिफलकारणत्वं अनपलपनीयमेव **इति** हेतोः **द्वयोः** दैव-पुरुषकारयोः **अन्योन्यापेक्षत्वमेव** सिध्यति। तदुक्तं **द्वादशारनयचक्रे श्रीमल्लवादिसूरिभिः** → परिणमनमपि च तस्यापि पूर्वकर्मणः पुरषकारस्य विषयो न विषयः क्वचित्, अप्राप्तप्राप्तविपरिणामाऽवस्थत्वात्

આથી અન્વય-વ્યતિરેકની બન્નેમાં તુલ્યતા હોવાના લીધે પૂર્વભવમાં ઉપાર્જિત કરેલા કર્મની જેમ આ ભવનો પણ પુરુષાર્થ કાર્યજનક છે. માટે કર્મ = ભાગ્ય અને ક્રિયા = પુરુષાર્થ એકબીજાના સાપેક્ષ જ છે.

"**दैवमात्मकृतं विद्यात् कर्म यत्पौर्वदेहिकम् । स्मृतः पुरुषकारस्तु क्रियते यदिहाऽपरम्॥**
[१]**नैतदात्मक्रियाऽभावे यतः स्वफलसाधकम्**[२] **। अतः पूर्वोक्तमेवेह लक्षणं तात्त्विकं तयोः॥**"
(यो.बिं.३२५-२६) इति । **द्वारत्वेन** = [३]व्यापारत्वेन **च गौणत्वं** उच्यमानं **उभयत्र** = यत्ने कर्मणि च **न दुर्वचम्**, ऐहिकयत्नस्य कर्मव्यापारत्ववत् प्राग्भवीयकर्मणोऽपि प्राग्भवी[४]ययत्न-व्यापारत्वाऽविशेषादिति भावः ॥१३॥

---

पुष्पतुग्दृढफलवत् । एवञ्च क्रियासहायश्च स फलं प्रयच्छति, क्रियासहायस्य फलप्रदाने सापेक्षानपेक्ष-शक्तित्वात् भारोत्पाटवत् ← (द्वा.न.अर-४/पृ.४८६) इति ।

**तदुक्तं योगबिन्दौ**- '**दैवमि**'ति '**नैतदि**'ति च । तद्व्याख्या चैवम् → **दैवं आत्मकृतं** = मिथ्यात्वादिभिर्हेतुभिर्जीवेन विहितं **विद्यात्** = जानीयात् 'किम्?' इत्याह **कर्म यत् पौर्वदेहिकं** = पूर्वदेह-भवम् । **स्मृतः** = अनुध्यातः **पुरुषकारस्तु** = पुरुषकारः पुनः **क्रियते** व्यवहारिभिः **यदिह अपरं** = तथाविधे कर्मणि सत्यपि वाणिज्यराजसेवादि (यो.बिं.३२५ वृत्ति)। **न** = नैव **इदं** (? **एतद्**) = कर्म **आत्मक्रियाऽभावे** = जीवव्यापारविरहे **यतः** = यस्मात् **स्वफलसाधकं** = निजफलकारि क्वचिदुपलभ्यते। **अतः** = अस्माद् हेतोः **पूर्वोक्तमेव** यत् परस्परोपष्टम्भवत् प्रागुपन्यस्तं **इह** = प्रक्रमे **लक्षणं** = स्वरूपं **तात्त्विकं** = सद्भूतं **तयोः** = दैव-पुरुषकारयोः ← (यो.बिं.३२६ वृत्ति) ।

ननु चक्रवर्त्यादेरैहिकपुरुषकारस्य पारलौकिकदैवव्यापारत्वात्फलस्य चक्रवर्तिप्रभृतिपदस्य दैवकार्य-तैवोच्यमाना सङ्गतिमङ्गति, इहलौकिकपुरुषकारस्य दैवव्यापारत्वात्तत्र गौणत्वमेवेति चेत् ? मैवम्, एवं दैवजन्यत्वे सति दैवजन्यजनकत्वाद् **व्यापारत्वेन** = पूर्वभवीयदैवव्यापारत्वेन **च** = पुनः इहलौकिक-पुरुषकारे **गौणत्वं** = उपसर्जनत्वं साङ्ख्यैः **उच्यमानं यत्ने** इव **कर्मणि न** = नैव **दुर्वचम्**। **ऐहिकयत्नस्य कर्मव्यापारत्ववत्** = प्राग्भवीयदैव-प्रकृत्याद्यपराऽभिधानकर्मद्वारत्ववत् **प्राग्भवीयकर्मणोऽपि** = इहभवीय-यत्नद्वारकपूर्वभवीयदैवलक्षणकर्मणोऽपि **प्राग्भवीययत्नव्यापारत्वाऽविशेषात्** = तत्कर्मपूर्वभवीयपुरुष-कारद्वारत्वतुल्यत्वात् । यथा दैवं प्राग्भवीयमिहलौकिकपुरुषकारद्वारा स्वफलमुपदधाति तथा पूर्वभवीय-

---

**યોગબિંદુ** ગ્રંથમાં જણાવેલ છે કે → 'પૂર્વભવમાં પોતે કરેલ ક્રિયાને ભાગ્ય જાણવું. તથા આ લોકમાં જે કરવામાં આવે છે તેને પુરુષાર્થ જાણવો. જીવ પુરુષાર્થ = વ્યાપાર = ક્રિયા ન કરે તો ભાગ્ય પોતાનું ફળ આપવા સમર્થ બનતું નથી. માટે પૂર્વે જણાવેલ પરસ્પરસહાયતારૂપ લક્ષણ જ તે બન્નેનું તાત્ત્વિક સ્વરૂપ છે.' ←

ભાગ્યને મુખ્ય કારણ ગણાવી પુરુષાર્થને ભાગ્યદ્વાર ગણાવીને જો ગૌણ કહેતા હો તો તેવું વ્યાપારત્વ = દ્વારત્વસ્વરૂપ ગૌણત્વ તો પુરુષાર્થની જેમ ભાગ્યમાં પણ બતાવવું મુશ્કેલ નથી. કારણ કે આ લોકમાં થતો પુરુષાર્થ જેમ પરલોકના નસીબનું દ્વાર = વ્યાપાર છે તેમ પૂર્વ ભવનું નસીબ પણ તેના પૂર્વભવના પુરુષાર્થનું દ્વાર છે. આ વાત તો તુલ્ય જ છે. (૧૭/૧૩)

---

१. योगबिन्दुप्रतौ अत्र 'नेदमात्म..' इति पाठो लभ्यत इत्यवधेयम् । २. 'साधनमि'ति मुद्रितप्रतौ हस्तादर्शे च पाठः । किन्तु योगबिन्दौ तद्वृत्तौ च 'साधकमि'ति पाठः । अतोऽस्माभिः स पाठो गृहीतः । ३. हस्तादर्शे 'व्यापारत्वेन' इति पदं नास्ति । ४. हस्तादर्शे 'वीत्न' इत्यशुद्धः त्रुटितः पाठः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अपेक्ष्ये कालभेदे च हेत्वैक्यं परिशिष्यते । दृष्टहानिरदृष्टस्य कल्पनं चाऽतिबाधकम् ॥१४॥**

**अपेक्ष्य** इति । केवलेन कर्मणा चित्रफलजनने **कालभेदे चाऽपेक्ष्ये** = अपेक्षणीये **हेत्वैक्यं** = कारणैक्यं **परिशिष्यते** ।

---

पुरुषकारोऽपि दैवद्वारौत्तरत्र निजफलमुपनयति **इति भावः** ॥१७/१३॥

'पुरुषकारशून्यं कर्म कालभेदात् फलप्रदमि'ति (द्वा.द्वा.१७/१२ पृ.११७०) यत् पूर्वं साङ्ख्यैरुक्तं तन्निराकर्तुमुपक्रमते- **'अपेक्ष्य'** इति। **केवलेन** = पुरुषकारनिरपेक्षेण **कर्मणा** = दैवेन **चित्रफलजनने** = तत्तत्क्षणविशिष्टकार्योत्पादने तु साङ्ख्यमताऽनुसारेण **कालभेदे च** = तत्तत्प्रातिस्विकफललाभकालाऽभिसम्बन्धे खलु **अपेक्षणीये** = आवश्यके **कारणैक्यं परिशिष्यते**, कालविशेषविशिष्टप्रधानस्य फलोत्पादकत्वकल्पनाऽपेक्षया लाघवादवश्यक्लृप्तेन कालविशेषेणैव फलोत्पादसम्भवे प्रधानाऽपराऽभिधानस्य कर्मणोऽप्यन्यथासिद्धेः । एवञ्च सत्येकान्तकालवादिमतप्रवेशप्रसङ्गः साङ्ख्यानां दुर्निवारः । एतद्दोषनिराकरणायैव **श्रीबुद्धसागरसूरिभिः महावीरगीतायां** → पुरुषार्थबलेनैव कालाद्याः सर्वहेतवः । सानुकूलाः प्रजायन्ते जीवानां कार्यसिद्धये ॥ ← (महा.गी.१५/९५) इत्युक्तम् ।

---

## ❀ સાંખ્યમાન્ય પુરુષાર્થગત કર્મદ્વારત્વ સ્વરૂપ ગૌણતા અમાન્ય ❀

**વિશેષાર્થ :-** → મુખ્ય કાર્યનું જે જનક હોય અને મુખ્ય કારણ દ્વારા જે જન્ય હોય તે દ્વાર અથવા વ્યાપાર કહેવાય. જેમ કે દાન એ સ્વર્ગનું કારણ છે. પણ દાન પુણ્ય દ્વારા સ્વર્ગને ઉત્પન્ન કરે છે. તેથી પુણ્ય એ દાનનું દ્વાર = વ્યાપાર કહેવાય. સ્વર્ગજનક એવા દાનથી પુણ્ય ઉત્પન્ન થાય છે તથા પુણ્ય પણ દાનજન્ય એવા સ્વર્ગનું જનક બને છે. માટે દાન સ્વર્ગનું મુખ્ય કારણ કહેવાય અને પુણ્ય સ્વર્ગનું ગૌણ કારણ કહેવાય. તે જ રીતે પૂર્વ ભવનું કર્મ આ ભવમાં પુરુષાર્થ કરાવવા દ્વારા ધનપ્રાપ્તિ વગેરે કાર્યને કરે છે. તેમાં આ ભવનો પુરુષાર્થ ગૌણ કારણ છે અને પૂર્વ ભવનું કર્મ મુખ્ય કારણ છે. ઉદ્યમ ગૌણ કારણ એટલા માટે છે કે તે કર્મનો વ્યાપાર = દ્વાર છે. પુરુષાર્થ કર્મજન્ય છે તથા કર્મજન્યફળનું જનક છે. આમ પુરુષાર્થમાં કર્મવ્યાપારત્વ = કર્મદ્વારત્વ હોવાથી ગૌણ કારણતા છે ← આવું જો પૂર્વપક્ષી કહે તો વ્યવહાર નય કહે છે કે આ વાત તો તુલ્ય રીતે કર્મમાં પણ લાગુ પડે છે. કારણ કે પૂર્વ ભવનું કર્મ પણ તેના પૂર્વ ભવના પુરુષાર્થથી ઉત્પન્ન થયેલ છે. તેથી કહી શકાય કે પૂર્વતન ભવનો પુરુષાર્થ કર્મ દ્વારા કાર્ય ઉત્પન્ન કરે છે. કર્મ પુરુષાર્થજન્ય છે. તથા પુરુષાર્થજન્ય ફળનું જનક છે. માટે કર્મમાં પુરુષાર્થવ્યાપારત્વ = પુરુષાર્થદ્વારત્વ સંગત થાય છે. તેથી તુલ્ય યુક્તિથી પુરૂષાર્થની જેમ ભાગ્ય પણ ગૌણ કારણ બની જશે. માટે કર્મનો વ્યાપાર હોવાથી પુરુષાર્થને ગૌણ હેતુ બતાવવો વ્યાજબી નથી. આમ વ્યવહાર નય સાંખ્ય વિદ્વાનને જણાવે છે. (૧૭/૧૩)

## ❀ કાલભેદની અપેક્ષા અપ્રામાણિક ❀

**ગાથાર્થ :-** કાલભેદની અપેક્ષા રાખવામાં તો એક જ હેતુ બાકી રહેશે. તથા દૃષ્ટહાનિ અને અદૃષ્ટકલ્પના અતિબાધક થશે. (૧૭/૧૪)

**ટીકાર્થ :-** કેવળ ભાગ્યથી જ વિવિધ ફળની ઉત્પત્તિ કરવા માટે કાલભેદની અપેક્ષા રાખવાની કલ્પના કરવામાં આવે તો માત્ર એક જ કારણ કાર્યજનક તરીકે બાકી રહેશે. તત્ક્ષણથી વિશિષ્ટ કાર્યમાત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तत्क्षणविशिष्टकार्यत्वाऽवच्छिन्ने तत्क्षणस्य हेतुत्वेनैवाऽनतिप्रसङ्गाद् देशनियमस्य च स्वभावत एवोपपत्तेः । किं च **दृष्टहानिः** = दृष्टानां कारणानां यत्नादीनां त्यागः, **अदृष्टस्य च** प्रधानस्य **कल्पनं अतिबाधकं** = अतिबाधाकारीति न किञ्चिदेतत् ।।१४।।

**अथ** कालस्य हेतुत्वे सर्वाण्येव कार्याणि युगपदुत्पद्येरन् न वा कदाचिदिति कालस्य हेतुतैव न स्वीक्रियते इति चेत् ? **मैवम्, तत्क्षणविशिष्टकार्यत्वाऽवच्छिन्ने तत्क्षणस्य हेतुत्वेनैव अनतिप्रसङ्गात्** = युगपत्सर्वकार्योत्पादलक्षणस्य सर्वदा कार्याऽनुत्पादलक्षणस्य वाऽतिप्रसङ्गस्य विरहात् । **एतेन** → कालेन सर्वं लभते मनुष्यः ← (म.भा.शांति.२५/५) इति **महाभारत**वचनमपि **व्याख्यातम्**। न च तत्क्षणत्वेन हेतुत्वेऽपि सर्वत्र कार्यमुत्पद्येत न वा कुत्रचिदपि यद्वाऽनियतदैशिकोत्पत्तिः प्रसज्येतेति शङ्कनीयम्, कार्योत्पत्तौ **देशनियमस्य च** = प्रतिनियतदैशिकत्वस्य च **स्वभावतः** = कार्यस्वभावत **एवोपपत्तेः** । पटस्याऽयमेव स्वभावो यदुत पटोत्पादकक्षणे सति तन्तुष्वेव स उत्पद्यते घटस्य चायमेव स्वभावो यद् घटोत्पादकक्षणे सति कपालयोरेव स उपजायत इति तत्क्षणस्य तत्क्षणविशिष्टकार्ये हेतुत्वोपगमे न देशनियमानुपपत्तिः ।

किञ्च 'कर्मैव कालभेदात्फलप्रदमि'(द्वा.द्वा.१७/१२ पृ.११७०)त्यङ्गीकारे **दृष्टानां** = प्रत्यक्षप्रमाणसिद्धानां **यत्नादीनां** = यत्न-नियतिप्रभृतीनां **त्यागः** = कारणत्वेन परित्यागप्रसङ्गोऽपि साङ्ख्यानामनिवारित-प्रसरः। **अदृष्टस्य** = नित्यत्व-जगदुपादानत्वेश्वराधिष्ठितत्वादिरूपेण प्रमाणाऽसिद्धस्य **प्रधानस्य कल्पनं** साङ्ख्यानां **अतिबाधाकारि । एतेन** प्रधान-प्रकृत्याद्यपराऽभिधानस्य कर्मणो नित्यत्वात् प्राग्भवीययत्न-व्यापारत्वाऽसम्भवाद् द्वारत्वेनेहलौकिकयत्नस्य गौणत्वमेवेति **निरस्तम्**, प्रकृतेरेकान्तनित्यत्वे फलाऽनुपरम-प्रसङ्गात् यद्वाऽर्थक्रियाकारित्वाऽसम्भवेन फलोत्पादाऽसम्भवाच्चेति **न किञ्चिदेतत्** ।।१७/१४।।

પ્રત્યે તત્ક્ષણને જ કારણ માનવા દ્વારા કોઇ પણ અતિપ્રસંગ નહિ આવે. તથા કાર્યનું દેશનિયમન તો સ્વભાવથી જ સંગત થઇ જશે. વળી, કેવળ કર્મને કારણ માનવામાં પ્રત્યક્ષ પ્રમાણથી કારણ તરીકે સિદ્ધ થતા પુરુષાર્થ વગેરેનો કારણરૂપે ત્યાગ કરવો પડશે. તથા પ્રમાણથી અસિદ્ધ એવા પ્રધાન તત્ત્વની કારણ તરીકે કલ્પના કરવી એ સાંખ્ય માટે અત્યંત બાધાકારી છે. માટે સાંખ્ય વિદ્વાનની વાત વ્યાજબી નથી. (૧૭/૧૪)

**વિશેષાર્થ** :- ૧૨મી ગાથામાં સાંખ્ય લોકોએ 'કાલભેદ દ્વારા પ્રધાન = કર્મ ફળદાયક બનશે' - આવું જણાવેલ. તેનું નિરાકરણ આ ગાથામાં કરેલ છે. તત્તત્ક્ષણવિશિષ્ટ અલગ અલગ કાર્ય પ્રત્યે તત્તત્ક્ષણ વિશિષ્ટ પ્રધાનને કારણ માનવા કરતાં તો તત્ તત્ ક્ષણને તત્તત્ક્ષણવિશિષ્ટ કાર્યમાત્રનું કારણ માનવામાં લાઘવ હોવાથી પ્રધાન તત્ત્વનો જ ઉચ્છેદ થઇ જશે. જ્યારે લૌકિકદૃષ્ટિએ વિવક્ષિત કારણ સામગ્રી હાજર હશે ત્યારે જ તત્ક્ષણસ્વરૂપ કારણ હાજર હોવાના કારણે તે સમયે જ કાર્ય ઉત્પન્ન થશે, તે પૂર્વે નહિ, માટે અતિપ્રસંગને (અર્થાત્ દંડ, ચક્ર, ચીવર વગેરેની ગેરહાજરીમાં ઘડાની ઉત્પત્તિ થવાની સમસ્યાને) કોઇ અવકાશ નહિ રહે.

જો અહીં કોઇ શંકા કરે કે → 'કપાલને ઘટકારણ માનવામાં આવે તો ઘડો કપાલમાં ઉત્પન્ન થશે, તંતુને પટકારણ માનવામાં આવે તો પટ તંતુમાં ઉત્પન્ન થશે. અન્યત્ર નહિ. ઘટની કપાલમાં

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

**दृष्टेनैवोपपत्तौ च नाऽदृष्टमिति केचन । फले विशेषात्तदसत्तुल्यसाधनयोर्द्वयोः ।।१५।।**

**दृष्टेनैवेति । दृष्टेनैव** कारणसमाजेन **उपपत्तौ** जगद्व्यवस्थानिर्वाहलक्षणायां सत्यां **च नादृष्टं** = कर्म कल्पनीयं **इति केचन**[१] = नास्तिकप्रायाः । ते हि वदन्ति 'विहित-निषिद्धाभ्यामपि कर्मभ्यामामुष्मिकफलजननं स्वध्वंसद्वारैवोपपत्स्यत इति किमन्तर्गडुनाऽदृष्टेन ?

न चादृष्टसत्त्वे चरमसुखदुःखादिभोगेन[२] तन्नाशात् फलविरामोपपत्तिरन्यथा तु तदनुपपत्ति-

---

अत्रैव पुरुषार्थैकान्तवादिनां नास्तिकप्रायाणां मतमपहस्तयितुमुपन्यस्यति- '**दृष्टेनैवे**'ति । **दृष्टेनैव** = प्रत्यक्षप्रमाणप्रसिद्धेनैव **कारणसमाजेन** = हेतुकलापेन **जगद्व्यवस्थानिर्वाहलक्षणायां उपपत्तौ सत्यां न कर्म कल्पनीयं**, यथोक्तं **कामसूत्रे** → पुरुषकारपूर्वकत्वात्सर्वप्रवृत्तीनामुपायः प्रत्ययः (का.सू.१/२/३८) ← **इति नास्तिकप्राया** वदन्ति। ते = नास्तिकप्राया **हि वदन्ति 'विहित-निषिद्धाभ्यामपि** दयादि-हिंसादि-लक्षणाभ्यां **कर्मभ्यां** = क्रियाभ्यां **आमुष्मिकफलजननं** = पारलौकिककार्यनिष्पादनं **स्वध्वंसद्वारैव उपपत्स्यते** । तथाहि- दया स्वध्वंसद्वारा स्वर्गं जनयिष्यति हिंसा च स्वध्वंसद्वारा नरकमित्येवं जगद्व्यवस्थोपपत्तौ **किं अन्तर्गडुना** = अजागलस्तनायमानेन **अदृष्टेन ? न च अदृष्टसत्त्वे** = विहित-निषिद्धक्रियाजन्यदैवाऽभ्युपगम एव **चरमसुख-दुःखादिभोगेन** = तत्तद्दैवजन्यचरमसुख-दुःखसाक्षात्कारादिना **तन्नाशात्** = तादृशसुखादिजनकदैवोच्छेदात् **फलविरामोपपत्तिः** = सुखानुभवादिविश्रामसङ्गतिः स्यात्, का-रणविरहे कार्यानुदयस्य न्याय्यत्वात्, **अन्यथा तु** = विहित-निषिद्धक्रियाजन्याऽदृष्टं कालान्तरभाविफल-प्रदमनभ्युपगम्य विहित-निषिद्धक्रियाध्वंसेनैव पारलौकिकफलोदयोपपादने तु **तदनुपपत्तिः** = फलविरा-

---

ઉત્પત્તિ, પટની તંતુમાં ઉત્પત્તિ થવાનો જે નિયમ છે તે કપાલ, તંતુ વગેરેને કારણ માનવાથી સંગત થાય. પરંતુ જો કપાલ, તંતુ વગેરેને કારણ જ માનવામાં ન આવે તો ઉપરોક્ત કાર્યોત્પત્તિસંબંધી દૈશિક નિયમ સંગત થઇ નહિ શકે.' ← તો આ શંકાના જવાબમાં કાલવાદી તરફથી કહી શકાય છે કે ઘટ,પટ વગેરે કાર્યનો સ્વભાવ જ એવો છે કે કપાલ, તંતુ વગેરેમાં જ ઉત્પન્ન થાય, અન્યત્ર નહિ. આમ સ્વભાવથી જ કાર્યોત્પત્તિસંબંધી દૈશિક નિયમ સંગત થઇ જવાથી કોઇ સમસ્યા ઊભી નહિ થાય. બાકીની વાત ટીકાર્થમાં સ્પષ્ટ છે. (૧૭/૧૪)

**ગાથાર્થ :-** દૃષ્ટ કારણથી જ કાર્યોત્પત્તિની સંગતિ થઇ જતી હોવાથી અદૃષ્ટ એવું કર્મ કારણ નથી - એમ અમુક લોકો બોલે છે. પણ તે બરાબર નથી. કારણ કે બે વ્યક્તિ પાસે બાહ્ય સામગ્રી તુલ્ય હોવા છતાં પણ ફળમાં ભેદભાવ દેખાય છે. (૧૭/૧૫)

## ❋ ક્રિયાધ્વંસથી ફલોત્પાદકલ્પના ❋

**ટીકાર્થ :-** 'પ્રત્યક્ષપ્રમાણથી સિદ્ધ એવા કારણસમૂહથી જ જગતની વ્યવસ્થાનો નિર્વાહ થઇ જતો હોવાથી કર્મની = નસીબની કલ્પના ન કરવી જોઇએ' એમ નાસ્તિક જેવા કેટલાક લોકો કહે છે. તેઓ એમ કહે છે કે → વિહિત અને નિષિદ્ધ એવી ક્રિયા વડે પણ પરલોકમાં ફળની ઉત્પત્તિ પોતાના ધ્વંસ દ્વારા જ થઇ જશે. તેથી શા માટે વચ્ચે આડખીલી રૂપે કર્મની કલ્પના કરવી ? જો કે 'કર્મને માનવામાં આવે તો ચરમ સુખ-દુઃખ વગેરેને ભોગવવા દ્વારા કર્મનો નાશ થવાથી સુખાદિ ફળની પરંપરા અટકવાની વાત સંગત થઇ શકે છે. કર્મને

---

१. हस्तादर्शे 'केचि' इति पाठः । २. हस्तादर्शे '...दिभेदेन' इति पाठः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रिति वाच्यं, अदृष्टाभ्युपगमेऽपि कालान्तर एव फलप्राप्तेस्तदन्यकाले फलविरामोपपत्ते'रिति ।

**तदसत्, तुल्यसाधनयोः** = [१]सदृशदृष्टकारणयोर्द्वयोः[२] पुरुषयोः **फले विशेषात्** । तस्य चाऽदृष्टभेदं विनाऽनुपपत्त्या तदसिद्धेः ।

माऽसङ्गतिः, तदाक्षेपकस्य तादृशध्वंसस्य कदाऽप्यनुच्छेदादिति **वाच्यम्, अदृष्टाऽभ्युपगमेऽपि** = विहित-निषिद्धक्रियाजन्यदैवाऽङ्गीकारेऽपि विहित-निषिद्धक्रियोपरमाऽनन्तरक्षण एव फलाऽप्राप्तेः **कालान्तर एव च फलप्राप्तेः** अदृष्टाऽतिरिक्तस्य कालविशेषस्याऽपि नियामकत्वमभ्युपगन्तव्यमेव। तथा च विहित-निषिद्ध-क्रियाध्वंसस्याऽऽमुष्मिकफलनिर्वाहकत्वमतेऽपि **तदन्यकाले** = फलयोग-क्षेमकारककालभिन्नकाले **फल-विरामोपपत्तेः** = तादृशध्वंसजन्यफलपर्यवसानोपपत्तेः । **एतेन** गौरवमपि **परिहृतम्**, तादृशकालस्याऽदृष्टवा-दिनाऽप्यवश्याऽभ्युपगतत्वात् । यथा कालविशेषसहकारेणाऽदृष्टेन नियतकाले फलोदयोपपत्तिः तथा कालविशेषसहकारेण विहित-निषिद्धक्रियाध्वंसेन नियतसमये फलविश्रामसङ्गतिरिति नास्तिकप्रायाणां तेषां मतम् ।

ग्रन्थकारः तन्निराकरोति- **तदसदिति** । **सदृशदृष्टकारणयोः** समानदण्ड-चक्रादिघटसाधनयोः **द्वयोः पुरुषयोः फले** = घटादिलक्षणे कार्ये **विशेषात्** = भेदोपलम्भात् । एकस्य सच्छिद्राऽल्पस्थितिको घटो जातः अपरस्य तु निश्छिद्र-दीर्घस्थितिक इति । यद्वाऽकुण्ठितशक्तिसदृशदृष्टसाधनयोः चैत्र-मैत्रयोः कृष्यादिसमारम्भे **फले विशेषात्** = धान्यसम्पत्त्यसम्पत्तिलक्षणभेदात् स्वल्प-बहुधान्यसम्पत्तिरूपवैचित्र्यात्। **तस्य च** = फलगतविशेषस्य च **अदृष्टभेदं** = क्लृप्तकारणाऽतिरिक्तदैवविशेषं **विना** = **अनुपपत्त्या** = अघटमानतया **तदसिद्धेः** = फलभेदासिद्धेः। न चाद्यप्रवृत्ताववैषम्येऽप्युत्तरकालं सामग्रीवैषम्यादेव कार्य-वैषम्यमिति चेत् ? न, सामग्रीवैषम्यस्याऽपि हेत्वन्तराधीनत्वादिति व्यक्तं **स्याद्वादकल्पलतायाम्** (स्या.क.स्त.

માનવામાં ન આવે અને વિહિત-નિષિદ્ધક્રિયાધ્વંસને જ સુખ-દુઃખાદિનું કારણ માનવામાં આવે તો ધ્વંસ અવિનાશી હોવાથી તેનો નાશ ન થવાથી તજ્જન્ય ફળની પરંપરા કયારેય અટકશે નહિ'- આવું કર્મવાદીઓ કહી શકે છે. પરંતુ આ વાત વ્યાજબી નથી. આનું કારણ એ છે કે કર્મને માનવામાં આવે તો પણ ફળની પ્રાપ્તિ તો કાલાન્તરમાં જ થાય. તેથી ફળપ્રાપ્તિના નિયામકરૂપે કર્મ ઉપરાંત કાળનો સ્વીકાર કરવો પડે જ છે. આ રીતે વિહિત-ક્રિયાધ્વંસને જ ફલોત્પાદક માનવામાં પણ કોઇ વાંધો નહિ આવે. કારણ કે ક્રિયાધ્વંસકારણવાદી એવા અમારા તરફથી એમ કહી શકાય છે કે ફળના યોગક્ષેમકારક કાળથી ભિન્ન એવા કાળ આવે ત્યારે ફળનો વિરામ થઇ શકે છે. કેમ કે તથાવિધ યોગ-ક્ષેમકારક કાળ હોય તો જ ફળ મળી શકે, ટકી શકે છે. તે સિવાયના કાળમાં વિહિત-નિષિદ્ધક્રિયાનો ધ્વંસ હોવા છતાં પણ ઉપરોક્ત ફળપરંપરા અટકી જશે. ←

## ❀ કર્મની સિદ્ધિ ❀

તદસત્ । ગ્રંથકારશ્રી કહે છે કે આ વાત વ્યાજબી નથી. કેમ કે પ્રત્યક્ષથી દેખાતા કારણો જેની પાસે સમાન છે એવા બે માણસો પ્રવૃત્તિ કરે તો પણ ફળમાં ભેદ દેખાય છે. તે ફળભેદ કર્મને માન્ય કર્યા વિના સંગત થઇ શકતો નથી. સમાનજાતીય, દુગ્ધપાનથી જ એકને દુઃખ થાય છે અને બીજા કોઇકને સુખ થાય

१. हस्तादर्शे 'सदृष्टसदृष्टका...' इत्यशुद्धः पाठः । २. हस्तादर्शे 'द्वयोः पुरुषयोः' इति नास्ति । हस्तादर्शविशेषे 'द्धियो' इत्यशुद्धः पाठः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जायते ह्येकजातीयदुग्धपानादेव कस्यचिद्दुःखं कस्यचिच्च सुखमित्यत्र चाऽदृष्टभेद एव नियामक इति । न च कर्कट्यादिवद्दुग्धादेः क्वचित्पित्तादिरसोद्बोधादुपपत्तिः, सर्वत्र[1] तदापत्तेः । न च भेषजवत्तथोपपत्तिः, ततः साक्षात् सुखादितौल्याद्धातुवैषम्यादेरुत्तरकालत्वादिति ।

१/९२)। तदुक्तं **शास्त्रवार्तासमुच्चयेऽपि** →

आत्मत्वेनाऽविशिष्टस्य वैचित्र्यं तस्य यद्वशात् । नराऽऽदिरूपं तच्चित्रमदृष्टं कर्मसंज्ञितम्।।
तथा तुल्येऽपि चारम्भे सदुपायेऽपि यो नृणाम्। फलभेदः स युक्तो न युक्त्या हेत्वन्तरं विना।।
तस्मादवश्यमेष्टव्यमत्र हेत्वन्तरं परैः । तदेवाऽदृष्टमित्याहुरन्ये शास्त्रकृतश्रमाः ।।

← (शा.वा.१/९१-९३) इति । प्रसिद्धलौकिकोदाहरणेन ग्रन्थकार एतद्दृढयति- **जायत** इति । **अत्र च** = समानदुग्धपाननिमित्तक-नानापुरुषीयाऽनुभवभेदे च **अदृष्टभेद एव नियामक** इत्यकामेनाऽप्यङ्गीकर्तव्यम्, दृष्टकारणाऽभेदेऽपि फलभेदस्याऽदृष्टकारणभेदाऽऽक्षेपकत्वात्। इत्थञ्च → पुण्यच्छेदेऽथवा सर्वं प्रयाति विपरीतताम् ← (त्रि.श.पु.१/१/४२५) इति **त्रिषष्टिशलाकापुरुषचरित्रो**क्तिरप्यत्राऽव्याहतप्रसराऽवगन्तव्याऽन्यथानुपपत्तिविभावनपरैः। यथोक्तं निरुपक्रमकर्मापेक्षया **उत्तराध्ययनसूत्रे** अपि → कम्मसच्चा हु पाणिणो ← (उत्त. ७/२०) इति । तदुक्तं **विष्णुपुराणे** अपि → धर्माऽधर्मौ न सन्देहः सर्वकार्येषु कारणम् ← (वि.पु.१३/८३) इति ।

**न च कर्कट्यादिवद् दुग्धादेः** सकाशात् **कस्यचित्** पुरुषस्य **पित्तादिरसोद्बोधात्** दुःखाऽनुभवस्य **उपपत्तिः** तदनुद्बोधाच्च सुखानुभवस्य **उपपत्तिः** = सङ्गतिरिति वक्तव्यम्, एवं सति समानजातीयदुग्धपानात् **सर्वत्र** सर्वेषु पुरुषेषु **तदापत्तेः** = पित्तादिरसोद्बोधाऽऽपत्तेः । एकस्य ततः पित्तादिरसोद्बोधः, अपरेषां तु नेत्यत्राऽप्यदृष्टविशेषस्यैव शरणीकरणीयत्वात् । **न च** यथैकस्य धातुसाम्यादिद्वारा समानजातीयौषधाद्रोगोपशमोऽन्यस्य तु द्वाराऽसिद्धेर्नेति **भेषजवत् तथोपपत्तिः** = एकस्य दुग्धपानात्पित्तादिरसानुद्बोधात्सुखानुभवोऽन्येषान्तु तदुद्बोधाद् नेति फलतारतम्यसङ्गतिरिति **शङ्कनीयम्, ततः** समानजातीयौषधात् **साक्षात्** = अनन्तरं **सुखादितौल्यात्, धातुवैषम्यादेः** = वात-पित्ताद्यधिकन्यूनभावादेस्तु **उत्तरकाल**-

છે. આ બાબતમાં કર્મભેદ જ નિયમક બની શકે છે. ''કાકડી ખાવાથી પિત્તાદિ રસનો ઉદ્બોધ = ઉછાળો થાય છે તેમ દુગ્ધપાનથી કોઇકને પિત્તાદિનો પ્રકોપ થવાથી દુઃખાનુભવની સંગતિ થઇ જશે''-આમ ન કહેવું. કારણ કે દૂધ પીવાથી પિત્તનો પ્રકોપ થતો હોય તો દૂધ પીનાર બધાને પિત્તનો પ્રકોપ થવાની સમસ્યા સર્જાશે. (કાર્યકારણભાવને તો કોઇ વ્યક્તિનો પક્ષપાત ન જ હોય. જેમ કે અગ્નિ દઝાડે છે તો બધા જ માણસને દઝાડે છે. એકને આગ દઝાડે અને બીજાને ઠારે- એવું તો ન જ બની શકે. તેમ જો દુગ્ધપાનથી પિત્તનો પ્રકોપ થઇ શકતો હોય તો બધાને થાય. એકને થાય અને બીજા માણસને ન થાય- તેવું ન બને. પરંતુ દુગ્ધપાનથી એકને સુખ અને બીજાને દુઃખ થાય છે એ તો નિર્વિવાદ વાત છે. માટે માનવું પડે કે વચ્ચે કર્મ નામનું કોઈક તત્ત્વ ગોઠવાયેલ છે, જેના કારણે અનુભવમાં ફેરફાર થઇ જાય છે.)

→ જેમ દવા ખાવા છતાં પણ ઘણાનો રોગ નાશ પામે છે અને અમુકનો રોગ નાશ નથી પામતો તેમ દૂધ પીવાથી ઘણાને પિત્તનો પ્રકોપ ન થાય તથા કોઇને થાય. આ રીતે ઉપરોક્ત ઘટનાની સંગતિ થઇ શકે છે. તો શા માટે વચ્ચે કર્મની કલ્પના કરવી ? ← આવી દલીલ કરવી વ્યાજબી નથી. કારણ કે ઔષધથી તાત્કાલિક સુખાદિનો અનુભવ તો એક સરખો જ હોય છે. વાત-પિત્ત-કફ

१. हस्तादर्शे 'सर्वत्र तदापत्तेः' इति पाठः नास्ति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तदिदमुक्तं **भाष्यकृता**-"जो तुल्लसाहणाणं फले विसेसो ण सो विणा हेउं । कज्जत्तणओ गोयम घडो व्व हेऊ अ से कम्मं ।।" (वि.आ.भा. १६१३) ।।१५।।

**त्वात्** = उत्तरकालीनत्वात्, समानजातीयदुग्धपानात्त्वेकस्य साक्षात्सुखाऽनुभवोऽपरस्य तु साक्षाद्दुःखाऽनुभव इत्यत्राऽदृष्टभेदमृते नाऽन्यत्किञ्चिद्वक्तुं पार्यत इति अदृष्टसिद्धिः। न च शरीरविशेषादेव सुखादिविशेषसिद्धिरिति वाच्यम्, शरीरविशेषाऽदर्शनेऽपि सर्वतोऽनुकूलवेदनीयोदये भोगविशेषदर्शनादिति **वादमालायां अदृष्टवादे** (वा.मा.पृ. १३५) स्पष्टमुक्तमेतद्ग्रन्थकृता। पित्तादिरसोद्बोध्यधातुवैषम्यादिविरहितदुग्धपानत्वादिना सुखादिहेतुत्वे गौरवात्, अदृष्टप्रयोज्यजातिव्याप्यजात्यवच्छिन्नं प्रत्येव दुग्धपानादेर्हेतुत्वौचित्याच्चेति व्यक्तं **स्याद्वादकल्पलतायाम्** (स्या.क.१/९२) ।

**तन्दुलवैचारिकप्रकीर्णके** अपि → न वि जाई कुलं वा वि विज्जा वा वि सुसिक्खिया । तारेइ नरं व नारीं वा सव्वं पुण्णेहिं वड्ढई ।। ← (त.वै.६२) इत्येवं दैवे सुखसामग्रीयोग-क्षेमवृद्ध्यादिकारित्वमुपदर्शितम् । तदिदमुक्तं **भाष्यकृता = विशेषावश्यकभाष्यकारेण जिनभद्रगणिक्षमाश्रमणेन 'जो तुल्ले'**ति । अत्र च **मलधारवृत्तिरेवं** → इह **यस्तुल्यसाधनयो**रिष्टशब्दादिविषयसुखसाधनसमेतयोरनिष्टाऽर्थसाधनसंयुक्तयोश्च द्वयोर्बहूनां वा **फले** सुख-दुःखाऽनुभवनलक्षणे **विशेषः** तारतम्यरूपो दृश्यते **नासौ** अदृष्टं कमपि **हेतुमन्तरेण** उपपद्यते, **कार्यत्वात् घटवत्** । यश्च तत्र विशेषाऽऽधायकोऽदृष्टहेतुस्तद् **गौतम ! कर्म** इति प्रतिपद्यस्वेति ← (वि.आ.भा.१६१३ मल. वृत्ति)।

इदमेवोपजीव्य **श्रीहरिभद्रसूरिभिः धर्मसङ्ग्रहण्यां** → तुल्लफलसाधगाणं तुल्लारंभाण इट्ठविसयम्मि । दीसइ य फलविसेसो स कहं अदिट्ठभावम्मि ।। ← (धर्मसं.१४२) इत्युक्तमित्यवधेयम्। यथोक्तं **वैराग्यकल्पलतायां** अपि → यस्तुल्यसाधनानां फले विशेषोऽपहेतुको नासौ । इति सुख-दुःखनिदाने धर्माधर्मौ दुरपलापौ ।। ← (वै.क.२/११७) इति ।

किञ्चाऽऽत्मनो ज्ञानादिस्वभावत्वेऽपि तद्व्याघातदर्शनेन तद्व्याघातकतयाऽपि कर्म सिध्यति । तदुक्तं **श्रीहरिभद्रसूरिभिः धर्मसङ्ग्रहण्यां** → नाणादिपरिणतिविघायणादिसामत्थसंजुयं कम्मं । तं पुण अट्ठपगारं पण्णत्तं वीयरागेहिं ।। ← (धर्मसं. ६०६) इति । पुरुषकारैकान्तनिराकरणाऽवसरे **द्वादशारनयचक्रे श्रीमल्लवादिसूरि**भिरपि → यदि प्रवर्त्तयितृत्वात् पुरुषकारः कारणं, न कर्मापीति चेत् ? तत इदमनिष्टं ते प्राप्तम्, उत्कर्षार्थिपुरुषकारैकत्वात् प्रधान-मध्यमाऽधमभेदभिन्नाः पुरुषकारा न स्युः, ततश्च तत्फलभूताः सप्रभेदास्ताः सिद्धयोऽसिद्धयश्च नानाजातीया न स्युः अव्यतिरिक्तकारणत्वात्, तुल्यतन्तुपटवत् ← (द्वा.न.अर-४/पृ.४६४) इत्युक्तमित्यवधेयम् ।

ધાતુમાં વૈષમ્ય તો ઉત્તરકાલીન હોય છે. જ્યારે સમાનજાતીય દુગ્ધપાનથી એકને તત્કાલ સુખાનુભવ અને બીજાને તત્કાલ દુઃખાનુભવ થાય છે. તેમાં તો કર્મ સિવાય બીજું કશુંય નિયામક બની શકતું નથી. તેથી **વિશેષાવશ્યકભાષ્ય**માં જણાવેલ છે કે → 'હે ગૌતમ! તુલ્યસાધનસામગ્રીવાળા જીવોને જે ફળભેદ = વિભિન્ન ફળ દેખાય છે તે હેતુ વિના હોઈ ન શકે. કારણ કે તે કાર્ય છે, ઘટની જેમ. અને જે હેતુ તે કર્મ જાણવું.'← (**૧૭/૧૫**)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**[1]न चाऽलं क्षणिकं कर्म फलायाऽदृष्टमन्तरा। वैयर्थ्यं च [2]प्रसज्येत प्रायश्चित्तविधेरपि।।१६।।**

**न चेति । न च क्षणिकं** = क्रियाकालमात्रोपरतं **कर्म अदृष्टमन्तरा फलाय** = फलं जनयितुं **अलं** = समर्थं, चिरध्वस्तस्य कालान्तरभाविफलजनकत्वस्य भावव्यापारकत्वव्याप्तत्वाऽवधारणात्।

तच्चादृष्टं → कत्तारमेव अणुजाइ कम्मं ← (उत्त.१३/२३) इति **उत्तराध्ययन**सूत्रवचनात् कृतिसमानाधिकरणमेवेति न कृतनाशाऽकृताऽऽभ्यागमापत्तिः। किञ्च केवलादेव दानलक्षणात् पुरुषकारात्स्वध्वंसद्वाराऽऽमुष्मिकफलाऽभ्युपगमे एकस्य दानान्निम्नस्वर्गलाभोऽपरस्य चोच्चतमस्वर्गलाभ इत्यनुपपन्नं स्यात्, दानध्वंसे भेदाऽभावात् । प्रतियोगि-ध्वंसयोरेकत्राऽजनकत्वाद् उपजीव्यविहितनिषिद्धक्रियागतकारणत्वभङ्गापत्तेः, प्रत्युत कारणीभूताऽभावप्रतियोगित्वेन दानादेः प्रतिबन्धकत्वमपि परस्य दुर्निवारं स्यादिति दिक् ।।१७/१५।।

अदृष्टाऽनङ्गीकारे दोषान्तरमाह- '**न चे**'ति । **न च क्रियाकालमात्रोपरतं** = क्रियाकालाऽव्यवहितोत्तरक्षणवर्तिध्वंसप्रतियोगि **कर्म** = विहित-निषिद्धदया-हिंसादिकं **अदृष्टं** = स्वव्यापारीभूतं दैवं **अन्तरा फलं जनयितुं समर्थं, चिरध्वस्तस्य** = फलोत्पादचिरपूर्वकालनष्टस्य क्रियादेः **कालान्तरभाविफलजनकत्वस्य** = चिरतरोत्तरकालभाविकार्योत्पादकत्वस्य **भावव्यापारकत्वव्याप्तत्वावधारणात्** = अभावभिन्नभावात्मकद्वारकत्वव्याप्यत्वपरिच्छेदात् स्मृत्यादिस्थले तथैवाऽवधारणात् । तदुक्तं **गङ्गेशेन तत्त्वचिन्तामणौ** अपूर्ववादे → चिरध्वस्तस्य व्यापारसत्त्वे कारणत्वमिति निरुपाध्यन्वय-व्यतिरेकाभ्यां व्याप्त्यवधारणात् यागस्य चिरध्वस्तकारणत्वेन व्यापारकल्पनात् ← (त.चिं.शब्दखण्ड-अपूर्ववाद-पृ.४१९) इति । **ध्वंसस्य च** =

**વિશેષાર્થ :- વિશેષાવશ્યકભાષ્યકાર શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણ** કર્મની સિદ્ધિ માટે એમ કહેવા માગે છે કે જો કર્મ નામની કોઈ ચીજ દુનિયામાં ન જ હોય તો બે દુકાનદાર પાસે મોકાની જગ્યા, શ્રેષ્ઠ માલ, સુંદર સેલ્સમેનશીપ, બાહોશ નોકર, શારીરિક આરોગ્ય વગેરે તમામ સામગ્રી સરખી હોવા છતાં પણ એક વેપારીને પુષ્કળ કમાણી થાય છે અને બીજા વેપારીને અત્યંત ઓછી કમાણી થાય છે અથવા દેવાળું નીકળે છે. આવું શા માટે બને ? જે કાર્ય હોય તેમાં ભેદની સિદ્ધિ તો કારણસામગ્રીમાં ભેદ હોય તો જ થઈ શકે, અન્યથા નહિ. કારણસામગ્રી સમાન હોય તો કાર્ય પણ એક સરખું જ થવું જોઈએ. ઉપરોક્ત બે વેપારીને મળતા વિભિન્ન ફળને લીધે તેની સામગ્રીમાં ભેદ માનવો જરૂરી છે. જે ફળભેદપ્રયોજક તત્ત્વ છે તે જ કર્મ સમજવું. આમ કર્મની સિદ્ધિ માન્ય કરવામાં આવે તો જ ઉપરોક્ત બાબત સંગત થઈ શકે. માટે વિહિત-નિષિદ્ધ ક્રિયાના ધ્વંસને ફલોત્પાદક માની ન શકાય. બાકીની વિગત ટીકાર્થમાં સ્પષ્ટ જ છે. (૧૭/૧૫)

## ❀ એકાંત ક્ષણિક ક્રિયા ફલોત્પાદક ન બને ❀

**ગાથાર્થ :-** ક્ષણિક ક્રિયા પણ પુણ્ય-પાપ વિના ફળ આપવા માટે સમર્થ નથી. તથા (કર્મ માનવામાં ન આવે તો) પ્રાયશ્ચિત્તવિધિ પણ વ્યર્થ જશે. (૧૭/૧૬)

**ટીકાર્થ :-** શુભ કે અશુભ ક્રિયા પોતાના અસ્તિત્વકાળમાત્રમાં અટકી જાય છે. તેથી વિનષ્ટ થયેલી ક્ષણભંગુર ક્રિયા કર્મ વિના ફળને ઉત્પન્ન કરવા માટે સમર્થ બની ન શકે. કારણ ફળોત્પત્તિના બહુ લાંબા સમય પૂર્વે નષ્ટ થયેલા કોઈ પણ પદાર્થ દીર્ઘકાળ પછી થનાર ફળનું સાક્ષાત્ ઉત્પાદક બની ન શકે. પરંતુ

१. मुद्रितप्रतौ सर्वत्र 'न चापि' इति पाठः । २. हस्तादर्शे 'प्रसज्येत' इति नास्ति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ध्वंसस्य च व्यापारत्वेऽनुभवेनाऽपि तद्द्वारैव स्मृतिजननोपपत्तौ संस्कारोऽप्युच्छिद्येत । तदुक्तमुदयनेनापि- "चिरध्वस्तं फलायाऽलं न कर्माऽतिशयं विना" (न्यायकुसुमाञ्जलि-१/९) इति ।**

विहित-निषिद्धक्रियाप्रतियोगिकनाशस्य च **व्यापारत्वे** = तादृशक्रियादिजन्यत्वे सति तज्जन्यजनकत्वाऽभ्युपगमे सति तथैव **अनुभवेनापि तद्द्वारैव** = स्वध्वंसद्वारेणैव **स्मृतिजननोपपत्तौ** = तत्तदुद्‌बोधकवशात्स्मरणोत्पादसङ्गतौ सत्यां अनुभवजन्यः स्मृतिजनकः चिरकालस्थायी अतिशय-वासनाद्यपराऽभिधानः **संस्कारोऽपि उच्छिद्येत** । संस्काराऽनभ्युपगमे कस्याश्चिदपि जगद्‌व्यवस्थाया अनुपपत्तिविरहात्, संस्कारव्यवस्थाप्यस्याऽनुभवध्वंसेनैव व्यवस्थापनात् । तदुक्तं **न्यायकुसुमाञ्जलौ उदयनेनाऽपि 'चिरे'ति** । → फलस्य स्वर्गादेः कालान्तरभावितया न तत्राऽऽशुविनाशिनः साक्षात् साधनत्वमिति प्रतीतसाधनत्वाऽनुपपत्त्या तज्जन्याऽपूर्वकल्पनमित्यर्थः । **अतिशयं विना चिरध्वस्तं कर्म न फलाय अलं** = समर्थमिति योजना। साक्षात्साधनत्वाऽभावेऽपि साधनत्वस्य फलसमयपर्यन्तस्थायिव्यापारव्याप्तत्वादिति ← (न्या.कु. १/९ पृष्ठ-९४) **न्यायकुसुमाञ्जलिप्रकाशे वर्धमानः** । यथोक्तं **न्यायमञ्जर्यां जयन्तभट्टेन** →

अकस्मान्निधिलाभश्च विद्युत्पातश्च कस्यचित् । क्वचित्फलमयत्नेऽपि यत्नेऽप्यफलता क्वचित् ।।
तदेतद् दुर्घटं दृष्टात् कारणाद् व्यभिचारिणः । तेनाऽदृष्टमुपेतव्यमस्य किञ्चन कारणम् ।।

← (न्या.मं.प्रमेयप्रकरण-भाग-२/आह्निक-७/पृ.२६२) इति। विश्वप्रवृत्त्यादितोऽपि अदृष्टसिद्धिरङ्गीकार्या, तदुक्तं **न्यायकुसुमाञ्जलौ** → 'विफला विश्ववृत्तिर्नो, न दुःखैकफलाऽपि वा । दृष्टलाभफला नाऽपि विप्रलम्भोऽपि नेदृशः ।। ← (न्या.कु. १/८) इति ।

किञ्च भावात्मकाऽदृष्टाऽनभ्युपगमे → ज्ञानाऽग्निः सर्वकर्माणि भस्मसात् कुरुतेऽर्जुन ! ← (भ.गी.८/३७) इति **भगवद्गीता**वचनं, → चित्तस्य हि प्रसादेन हन्ति कर्म शुभाऽशुभम् ← (मैत्रा.६/२०, मैत्रे.१/४/६) इति **मैत्रायण्युपनिषद्-मैत्रेय्युपनिषदोः** वचनं, → तथैवाऽत्मनि कर्माणि तिष्ठन्ति भरतर्षभ ! ← (इति.स.२/६७) इति **इतिहाससमुच्चय**वचनं, → शोधयन्ति बुधाः कर्म ज्ञान-ध्यान-तपोबलैः ← (म.पु.३८/११) इति **मत्स्यपुराणवचनं** च नैव सङ्गच्छेरन् । न हि ध्वंसस्य ध्वंस-शोधनादिकं सम्भवति ।

ભાવસ્વરૂપ વ્યાપાર = દ્વાર (પુણ્ય-પાપ વગેરે) ઉત્પન્ન કરવા દ્વારા ફળોત્પત્તિ કાળ સુધી વ્યાપ્ત બને તો જ તે ચિરવિનષ્ટ ક્રિયા વગેરે ફળોત્પાદક બની શકે - આવો નિયમ અન્યત્ર નિશ્ચિત થયેલ છે. જેમ કે અનુભવ સ્મૃતિને ઉત્પન્ન કરે છે. અનુભવ બાદ ઘણા સમય પછી પણ સ્મૃતિ ઉત્પન્ન થતી હોવાથી વચ્ચે સંસ્કાર સ્વરૂપ ભાવાત્મક વ્યાપાર માન્ય કરવામાં આવેલ છે. અર્થાત્ અનુભવ સંસ્કાર દ્વારા સ્મૃતિને ઉત્પન્ન કરે છે. જે અનુભવ સંસ્કારને ઉત્પન્ન ન કરે તે અનુભવ કાલાંતરમાં સ્મૃતિને ઉત્પન્ન કરી શકતો નથી. આમ ફળોત્પાદ પૂર્વે નષ્ટ થયેલ કારણનો ભાવવ્યાપાર માનવો જરૂરી છે. જો વિહિત-નિષિદ્ધ ક્રિયાના ધ્વંસને જ તેનો વ્યાપાર માનવામાં આવે અર્થાત્ વિહિતાદિ ક્રિયા સ્વધ્વંસ દ્વારા ફળને ઉત્પન્ન કરે છે - એવું માનવામાં આવે તો અનુભવ પણ સ્વધ્વંસ દ્વારા જ સ્મૃતિને ઉત્પન્ન કરી દેશે અને તેવું માનવામાં તો સંસ્કારનો પણ ઉચ્છેદ થઈ જશે. અનુભવધ્વંસને જ અનુભવનું દ્વાર માનવાથી પણ સ્મૃતિની ઉત્પત્તિ સંગત થઈ શકે છે તો શા માટે સંસ્કારની કલ્પના કરવી ? માટે તો **ઉદયન આચાર્ય**એ પણ **ન્યાયકુસુમાંજલિ** ગ્રંથમાં જણાવેલ છે કે → 'ભાવાત્મક અતિશય વિના ચિરધ્વસ્ત ક્રિયાદિ ફળોત્પત્તિ કરવા માટે સમર્થ નથી.' ←

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अपि च प्रायश्चित्तविधेरपि अदृष्टमन्तरा वैयर्थ्यं प्रसज्येत** । अधर्मनाशेनैव तस्य फलवत्त्वात्, नरकादिदुःखानां प्रायश्चित्तविषयकर्मजन्यानामप्रसिद्ध्या तन्नाशस्य कर्तुमशक्यत्वात्, दुःखप्रागभाव-स्याप्यसाध्यत्वात् ।

ध्वंसस्य व्यापारत्वे दोषान्तरमाह- **'अपि चे'ति** । **अधर्मनाशेनैव** = निषिद्धक्रियाजन्यदुरितध्वंसेनैव **तस्य** = प्रायश्चित्तविधेः **फलवत्त्वात्** = सफलत्वात् । न च तस्याऽधिकारसम्पत्तिरेव प्रयोजनम्, अधिकाराविरोधिन्यपि पातके तद्विधानात्, क्वचिच्च प्राणान्तिकस्यापि तस्य विधानाच्च । न च जन्मान्तरीयमपि पातकमधिकारं विरुणद्धि । न च प्रायश्चित्ताऽऽचरणदुःखमेव पातकफलं, नरकादेरिव तस्य तत्फलत्वाऽश्रवणात्, प्रायश्चित्तवैयर्थ्याच्च । तेन विनापि नरकादेरिव तस्यापि गलेपादिकया दुरितेनैव सम्पादनीयत्वात् । न खलु निवृत्तये कर्मजन्यमनिष्टं विधीयते । अपि तु कर्मणोऽनिष्टसाधनत्वं बोध्यते, विना प्रायश्चित्ताऽऽचरणदुःखं तत्तन्महारौरवादिदुःखोपभोगेनापि पापस्य विनाशप्रसङ्गाच्च (न्या.खं.खा. श्लो.६१-पृ.६२५) इति व्यक्तमुक्तं **न्यायखण्डखाद्ये** एतद्ग्रन्थकृता।

इत्थञ्च यदि ह्यधर्मो न स्यात् तदा प्रायश्चित्तादिना नाश्यत्वं कस्यापि न स्यादिति प्रायश्चित्त-विधिर्दुर्घटः स्यात् । यदि च निषिद्धक्रियाभिर्दुरितं न जन्यते स्वध्वंसद्वारैव च नरकादिः जन्यते तर्हि ध्वंसस्य ध्वंसाऽप्रतियोगित्वेन प्रायश्चित्तविधिश्चरिताऽर्थो न स्यात् । तथा च प्रायश्चित्तकरणेऽपि नरक-गमनादिकमनिवारितप्रसरमेव प्रसज्येत । न हि तेन निषिद्धब्रह्महत्यादीनां नाशः प्रतिबन्धो वा विधातुं शक्यते, तेषां पूर्वमेव विनष्टत्वात् । न च प्रायश्चित्तकरणतो निषिद्धक्रियाजन्यनरकादिदुःखानामेवो-च्छेदान्नायं दोष इति वाच्यम्, **नरकादिदुःखानां प्रायश्चित्तविषयकर्मजन्यानां** = प्रायश्चित्तविषयभूतनिषि-द्धक्रियाजनितानां **अप्रसिद्ध्या** = प्रायश्चित्तकरणकालेऽनुत्पन्नतया **तन्नाशस्य** = तादृशनरकादिदुःखोच्छे-दस्य **कर्तुमशक्यत्वात्**, प्रतियोगिनोऽपि स्वध्वंसं प्रति कारणत्वात्। न हि मुद्गरप्रहारेणाऽनुत्पन्नघटस्य ध्वंस उपजायते कदापि ।

ननु प्रायश्चित्तविधेः नरकादिदुःखप्रागभावसाधकत्वेन सफलताऽस्त्विति चेत् ? **न, दुःखप्रागभाव-**

## ❀ પ્રાયશ્ચિતનાશ્યરૂપે પણ કર્મસિદ્ધિ ❀

अपि च. અને વળી મહત્ત્વની વાત એ છે કે શાસ્ત્રોક્ત પ્રાયશ્ચિત્તવિધિ પણ કર્મ વિના નિષ્ફળ જશે. (કારણ કે પ્રાયશ્ચિત્ત પાપના નાશ માટે કરવાનું છે. જો કર્મ કે પાપકર્મ જ ન હોય તો પ્રાયશ્ચિત્ત શા માટે કરવાનું ? નિષિદ્ધક્રિયાધ્વંસના નાશ માટે કાંઈ પ્રાયશ્ચિત્ત કરવાનું નથી. કારણ કે ધ્વંસનો કદિ ધ્વંસ થતો નથી.) પાપનો નાશ કરવા દ્વારા જ પ્રાયશ્ચિત્ત સફળ બની શકે છે.

નરકાદિના દુઃખોનો પ્રાયશ્ચિત્ત દ્વારા નાશ થશે - આમ કહેવું પણ વ્યાજબી નથી. કારણ કે જે નિષિદ્ધ ક્રિયા બદલ પ્રાયશ્ચિત્ત કરવું પડે તેવી ક્રિયાથી ઉત્પન્ન થયેલ નરકાદિ દુઃખ જ અપ્રસિદ્ધ છે, = પ્રાયશ્ચિત્ત કરવાના સમયે અનુત્પન્ન છે. જે માણસ પરસ્ત્રીગમન, ખૂન વગેરે શાસ્ત્રનિષિદ્ધ ક્રિયા કરીને પ્રાયશ્ચિત્ત કરવા માટે શાસ્ત્રજ્ઞ સંત પાસે હાજર થયેલ છે તે સમયે તો નરકાદિના દુઃખો તેના જીવનમાં - આત્મામાં ઉત્પન્ન જ નથી થયા. તો તેનો નાશ પ્રાયશ્ચિત્તવિધિ કઈ રીતે કરી શકે ? અનુત્પન્ન દુઃખનો નાશ કરવો શક્ય જ નથી. કેમ કે નાશ પ્રત્યે પ્રતિયોગી પણ કારણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रागभावस्य प्रतियोगिजनकत्वनियमेन तज्जन्यदुःखोत्पत्त्यापत्तेश्चेत्यन्यत्र विस्तरः ॥१६॥

**विशेषश्चात्र बलवदेकमन्यन्निहन्ति यत्**[1] **। व्यभिचारश्च नाप्येवमपेक्ष्य प्रतियोगिनम् ॥१७॥**

**विशेषश्चेति** । **अत्र च** = दैवपुरुषकारविचारणायां **विशेषः** अयं **यद्** अनयोर्मध्ये **एकं**

---

**स्यापि** अनादिकालतो विद्यमानतया उत्पत्त्यप्रतियोगित्वेन **असाध्यत्वात्** = प्रायश्चित्त-विधिनाऽनुत्पाद्यत्वात् । **न च** 'मेऽनादिकालीनोऽपि नरकादिदुःखप्रागभावो मोच्छिद्यतामि'त्यभिप्रायेण व्युत्पन्नैः प्रायश्चित्तकरणान्नरकादिदुःखप्रागभावानुच्छेदः प्रायश्चित्तविधिना साध्य इति **वक्तव्यम्, प्रागभावस्य प्रतियोगिजनकत्वनियमेन** प्रायश्चित्तकरणेऽपि यदाकदाचित् **तज्जन्यदुःखोत्पत्त्यापत्तेश्च** = नरकादिदुःखप्रागभावजन्यतत्प्रतियोगिदुःखोत्पादाऽऽपाताच्च । **एतेन** योगक्षेमसाधारणजन्यतायाः प्रागभावेऽपि सत्त्वान्न प्रायश्चित्तविधेर्निष्फलतेति **प्रत्युक्तम्**, प्रायश्चित्तकरणतो नरकभवादिलक्षणसहकारिविरहेण दुःखानुत्पादे नरकादिदुःखप्रागभावस्योत्तरावधिविधुरत्वेनात्यन्ताऽभावत्वप्रसङ्गादिति (न्या.लो.प्रकाश-१ पृ. १४) व्यक्तं **न्यायालोके**। एतद्विस्तरस्तु अस्मत्कृतायां **भानुमत्यां** न्यायाऽऽलोकटीकायां बोध्यः। इहाप्यग्रे क्लेशहानोपायद्वात्रिंशिकायां (द्वा.द्वा.२५/३१-भाग-६, पृ.१७६६) वक्ष्यते । यथा चादृष्टं कालान्तरभाविफलानुकूलविहितनिषिद्धक्रियाजन्यभावव्यापाररूपं तथा बुभुत्सुभिः **वादमालायां अदृष्टसिद्धिवादो** विलोकनीयः ॥१७/१६॥

दैव-पुरुषकारविचारणायां विशेषमाह- **'विशेष'** इति । **अनयोः** = दैव-पुरुषकारयोः **मध्ये एकं**

---

## ❁ પ્રાગભાવ પ્રતિયોગીજનક છે. ❁

दुःखप्रा. । જો નાસ્તિક એમ કહે કે "પ્રાયશ્ચિત્ત દ્વારા હત્યારા, પરસ્ત્રીગામી વગેરે જીવોમાં નરકાદિદુઃખોનો પ્રાગભાવ ઉત્પન્ન કરવામાં આવે છે. આમ દુઃખપ્રાગભાવને ઉત્પન્ન કરવા દ્વારા પ્રાયશ્ચિત્તવિધિ સફળ થશે" તો આ વાત પણ વ્યાજબી નથી. આનું કારણ એ છે કે દુઃખનો પ્રાગભાવ ઉત્પત્તિનો પ્રતિયોગી બનતો ન હોવાથી અસાધ્ય = અજન્ય = અનુત્પાદ્ય છે. જેની ઉત્પત્તિ ક્યારેય થતી જ ન હોય તેને પ્રાયશ્ચિત્તવિધિ કઈ રીતે ઉત્પન્ન કરી શકે ? વળી, બીજી મહત્ત્વની વાત તો એ છે કે પ્રાગભાવ અવશ્ય ક્યારેક તો પોતાના પ્રતિયોગીને ઉત્પન્ન કરે જ છે. તેથી જો પ્રાયશ્ચિત્તવિધિ દ્વારા દુઃખપ્રાગભાવ ઉત્પન્ન કરવામાં આવે છે' એવું એક વાર 'તુષ્યતુ...' ન્યાયથી સ્વીકારી લેવામાં આવે તો પણ ક્યારેક તો તે પ્રાયશ્ચિત્ત લેનારા જીવમાં નરકાદિના દુઃખો ઉત્પન્ન થવાની આપત્તિ આવશે. આ તો પેટ ચોળીને શૂળ ઊભું કરવા જેવું થયું. ઊલટું પ્રાયશ્ચિત્ત કરવાથી જ નરકાદિના દુઃખો અવશ્ય મળશે- એવું નિશ્ચિત થશે. આવું થવાનું હોય તો કોણ પ્રાયશ્ચિત્ત સ્વીકારે ? આ બાબતનો અન્યત્ર (**ન્યાયાલોક** વગેરે ગ્રંથોમાં) વિસ્તાર જોવાની ગ્રંથકારશ્રી ભલામણ કરે છે. (૧૭-૧૬)

## ❁ બળવાન દુર્બળને ખતમ કરે ❁

**ગાથાર્થ :-** પ્રસ્તુતમાં વિશેષતા એ છે કે બળવાન નસીબ કે પુરુષાર્થ નબળા એવા પુરુષાર્થ કે નસીબને હણે છે. આ રીતે માનવામાં પ્રતિયોગીની અપેક્ષાએ વ્યભિચાર નથી. (૧૭/૧૭)

**ટીકાર્થ :-** ભાગ્ય અને પુરુષાર્થની વિચારણામાં વિશેષતા એટલી છે કે તેમાંથી જે બળવાન હોય તે બીજા નબળાને સ્વફળની ઉત્પત્તિ કરવામાં સ્ખલના પહોંચાડે છે. (અર્થાત નબળું ભાગ્ય પોતાનું

---

१. हस्तादर्शे 'च' इति पाठः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**बलवद् अन्यद्** = निर्बलं **निहन्ति** = स्वफलमुपदधानं प्रतिस्खलयति।

नन्वत्रैवैकव्यभिचारादुभयोरन्योऽन्यापेक्षत्वक्षतिरित्यत्राह-

---

**बलवद् अन्यद् दुर्बलं** = तथाविधबलविकलं **स्वफलं** = निजकार्यं **उपदधानं** = जनयत् **प्रतिस्खलयति** = अवरुणद्धि। तथाहि बलवता पुरुषकारेण बलापेतं = सोपक्रमं दैवमुपहन्यते, **उपदेशपद**प्रसिद्ध-(उप.पद ३३०-३३९)ज्ञानगर्भमहामन्त्रिपुरुषकारेणेव स्वकुटुम्बवधाऽऽढौककं कर्म, निरुपक्रमेण च बलवता दैवेन दुर्बलः पुरुषकारः, द्वारकावतीदाहप्रवृत्तौ वासुदेव-बलदेवपुरुषकार इव । दैवप्राबल्यावस्थामपेक्ष्यैव → दैवमुल्लङ्घ्य यत्कार्यं क्रियते फलवन्न तत् । सरोऽम्भश्चातकेनाऽऽत्तं गलरन्ध्रेण गच्छति ।। ← ( ) इत्युक्तमित्यवधेयम् । सर्वदा सर्वत्र सर्वथैव द्वयोस्तुल्यबलतायामिदं नैवोपपद्यते । तदुक्तं **योगबिन्दौ** → दैवं पुरुषकारेण दुर्बलं ह्युपहन्यते । दैवेन चैषोऽपीत्येतन्नान्यथा चोपपद्यते ।। ← (यो.बिं.३२७) इति । एतेन → द्वौ हुडाविव युध्येते पुरुषार्थौ परस्परम् । य एव बलवांस्तत्र स एव जयति क्षणात् ।। ← (यो.वा.मुमुक्षुप्रकरण-६/१०) इति **योगवाशिष्ठ**वचनमपि व्याख्यातम्, पुरुषार्थपदेन इहलौकिक-पारलौकिककर्मणोर्ग्रहणात् । युक्तञ्चैतत् ।

अत एव **द्वादशारनयचक्रे श्रीमल्लवादि**सूरिभिरपि → प्रवृत्तिप्रबन्धः फलपरिणामप्रबन्धः च प्राग्भवीयकर्माऽऽख्यपुरुषकारस्य साध्योऽसाध्यश्च, तीव्र-मन्दादिहेतूपसेवनसञ्चितत्वात् साध्याऽसाध्यव्याधिवत्, चलनीयोऽविचल्यश्च बद्धाऽबद्धमूलत्वात् वृक्ष-हट्टवत्, निकाचिताऽनिकाचिताऽवयवत्वात्, अयःशलाकाकलापवत् ← (द्वा.न.अर-४/पृ.४८५) इत्युक्तम् । प्रकृते यत्नसाध्यं कर्माऽनुकूलं फलं प्रति यत्नसाफल्यमेव । पुरुषकाराऽसाध्यं बलवत्कुकर्मविपरीतं फलं प्रति तु पुरुषकारस्य वैफल्यमेवेत्येवं व्यवस्थाऽत्रावगन्तव्या । तदुक्तं **निशीथभाष्ये बृहत्कल्पभाष्ये** च → सज्झमसज्झं कज्जं, सज्झं साहिज्जए, न उ असज्झं । जो उ असज्झं साहइ, किलिस्सइ न तं चेव साहेइ ।। ← (नि.भा.४१५७ + बृ.क.भा.५२७९) इति । **न चैवं** स्वस्मिन्नुपक्रमणीयं कर्माऽनिश्चिन्वतो नाशार्थिनोः नाश्याऽविनिश्चये प्रवृत्त्यनुपपत्तिरिति **शङ्कनीयम्**, बलवतो नाश्यस्य संशयेऽपि सर्पादिदंशजन्यविषसंशये तन्नाशार्थं भेषजपानादाविव, विघ्नसंशयेऽपि तन्नाशार्थं मङ्गलकरणादाविव वा प्रवृत्त्यविरोधादिति व्यक्तमुक्तं **उपदेशरहस्यवृत्तौ** (उप.रह.४६ वृत्ति) ।

**ननु अत्रैव** = दुर्बलदैवस्य पुरुषकारोपहतत्वे निर्बलपुरुषकारस्य च दैवोपहतत्वे एव **एकैकव्यभिचारात्** = फलजननं प्रति एकैकव्यतिरेकव्यभिचारात् क्रमश **उभयोः** = दैव-पुरुषकारयोः **अन्योऽन्याऽपेक्ष-**

---

ફળ ઉત્પન્ન કરવા તૈયાર થાય ત્યારે બળવાન પુરુષાર્થની ઉત્પત્તિ અટકાવે છે. તથા જ્યારે નબળો પુરુષાર્થ પોતાનું સુંદર કાર્ય કરવા સજ્જ થાય ત્યારે બળવાન ખરાબ ભાગ્ય પુરુષાર્થજન્ય ફળની ઉત્પત્તિ થવા દેવામાં સ્ખલના ઊભી કરે છે. આ રીતે બળીયાનો વિજય થાય છે.)

નન્વત્રૈ. । આવું માનવામાં એક સમસ્યા એ ઉભી થાય છે કે પૂર્વે (દ્વા.દ્વા.૧૭/૫ પૃ.૧૧૫૫) જણાવેલ હતું કે 'ભાગ્ય અને પુરુષાર્થ બન્ને એકબીજાની અપેક્ષા રાખીને કાર્ય કરે છે.' તે સિદ્ધાંત અહીં ભાંગી પડશે. કારણ કે ભાગ્ય નબળું હોય અને પુરુષાર્થ બળવાન હોય ત્યારે ભાગ્ય વિસંવાદિ = વ્યભિચારી = અન્વયવ્યભિચારગ્રસ્ત બને છે. તથા પુરુષાર્થ નબળો હોય અને ભાગ્ય મજબૂત હોય તો પુરુષાર્થ અન્વયવ્યભિચારગ્રસ્ત બને છે. આમ પ્રત્યેકમાં વિસંવાદ આવવાથી બન્નેને કાર્ય કરવામાં એક બીજાની અપેક્ષા રહે છે - આ સિદ્ધાંત ભાંગી પડશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**एवमपि च प्रतियोगिनमपेक्ष्य न व्यभिचारः** एकेनाऽन्यप्रतिघातेऽप्यन्यस्य प्रतियोगितयाऽपेक्षणात् केवलं प्रतिहतत्वेनैव = प्रतिघातप्रतियोगित्वेन गौणत्वमात्रं स्यादिति बोध्यम् ।।१७।।

**त्वक्षतिः** = परस्पराऽपेक्षत्वोक्तिव्याहतिः **इति अत्र** आशङ्कायां **आह एवमपि च** = परस्परोपघातेऽपि च प्रतिस्खलने **प्रतियोगिनं अपेक्ष्य न व्यभिचारः** = नैवैकैकव्यभिचारः । **एकेन** बलवता **अन्यप्रतिघातेऽपि** = दुर्बलोपघातेऽपि **अन्यस्य** = दुर्बलस्य **प्रतियोगितया** = प्रतिघातप्रतियोगिविधया **अपेक्षणात्** । न च तर्हि गौणत्वमन्यस्य कथं स्यादिति शङ्कनीयम्, यत एवं व्याख्याने **केवलं प्रतिघातप्रतियोगित्वेन** रूपेण **गौणत्वमात्रं** = अनुत्कटत्वमत्र दुर्बले **स्यात्** । यदि ह्यन्यत्स्वफलमुपदधानं नोपरमेत्तदैकेन स्वफलोपधानं कर्तुं न पार्यते इति एकेन स्वफलोपधानेऽन्यस्य प्रतिघातप्रतियोगित्वमपेक्षणीयमेव । तदेव च विवक्षितफलं प्रति तदीयं गौणं कारणत्वम् ।

यत्र स्थले दैवफलं पुरुषकारफलविलक्षणं तत्रैव प्रकृतबाध्य-बाधकभावलक्षणो गौण-मुख्यभाव उभयत्राऽनुसन्धेयः । यत्र चोभयफलमविलक्षणमेव तत्र च प्रागुक्तानुत्कटत्वोत्कटत्वलक्षणो गौण-मुख्यभावो योज्यः । यद्वा परस्परोपग्रहात् समप्राधान्येनैककार्यकरणे तयोस्तुल्यबलत्वमवसेयम् । तदुक्तं **उपदेशरहस्ये** → एवं तुल्लबलत्तं उववण्णं दइव-पुरिसगाराणं । अण्णोण्णसमणुविद्धा जं दो वि फलं पसाहंति।। ← (उप.रह.४७) इति । अत्र च दैवस्य स्वरूपयोग्यताघटकत्वमन्तरङ्गपुरुषकारस्य च सहकारियोग्यताघटकत्वमिति व्यक्तं **तद्वृत्तौ** । एतेन → यत्नो हि सततं कार्यस्ततो दैवेन सिध्यति ← (म.भा.शांति. १५२/५०) इति **महाभारत**वचनमपि व्याख्यातम् ।।१७/१७।।

एवमपि । પરંતુ આ સમસ્યાના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી જણાવે છે કે- 'બળવાન નબળાને હણે' આવું માનવામાં પણ 'ભાગ્ય અને પુરુષાર્થ એકબીજાની અપેક્ષા રાખીને પોતાનું કાર્ય કરે છે' આ સિદ્ધાન્તમાં વિસંવાદ ઉભો થતો નથી. કારણ કે ઉપરોક્ત રીતે જણાવ્યા મુજબ બળવાન પુરુષાર્થને પોતાનું કામ કરવામાં પ્રતિયોગી તરીકે નબળા ભાગ્યની અપેક્ષા રહે છે તથા બળવાન ભાગ્યને પોતાનું ફળ દેખાડવામાં નબળા પુરુષાર્થની પ્રતિયોગી તરીકે અપેક્ષા રહે જ છે. જો પ્રતિયોગી નબળો ન હોય તો તેના કાર્યની ઉત્પત્તિમાં સ્ખલના પહોંચાડીને બળવાન ભાગ્ય કે પુરુષાર્થ પોતાનું કાર્ય ઉત્પન્ન કરી ન જ શકે. ફક્ત ફેર એટલો પડી જાય કે જે બળવાન દ્વારા પ્રતિહત થાય, સ્ખલિત થાય તેમાં પ્રતિઘાતપ્રતિયોગીતા હોવાના લીધે માત્ર ગૌણતા આવે અને પ્રતિઘાતકમાં મુખ્યતા = મુખ્યકારણતા આવે. (એટલે કે જો પુરુષાર્થ બળવાન હોય તો નબળું નસીબ તેના દ્વારા પ્રતિહત = પ્રતિસ્ખલિત થવાથી નસીબમાં પ્રતિહતત્વ = પ્રતિઘાતપ્રતિયોગીત્વ આવી જવાના લીધે પુરુષાર્થપ્રેરિત કાર્ય પ્રત્યે નસીબમાં ગૌણ કારણતા આવશે. તથા જો ભાગ્યોદય બળવાન હોય તો તેના દ્વારા નબળો પુરુષાર્થ પ્રતિહત થવાથી ભાગ્યોદયપ્રેરિત ફળલાભ પ્રત્યે પુરુષાર્થ ગૌણ કારણ બનશે. આટલો તફાવત ગૌણ-મુખ્યત્વરૂપે કારણમાં આવશે. (૧૭/૧૭)

## * દ્વિવિધ ગૌણ-મુખ્ય કારણતાનો ખુલાસો *

**વિશેષાર્થ :-** જ્યાં ભાગ્ય જુદું ફળ આપવા માંગે અને પુરુષાર્થ તેના કરતાં વિલક્ષણ ફળ આપવા માગે તેવા સ્થળે જે બળવાન હોય તે બીજાના કાર્યને ઉત્પન્ન થતું અટકાવીને પોતાનું ફળ દેખાડે. તેવા સ્થળે ઉપરોક્ત રીતે ગૌણ-મુખ્યભાવે બન્નેની કારણતા સમજવી જરૂરી બની જાય છે. બળવાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**कर्मणा [1]कर्ममात्रस्य नोपघातादि तत्त्वतः । स्वव्यापारगतत्वे तु तस्यैतदपि युज्यते ।।१८।।**

**कर्मणेति** । **कर्मणा** केवलेनैव **कर्ममात्रस्य** = केवलस्यैव कर्मणः **न उपघातादि** = उपघातानुग्रहौ **तत्त्वतः** = अनुपचारेण । न हि केवलं कर्म किञ्चिदुपहन्तुं निगृहीतुं वा क्षमं, असहायत्वात् । **स्वव्यापारगतत्वे तु** = जीवक्रियाप्रतिबद्धत्वे पुनः **तस्य** कर्मणः[2] **एतदपि** परस्परोपघातादि **युज्यते** ।।१८।।

एवं परस्परोपघात्योपघातकभावे सति यत्सिद्धं तद् **योगबिन्दु**(यो.बिं.३२८)संवादेन ग्रन्थकृदाह- '**कर्मणे**'ति। योगबिन्दुवृत्त्यनुसारेण व्याख्यानयति **कर्मणा केवलेनैव** = पुरुषकारादिशून्येनैव **केवलस्यैव कर्मणः** दैवाख्यस्य **न** = नैव **उपघाताऽनुग्रहौ** आत्मनि **अनुपचारेण** = मुख्यवृत्त्या सम्भवतः । **न हि केवलं** = पुरुषकारादिशून्यं **कर्म** = दैवं **किञ्चिद् उपहन्तुं, निगृहीतुं,** अनुगृहीतुं **वा क्षमं** = समर्थं, **असहायत्वात्** = सहकारिविकलत्वात् । तर्हि कथमुपघातादि स्यात् ? इत्याशङ्कायामाह- **जीवक्रियाप्रतिबद्धत्वे** = आत्मयत्नसंवलिततत्वे **पुनः कर्मणः** = दैवाख्यस्य सकाशात् **परस्परोपघातादि युज्यते** ।

वस्तुतः सद्भूतव्यवहारनयतो दैवेन दैवमात्ररूपोपघाताऽनुग्रहौ न तत्त्वतो युज्येते, स्वस्मिन् स्वेन तथासम्भवाऽभावात् । न हि पटुरपि नटबटुः स्वस्कन्धमारोढुं शक्तः । किन्तु तस्य = दैवस्य स्वाश्रययत्नसंवलिततत्वे सति दैव-पुरुषकारयोरनुपदोक्तरीत्या (द्वा.द्वा.१७/१७ पृ.११८३) **एतदपि** = मिथ उपघात्योपघातकत्वं

ભાગ્ય જે ફળ ઉત્પન્ન કરવા સર્જાયેલ હોય તેવા સ્થળે વિપરીત ફળ દેનાર પુરુષાર્થ નબળો હોય તો જ ભાગ્ય પોતાનું ફળ દર્શાવી શકે અન્યથા નહિ. આમ નિર્બળ પુરુષાર્થની =પુરુષાર્થગત નિર્બળતાની અપેક્ષા અન્યફળોત્પાદક બળવાન ભાગ્ય અવશ્ય રાખે જ છે. અહીં ભાગ્ય દ્વારા પુરુષાર્થ પોતાનું ફળ ઉત્પન્ન કરતો અટકાવાય છે. તેથી પુરુષાર્થ ભાગ્યજન્ય ફળ પ્રત્યે અહીં ગૌણ કારણ બને છે. બળવાન ભાગ્યોદયલભ્ય ફળને ઉત્પન્ન કરવામાં પુરુષાર્થ ભલે ભાગ્યને સહકાર ન આપે પણ વિરોધ ન કરે તો પણ ઘણું. ભાગ્યલભ્ય ફળને ઉત્પન્ન થતું ન અટકાવે તો પણ પુરુષાર્થે બળવાન ભાગ્યને સાથ આપ્યો કહેવાય. આમ નબળા પુરુષાર્થમાં ગૌણ કારણતા માનવી જરૂરી છે. આ રીતે પુરુષાર્થ સબળ હોય ત્યારે નબળા નસીબમાં ગૌણ કારણતાનો વિચાર કરી લેવો.

પરંતુ જ્યાં ભાગ્ય અને પુરુષાર્થ એક જ ફળને આપવા તૈયાર હોય ત્યારે ઉપરોક્ત રીતે પ્રતિઘાતક પ્રતિઘાત્યભાવરૂપે ગૌણમુખ્ય કારણતા સ્વીકારવાના બદલે પૂર્વોક્ત (દ્વા.દ્વા.૧૭/૬, પૃ.૧૧૫૮) રીતે અનુત્કટતા ઉત્કટતારૂપે ગૌણ-મુખ્ય કારણતા સ્વીકારવી. આ બાબતને વાચકવર્ગે ધ્યાનમાં રાખવી. (૧૭/૧૭)

### ❀ માત્ર કર્મ કર્મનો ઉપઘાત ન કરે ❀

**ગાથાર્થ :-** કર્મ વડે કેવળ કર્મનો ઉપઘાત વગેરે પરમાર્થથી શક્ય નથી. જીવના પુરુષાર્થ સાથે કર્મ સંકળાય તો કર્મમાં ઉપઘાત વગેરે પણ યુક્તિસંગત થઈ શકે. (૧૭/૧૮)

**ટીકાર્થ :-** માત્ર કર્મ વડે કેવળ કર્મનો ઉપઘાત કે અનુગ્રહ અનૌપચારિક રીતે = તાત્ત્વિક રીતે સંગત થઈ ન શકે. ખરેખર એકલું બિચારું કર્મ કોઈને નુકશાન પહોંચાડવા કે અનુગ્રહ કરવા સમર્થ નથી. કારણ કે તે નિઃસહાય છે. જો કર્મને સ્વાશ્રય જીવના પ્રયત્ન = પુરુષાર્થ = ક્રિયા જોડે સંકળાયેલ માનવામાં આવે તો કર્મ અને પુરુષાર્થમાં પરસ્પર ઉપઘાત કે અનુગ્રહ યુક્તિથી સંગત થઈ શકે છે. (૧૭/૧૮)

१. हस्तादर्शे 'चर्म' इति पाठः । २. हस्तादर्शे 'कर्म' इति त्रुटितोऽशुद्धश्च पाठः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**उभयोस्तत्स्वभावत्वे तत्तत्कालाद्यपेक्षया । [1]बाध्यबाधकभावः स्यात्सम्यग् [2]न्यायाऽविरोधतः ।।१९।।**

**उभयोरिति** । **उभयोर्दैव-पुरुषकारयोः तत्स्वभावत्वे** = बाध्य-बाधकस्वभावत्वे तेषां तेषां[3] कालादीनां सहकारिकारणानामपेक्षया (= **तत्तत्कालाद्यपेक्षया**) **बाध्यबाधकभावः** = उपघात्योपघातक-भावः **स्यात्**, **सम्यग्** न्यायस्य = सम्यग्युक्तेः अविरोधतः = अविघटनात् (= **सम्यग्न्यायाऽविरोधतः**) ।।१९।।

---

युज्यत इति व्याख्यानं पूर्वाऽपराऽनुसन्धानेन सम्यगाभाति। तत्त्वं तु बहुश्रुतेभ्योऽवसेयम्।।१७/१८।।

ननु यत्र मिथोविलक्षणफलदानबद्धकक्षयोः दैव-पुरुषकारयोः प्रत्येकं परेण बाध्यस्वभावत्वं पर-बाधकस्वभावत्वं च वर्तेते तत्र का गतिः ? इत्याशङ्कामपाकर्तुं **योगबिन्दु**(यो.बिं.३२९)संवादेनाऽऽह- 'उभयो'रिति । **दैव-पुरुषकारयोः** परस्परं **बाध्य-बाधकस्वभावत्वे** = उपघात्योपघातकस्वभावत्वे स्वीक्रियमाणे सति **तेषां तेषां कालादीनां** = काल-स्वभाव-नियति-लोकस्थिति-कायस्थित्यादीनां **सहकारिकारणानां** = त्रसकायावस्था-मनुष्यभवाऽऽर्यदेश-प्रथमसंहनन-सद्गुरु-कल्याणमित्रादियोग-मोक्षगमनकाल-चरमशरीर-क्षपक-श्रेण्यारम्भादिकार्यजनने सहकारिणां **अपेक्षया उपघात्योपघातकभावः** = वध्य-घातकभावः दैव-पुरुषकारयोरित्यनुषज्यते, **सम्यग्युक्तेः** = समीचीनतर्कस्य **अविघटनात्** = अबाधात् = अबाधमाश्रित्य = बाधमकृत्वेति यावत् **स्यात्** ।

अयमाशयः यथा ऋणधारकं प्रति धनिकः कालक्षेपसहिष्णुः असहिष्णुश्चेति द्विधा भवति तथैव स्वविपाकं प्रति कर्माऽपि द्विधा । एवमुदीर्णस्यानुदीर्णस्य वा कर्मणः कस्यचित् धृति-संहनन-यत्नाद्युपेतेन

---

**વિશેષાર્થ :-** દોરડા ઉપર નાચનાર હોશિયાર નટ પણ પોતાના ખભા ઉપર ચઢીને નાચી શકતો નથી. કુશળ નટને પણ નાચવા માટે દોરડા, વાંસ વગેરેની અપેક્ષા રહે છે. તેમ ગમે તેવું બળવાન કર્મ પોતાની જાતે કર્મનો અનુગ્રહ કે ઉપઘાત કરી ન શકે. પણ પોતાના આશ્રયભૂત જીવમાં પ્રયત્નની અપેક્ષા તેને રહે જ છે. જો જીવ જરાય અવળો પુરુષાર્થ ન કરે તો ગમે તેવા મજબૂત ક્લિષ્ટ કર્મ જીવનું કશું બગાડી ન શકે- એવું અહીં સૂચિત થાય છે. નંદીષેણ મુનિએ વેશ્યાને ત્યાં પોતાની ધનવૃષ્ટિ કરવાની શક્તિનો પરચો દેખાડવા કશોય પુરુષાર્થ ન કર્યો હોત તો નિકાચિત પણ કર્મ ત્યારે તેને સંયમ ભ્રષ્ટ કરી ન શકત. આવી બાબત અહીં આડકતરી રીતે સૂચિત થાય છે. તે જ રીતે કર્મ સારા હોય, બળવાન હોય પણ જીવ જરા પણ તેને અનુરૂપ પુરુષાર્થ ન કરે, અવળો પુરુષાર્થ કરે તો કર્મ પોતાનું સારું પણ ફળ દેખાડી ન શકે. જેમ કે સાવદ્યાચાર્ય દ્વારા બંધાયેલ તીર્થંકર નામ કર્મ. આ તો એક દિગ્દર્શનમાત્ર છે. આ મુજબ આગળ ઉપર ઘણું ઊંડાણથી વિચારી શકાય છે. (૧૭/૧૮)

**ગાથાર્થ :-** ભાગ્ય અને પુરુષાર્થ બન્નેનો બાધ્ય-બાધક સ્વભાવ હોય તો તે - તે કાલાદિની અપેક્ષાએ બાધ્ય-બાધકસ્વભાવ સમ્યગ્યુક્તિનો વિરોધ ન આવે તે રીતે સંગત થઇ શકે. (૧૭/૧૯)

**ટીકાર્થ :-** જો ભાગ્ય અને પુરુષાર્થ બન્નેનો એકબીજાથી બાધ્ય-બાધક સ્વભાવ હોય તો તે તે કાળ, ભવિતવ્યતા વગેરે અન્ય સહકારી કારણોની અપેક્ષાએ તે બન્ને વચ્ચે બાધ્ય-બાધકભાવ સાચી યુક્તિનો વિરોધ ન આવે સત્તર્કનું વિઘટન ન થાય તે રીતે સંગત થઇ શકે છે. (૧૭/૧૯)

**વિશેષાર્થ :-** ભાગ્ય અને પુરુષાર્થ સમાન ફળને ઉત્પન્ન કરવા તૈયાર થયા હોય તો છઠ્ઠી ગાથામાં

---

१. हस्तादर्शे 'बाध्य' पदं नास्ति । २. हस्तादर्शे 'नाया' इत्यशुद्धः पाठः । ३. 'तेषां' इति एकं पदं मुद्रितप्रतौ नास्ति।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**प्रतिमायोग्यतातुल्यं कर्मानियतभावकम् । बाध्यमाहुः प्रयत्नेन [1]सेव प्रतिमयेत्यपि ॥२०॥**

**प्रतिमेति** । प्रतिमायोग्यतया तुल्यं = सदृशं (=**प्रतिमायोग्यतातुल्यं**) **कर्म** फलजननं प्रति

पुरुषेण कदाचित् क्षयो भवेत् न वा अन्यथा। यथोक्तं **बृहत्कल्पभाष्ये** → सहणोऽसहणो कालं जह धणिओ एवमेव कम्मं तु । उदियाऽणुदिए खवणा होज्ज सिया आउवज्जेसु ॥ ← (बृ.क.भा.२६९२) इति। दैवस्योपक्रमणीयता **विशेषावश्यकभाष्ये श्रावकप्रज्ञप्तौ** च → उदयक्खय-खयोवसमोवसमा जं च कम्मणो भणिया। दव्वाइपंचयं पइ जुत्तमुवक्कामणमओ वि॥ (वि.आ.भा.२०५०, श्रा.प्र.१९७) उदयक्खय-खओवसमोवसमा जं च कम्मुणो भणिया। दव्वं खेत्तं कालं भवं च भावं च संपप्प ॥ ← (वि.आ.भा. ५७५) इत्येवमावेदिता । द्रव्य-क्षेत्र-कालाद्यपेक्षया दैव-पुरुषकारयोर्बाध्यबाधकस्वभावविरहे तु मुद्गशैल-पक्तिवत् फललाभो न **स्यात्** । तदुक्तं **योगबिन्दौ** → तथा च तत्स्वभावत्वनियमात् कर्तृ-कर्मणोः। फलभावोऽन्यथा तु स्यान्न काङ्कटुकपक्तिवत् ॥ ← (यो.बिं.३३०) इति । प्रकृते → कालः स्वभावो नियतिर्यदृच्छा भूतानि योनिः पुरुष इति चिन्त्याः। संयोग एषां, न त्वात्मभावादात्माऽप्यनीशः सुख-दुःखहेतोः ← (श्वे.१/२) इति **श्वेताश्वतरोपनिषद्व**चनमपि यथातन्त्रमनुयोज्यं प्रमाणविशारदैः ।

**केचित्तु** अदृश्यतया पुरुषकारान्यतया वा काल-स्वभाव-नियत्यादीन् दैवे एवान्तर्भावयन्ति, → भवितव्यता विधाता कालो नियतिः पुराकृतं कर्म । वेधा विधिस्वभावो भाग्यं दैवस्य नामानि॥ ← (सु. ३४४) इति **अमितगतिविरचित-सुभाषितरत्नसन्दोह**वचनात् ॥१७/१९॥

अथानयोरेव प्रकारान्तरेण बाध्यबाधकभावमधिकृत्याऽऽह- '**प्रतिमे**'ति दार्वादेः **प्रतिमायोग्यतया** = दैवादिप्रतिकृतियोग्यतया **सदृशं कर्म** = दैवं **फलजननं** = स्वसाध्यफलोपधानं **प्रति अनियतभावकं** =

જણાવ્યા મુજબ તે બન્નેમાં ગૌણ-મુખ્ય કારણતા થઈ શકે છે. તેમ જ તે બન્ને વિરોધી કે વિલક્ષણ ફળને આપવા તૈયાર થયા હોય તો ૧૭મી ગાથામાં બતાવ્યા મુજબ બાધ્ય-બાધકભાવ માનીને તે બન્નેમાં ગૌણ-મુખ્ય કારણતા સ્વીકારી શકાય છે. આ વાત આપણે વિચારી ગયા. પરંતુ જે સ્થળમાં ભાગ્ય કે પુરુષાર્થ બેમાંથી એક પણ તીવ્રપણે બળવાન ન હોય અને પરસ્પર વિલક્ષણ ફળ આપવા તૈયાર થયા હોય તેવા સ્થળમાં તો ભાગ્ય પુરુષાર્થથી બાધ્યસ્વભાવવાળું અને પુરુષાર્થના બાધકસ્વભાવવાળું બને છે તથા પુરુષાર્થ પણ નસીબની અપેક્ષાએ બાધ્યસ્વભાવવાળો અને નસીબના બાધકસ્વભાવવાળો બની જાય છે. તો તેવા સ્થળમાં કઈ રીતે નસીબ અને પુરુષાર્થ વચ્ચે બાધ્ય-બાધકસ્વભાવ માનીને તે બન્નેમાં ગૌણ-મુખ્ય કારણતા સ્વીકારી શકાય ? આવી જિજ્ઞાસાનું શમન પ્રસ્તુત ગાથામાં ગ્રંથકારશ્રીએ જણાવેલ છે. ટીકાર્થને આ દૃષ્ટિકોણથી ફરીથી વાંચવાથી પદાર્થ જુદી જ રીતે સ્પષ્ટ થશે. (૧૭/૧૯)

## ❋ પ્રતિમા ઉદાહરણ મીમાંસા ❋

**ગાથાર્થ :-** પ્રતિમાયોગ્યતાતુલ્ય કર્મ અનિયત સ્વભાવવાળું છે.તે પ્રયત્ન દ્વારા દૂર કરી શકાય છે. પ્રતિમાયોગ્યતા જેમ પ્રતિમા દ્વારા દૂર થાય છે તેમ આ વાત સમજવી આમ પણ જાણકારો કહે છે. (૧૭/૨૦)

**ટીકાર્થ :-** પ્રતિમાયોગ્યતા સમાન કર્મ ફળોત્પત્તિ પ્રત્યે અનિયત સ્વભાવવાળું છે. કારણ કે ફળોત્પત્તિ અવશ્ય કરે તેવુ કર્મ તો બાધ્ય બની શકતું નથી.

१. मुद्रितप्रतौ 'सैव' इत्यशुद्धः पाठः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अनियतभावं(वकं)**, फलजनननियतिमतोऽबाध्यत्वात् । **प्रयत्नेन बाध्यं** = निवर्तनीयं [1]**सेव** = प्रतिमायोग्यतेव[2] [3]**प्रतिमयेत्यप्याहुः** आचार्याः ।

अव्यवस्थितपरिणामकम् । अत एव तस्य बाध्यत्वमुपपद्यते, **फलजनननियतिमतः** = स्वसाध्यफलोपधानाऽवश्यम्भावशालिनः कर्मणः केनाऽपि कदापि कुत्रापि **अबाध्यत्वात्** = अनिवर्तनीयत्वात् । अवश्यफलोपधायकसामर्थ्यवतः कर्मणः फलमसम्पाद्याऽनुपरमेण बलवतोऽपि पुरुषार्थादितोऽबाध्यत्वमिति भावः। प्रत्यक्षाऽनुमानादिना दिव्यदृशा व्यवहारदृशा च फलयोग्यतानिश्चयात् कर्मणो दारुगतप्रतिमायोग्यतातुल्यत्वोक्तिर्न्याय्या । पुरुषकारश्च प्रतिमानिष्पादनक्रियासदृशः । एतदभिप्रायेण **उपदेशरहस्ये** 'दारुसमं खलु दइवं पडिमातुल्लो अ पुरिसगारोत्ति' (उप.रह.४८) इत्युक्तम् ।

ननु कर्मणः प्रतिमायोग्यतातुल्यत्वे कदापि बाध्यत्वं न स्यात् । न हि दार्वादेः प्रतिमायोग्यता कदापि निवर्तत इत्याशङ्कायामाह **प्रयत्नेन** = स्वाश्रयनिष्ठव्यापारविशेषेण इदमनियतभावकं कर्म **निवर्तनीयं** = फलजनने प्रतिस्खलनीयं, **प्रतिमायोग्यतेव** = यथा दार्वादेः देवादिप्रतिकृतिस्वरूपयोग्यता **प्रतिमया** = निष्पन्नदेवादिप्रतिकृत्या निवर्तते तद्वदिदं ज्ञेयं **इत्यपि आचार्याः श्रीहरिभद्रसूरयः** प्रचक्षते।

युक्तं हि कार्येण प्रागभावस्येवापवर्गेणाऽऽत्मगतभव्यत्वपरिणामस्येवाभिनवप्रतिमयोपल-दार्वादिगतप्रतिमायोग्यत्वस्येवात्मनिष्ठपरिपक्वयत्नेनाऽनियतभावकदैवस्योपघात्यत्वमित्याशयः । यथोक्तं **उपदेशपदे** → दारुयमाईणमिणं पडिमाइसु जोग्गयासमाणत्तं । पच्चक्खादिपसिद्धं विहावियव्वं बुहजणेण ।। ← (उप.पद. ३४२) इति। तद्व्याख्या एवम् → दारुकादीनां = काष्ठोपलाम्रादीनां इदं = दैवं प्रतिमादिषु = प्रतिमा-देवकुल-पाकादिषु चित्ररूपेषु साध्यवस्तुषु योग्यतासमानं = योग्यभावतुल्यमिति । कीदृशं सदित्याह- प्रत्यक्षादिप्रसिद्धं = प्रत्यक्षाऽनुमानोपमानादिप्रमाणप्रतिष्ठितं विभावयितव्यं बुधजनेन = विपश्चिता लोकेन। तथा हि - यथा दार्वादीनां सूत्रधारादयः प्रत्यक्षत एव विवक्षितं प्रतिमादिफलं प्रति योग्यतां निश्चिन्वन्ति, कृषीवलादयस्तु मुद्गादिषु सामान्येन विवक्षितकार्यं प्रति योग्यतया रूढेषु कुतोऽपि निमित्तात्सम्पन्नसंदेहा अंकुरोद्गमादिभिस्तैस्तैरुपायैः कार्ययोग्यतां समवधारयन्ति, एवं दिव्यदृशः साक्षादेव कर्म भाविफलयोग्यं निश्चिन्वन्ति । शेषास्तु तैस्तैः शकुनाद्युपायैरिति इत्युक्तं दैवलक्षणम् ← (उप.पद ३४२ व्या.) इति।

स्वकृतिसाध्यतया निश्चित्यापि सम्यक्प्रयत्नाऽकरणे विपरीतोपायकरणादौ वा न तादृशफललाभसम्भवः । यथोक्तं **निशीथभाष्ये बृहत्कल्पभाष्ये** च → सुहसाहगं पि कज्जं करणविहूणमणुवायसंजुत्तं। अन्नायऽदेस-काले विवत्तिमुवजाति।। ← (नि.भा.४८०३, बृ.क.भा.९४४) इति । यथोक्तं **चाणक्यसूत्रे** अपि → उपायपूर्वं न दुष्करं स्यात् (चा.सू.९४), अनुपायपूर्वं कार्यं कृतमपि नश्यति ← (चा.सू.९५) इति । → कालेण कालं विहरेज्ज रट्ठे बलाऽबलं जाणिय अप्पणो उ ← (उत्त. २१/१४) इति **उत्तराध्ययन**सूत्रोक्तिरपि प्रकृतार्थानुपातिनी द्रष्टव्या । → काले चरंतस्स उज्जमो सफलो भवति ← (आचा.चू.१/२/५) इति पूर्वोक्तं(पृ.११७) **आचाराङ्गचूर्णि**वचनमपि सम्यक्पुरुषकारसाफल्यमावेदयति । एतेन → जेहिं काले परक्कंतं न पच्छा परितप्पए ← (सू.कृ.१।३।४।१५) इति पूर्वोक्ता(पृ.८५४)

અનિયત સ્વભાવવાળું કર્મ પુરુષાર્થ દ્વારા દૂર કરી શકાય છે. જેમ પ્રતિમા દ્વારા પ્રતિમાયોગ્યતા દૂર કરાય છે તેમ. આવું શ્રી **હરિભદ્રસૂરિજી** કહે છે.

१. मुद्रितप्रतौ 'सैव' इत्यशुद्धः पाठः। २. मुद्रितप्रतौ '..ग्यतैव' इत्यशुद्धः पाठः । ३. हस्तादर्शे '..प्रतिमे..' इत्यशुद्धः पाठः।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अपिः** कर्मणो बाधने पुरुषकारस्य तत्फलजनननियत्यभावनियतां नियतिं सहकारिणीं समुच्चिनोति । तदिदमुक्तं- "कर्माऽनियतभावं तु यत् स्याच्चित्रं [1]फलं प्रति । तद्बाध्यमत्र दार्वादिप्रतिमायोग्यतासमम् (यो.बिं.३३१)" ।।२०।।

**सूत्रकृताङ्गो**क्तिरपि व्याख्याता। तदुक्तं **कुवलयमालायां** अपि → जाव य ण देन्ति हिययं पुरिसा कज्जाइं ताव विहणंति । अह दिण्णं चिय हिययं, गुरुं पि कज्जं परिसमत्तं।। ← (कु.मा. अनुच्छेद-३३) इति। एतेन → स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ← (भ.गी.१८।४५) इति **भगवद्गीता**वचनमपि व्याख्यातम्। → निपानमिव मण्डूकाः सरः पूर्णमिवाऽण्डजाः । सोद्योगं नरमायान्ति विवशाः सर्वसम्पदः ।। उत्साहसम्पन्नमदीर्घसूत्रं क्रियाविधिज्ञं व्यसनेष्वसक्तम् । शूरं कृतज्ञं दृढसौहृदं च लक्ष्मीः स्वयं याति निवासहेतोः ।। ← (हितो.१।१७३,१७५) इति **हितोपदेश**श्लोकौ अपि सम्यक्पुरुषार्थप्राधान्यपरौ ज्ञेयौ।

नन्वेवं सति → आकाशमुत्पततु गच्छतु वा दिगन्तम्, अम्भोनिधिं विशतु तिष्ठतु वा यथेच्छम्। जन्मान्तराऽर्जितशुभाऽशुभकृन्नराणां, छायेव न त्यजति कर्मफलानुबन्धः ।। ← (  ) इत्यस्य कथं सङ्गतिः ? इत्याशङ्कायामाह- **अपि कर्मणः** = दैवस्य **बाधने** = बाध्यत्वे बाधकत्वेनाभिमतस्य **पुरुषकारस्य तत्फलजनननियत्यभावनियतां** = तथाविधकर्मसाध्यफलोपधानाऽनैयत्यव्याप्तां **नियतिं सहकारिणीं** = दैवसम्पादितप्रतिस्खलनसहकारिकारणभूतां **समुच्चिनोति** । तादृशनियतिसहकारेण पुरुषकारः स्वसाध्यफलोपढौकनप्रवृत्तं तथाविधं दैवमुपहन्ति, गौतमप्रव्राजिततापसयत्नवत् । कर्मसाध्यफलोपधाननैयत्यव्याप्तां नियतिमपेक्ष्य तु पुरुषकारः न दैवमुपहन्ति, कुलवालकयत्नवत्, तथानियत्यन्यथाऽनुपपत्तेः । ततश्च सुष्ठूक्तं **द्वादशारनयचक्रे श्रीमल्लवादिसूरिभिः** → नियतिवशादेव किञ्चित् सद् असाध्यं, असद् असाध्यं, असत् साध्यं, सत् साध्यञ्च प्रतिपद्यते ← (द्वा.न.च.भाग-१/पृ.२४०) इति । **तदिदमुक्तं योगबिन्दौ**- '**कर्मे**'ति । तद्व्याख्या चैवम् → **कर्म अनियतभावं तु** = अनियतपरिणाममेव **यत्स्यात् चित्रं** = नानारूपं **फलं** = सुख-दुःखादिसमर्पणरूपं **प्रति** = समाश्रित्य **तद् बाध्यं** = निवर्तनीयं पुरुषकारेण **अत्र** = बाध्य-बाधकभावचिन्तायां, 'कीदृशम्?' इत्याह- दार्वादेः = दलविशेषस्य या प्रतिमायोग्यता तत्समम् ← (यो.बिं.३३१ वृत्ति) इति।।१७/२०।।

મૂળગાથામાં 'अपि' શબ્દનો અર્થ સમુચ્ચય = સંગ્રહ છે. કર્મને પુરુષાર્થ બાધિત કરે છે તેમાં કર્મજન્યફળને ઉત્પન્ન કરવાની નિયતિના અભાવને વ્યાપ્ત = વ્યાપ્ય = અવિનાભાવી એવી નિયતિનો સહકારી તરીકે સંગ્રહ કરવા માટે મૂળ ગાથામાં 'अपि' શબ્દ વપરાયેલ છે.

**યોગબિંદુ**માં જણાવેલ છે કે 'જે કર્મ અનિયતસ્વભાવવાળું હોય તેના વિવિધ સ્વરૂપ હોય. ફળની અપેક્ષાએ તે પુરુષાર્થ દ્વારા બાધ્ય છે. લાકડા વગેરેમાં રહેલી પ્રતિમાયોગ્યતાતુલ્ય તે કર્મ સમજવું.' (૧૭/૨૦)

**વિશેષાર્થ :-** જે કર્મ પોતાનું ફળ અવશ્ય આપવાનો સ્વભાવ ધરાવે તે નિયતસ્વભાવવાળું કર્મ કહેવાય તથા તેવો સ્વભાવ ન ધરાવે તે અનિયતસ્વભાવવાળું કહેવાય.જે કર્મ નિયતસ્વભાવવાળું હોય તેનો પુરુષાર્થ દ્વારા બાધ થઈ ન શકે. 'બાધ' શબ્દનો અર્થ છે તેની ફળજનનશક્તિને સ્ખલિત કરવી. પુરુષાર્થ દ્વારા કર્મનો બાધ કરવો હોય તો અવશ્ય ફળને જન્માવે તેવી નિયતિનો અભાવ અવશ્ય હોય તેવી નિયતિની સહકારીકારણ તરીકે અપેક્ષા પુરુષાર્થને રહે છે. મતલબ કે જે કર્મની નિયતિ અવશ્યફળોત્પાદક નિયતિના અભાવની વ્યાપ્ય હોય તે કર્મની ફલજનનશક્તિને પુરુષાર્થ સ્ખલિત કરી શકે છે. (૧૭/૨૦)

१. हस्तादर्शे 'चित्रं प्रति फलं' इति पाठः । छन्दभङ्गात्, मुद्रितयोगबिन्दुपुस्तके चानुपलब्धेः सोऽत्र न गृहीतः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अत्र दृष्टान्त-दार्ष्टान्तिकयोर्बाधकतैक्यं शब्दसाम्यादेव विकार-नाशसाधारणरूपान्तरपरिणत्यैव [1]वेत्यभिप्रायवानाह-

**प्रतिमायोग्यतानाशः प्रतिमोत्पत्तितो भवेत्। कर्मणो विक्रिया यत्नाद् बाध्यबाधकतेत्यसौ।।२१।।**

[2]**प्रतिमेति** । **प्रतिमोत्पत्तितः** प्रतिमायोग्यताया नाश (=**प्रतिमायोग्यतानाशः**) एव बाधो **भवेत्**। **कर्मणो यत्नाद् विक्रिया** = अधिकृतफलजननशक्तिभङ्गलक्षणा बाध **इत्यसौ बाध्यबाधकता**[3]।

**एतेन** प्रतिमया तद्धेतुयत्नेन वा तद्योग्यताबाधे तदुत्पत्तिवत् कर्मयोग्यताबाधेऽपि[4] तत्फलोत्पत्ति-

---

**अत्र दृष्टान्त-दार्ष्टान्तिकयोः** = प्रतिमा-यत्नयोः **बाधकतैक्यं शब्दसाम्यादेव** = केवलशब्दतौल्यात्, न त्वर्थैक्यात् । ननु शब्दसाम्यमात्रेण किं ? इत्याशङ्कायां कल्पान्तरमाह- **विकारनाशसाधारणरूपान्तरपरिणत्यैव** = विक्रिया-ध्वंसोभयाऽनुगताऽतिरिक्तपरिणामत एव **वा बाधकतैक्यं** ज्ञेयं **इत्यभिप्रायवान्** ग्रन्थकृद् आह- '**प्रतिमे**'ति । **प्रतिमोत्पत्तितः** = देवादिप्रतिकृत्युत्पादात् प्रतिमायोग्यतायाः दार्वादिगताया **नाशः** = उच्छेद **एव** प्रकृते **बाधः** = बाधपदार्थो **भवेत्** । प्रतिमानिष्ठबाधकतानिरूपितबाध्यता प्रतिमायोग्यताप्रतियोगिकनाश्यतालक्षणाऽवगन्तव्या । **यत्नात्** = स्वसमानाधिकरणपुरुषकारात् **कर्मणः** दैवाभिधानस्य **अधिकृतफलजननशक्तिभङ्गलक्षणा** = विवक्षितकार्यजनकसामर्थ्यविघटनात्मिका **विक्रिया बाधः** = बाधपदार्थो भवेत् । स्वसमानाधिकरणयत्ननिष्ठबाधकतानिरूपितबाध्यता कर्मगता विकार्यताऽऽत्मिका विज्ञेया **इति** हेतोः **असौ बाध्य-बाधकता** = उपघात्योपाघातकभावः ।

**एतेन** = प्रतिमायोग्यतानाश-कर्मविक्रियालक्षणद्विविधबाधनिरूपणेन, अस्य 'निरस्तमि'त्यनेनान्वयः। व्यवहारनयतः **प्रतिमया** = अभिनवोत्पन्नप्रतिमया 'क्रियमाणं कृतमि'ति निश्चयनयतः **तद्धेतुयत्नेन वा** = प्रतिमाजनकप्रयत्नेन वा **तद्योग्यताबाधे** = दार्वादिगतप्रतिमायोग्यतोपघाते **तदुत्पत्तिवत्** = प्रतिमोत्पत्तिवत् पुरुषकारेण **कर्मयोग्यताबाधेऽपि** = दैवगतफलजननयोग्यतोपघातेऽपि **तत्फलोत्पत्तिप्रसङ्गः** =

---

પ્રસ્તુતમાં દૃષ્ટાન્તસ્વરૂપ પ્રતિમામાં તથા દાર્ષ્ટાન્તિકસ્વરૂપ પુરુષાર્થમાં બાધકતાઐક્ય = અભિન્ન બાધકતા બતાવેલી છે તે શબ્દની સરખામણીની અપેક્ષાએ જ સમજવું. અર્થઅભેદની અપેક્ષાએ નહિ. અથવા તો વિકાર અને નાશમાં અનુગત = સાધારણ એવા ધર્મવિશેષની = રૂપાન્તરપરિણતિની અપેક્ષાએ જ સમજવું. આવા આશયથી ગ્રંથકારશ્રી જણાવે છે કે

## ❋ બાધદ્વૈવિધ્ય નિરૂપણ ❋

**ગાથાર્થ :-** પ્રતિમાની ઉત્પત્તિથી પ્રતિમાયોગ્યતાનો નાશ થાય છે. જ્યારે પ્રયત્નથી કર્મમાં વિક્રિયા = વિકાર થાય છે. આ પ્રમાણે બાધ્ય-બાધકભાવ અહીં સમજવો. (૧૭/૨૧)

**ટીકાર્થ :-** લાકડા વગેરેમાં પ્રતિમાની ઉત્પત્તિ થવાથી લાકડા વગેરેમાં રહેલી પ્રતિમાયોગ્યતાનો નાશ જ થાય છે. અર્થાત્ યોગ્યતાનાશસ્વરૂપ બાધ પ્રતિમા દ્વારા થાય છે. જ્યારે પ્રયત્ન દ્વારા કર્મમાં વિવક્ષિતફળજનન શક્તિનો ભંગ થવા સ્વરૂપ બાધ થાય છે. આવો બાધ્ય-બાધકભાવ પ્રસ્તુતમાં છે.

**શંકા :-** જેમ પ્રતિમા દ્વારા અથવા તો પ્રતિમાજન્ય પ્રયત્ન દ્વારા લાકડામાં રહેલી પ્રતિમાયોગ્યતાનો

---

१. हस्तादर्शे 'वैत्य...' इत्यशुद्धः पाठः । २. हस्तादर्शे 'प्रतिमेति' इति नास्ति । ३. हस्तादर्शे '..बाधक' इति त्रुटितः पाठः। ४. हस्तादर्शे '...योग्यताबाधेऽपि तत्फल-बाधेऽपि तत्फलो...' इत्यधिकः पाठः । स चाऽशुद्धः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रसङ्ग इति **निरस्तम्** ।

उपादानस्यैव स्वनाशाऽभिन्नफलोत्पत्तिनियतत्वात् । कर्मयोग्यतायास्तु सुख-दुःखादिनिमित्तत्वाद् दण्डनाशे घटस्येव तन्नाशे फलस्यासम्भवात् इति द्रष्टव्यम् ।।२१।।

कर्मसाध्यफलोत्पादापत्तिः, युक्तेरुभयत्राऽविशेषात् **इति निरस्तम्** ।

प्रकृतनिरासमेव विशदयति - **उपादानस्यैव** = दार्वादिगतप्रतिमायोग्यत्वस्योपादानकारणात्मकतया तस्यैव **स्वनाशाऽभिन्नफलोत्पत्तिनियतत्वात्** स्वपदेन प्रतिमायोग्यत्वग्रहणतः तत्प्रतियोगिकध्वंसाऽभिन्नप्रतिमालक्षण-कार्योत्पादव्याप्यत्वात् । **कर्मयोग्यतायास्तु** = दैवगतफलजननयोग्यतायास्तु **सुखदुःखादिनिमित्तत्वात्** = सुख-दुःखादिनिमित्तकारणत्वादेव **दण्डनाशे घटस्येव तन्नाशे** = कर्मगतफलजननयोग्यतानाशे **फलस्य** सुख-दुःखादेः **असम्भवात्** । यथा दण्डस्य घटनिमित्तकारणतया तन्नाशे न घटोत्पादः सम्भवति, घटस्य तन्नाश-भिन्नत्वात् तथैव कर्मगतयोग्यतायाः सुखादिनिमित्तकारणतया तन्नाशे न सुखाद्युत्पादः सम्भवति, सुखादेः तन्नाशभिन्नत्वात् । प्रतिमायोग्यत्वस्य दार्वादिगतस्य प्रतिमोपादानकारणतया तन्नाशेऽवश्यं प्रतिमाऽवस्थानम्, तस्याः प्रतिमायोग्यत्वनाशाऽभिन्नत्वात् । **न च** ध्वंसस्याऽभावात्मकतया प्रतिमायोग्यताध्वंसस्य प्रतिमालक्षणफलाऽभिन्नत्वाऽसम्भवात्कुड्यं विना चित्रकर्मतुल्यमेतदिति **शङ्कनीयम्**, 'धर्मिकल्पनातो धर्म-कल्पना लघीयसी'ति न्यायेनाऽतिरिक्ताऽभावात्मकधर्मिकल्पनाऽपेक्षया प्रतिमायामेव प्रतिमायोग्यताध्वंसत्व-धर्मकल्पनाया न्याय्यत्वात्, सदंशाऽनुविद्धस्यैवाऽसदंशस्यानुभवाच्च । तदुक्तं **वादिदेवसूरिभिः प्रमाणनय-तत्त्वालोकालङ्कारसूत्रे** 'यदुत्पत्तौ कार्यस्याऽवश्यं विपत्तिः सोऽस्य प्रध्वंसाभाव इति, यथा कपालकदम्ब-कोत्पत्तौ नियमतो विपद्यमानस्य कलशस्य कपालकदम्बकमिति' (प्र.न.त.३/६१-६२) इति । अवश्यं

બાધ થતાં પ્રતિમાની ઉત્પત્તિ થાય છે તેમ પુરુષાર્થ દ્વારા કર્મગત યોગ્યતાનો નાશ થતાં કર્મસાધ્ય ફળ ઉત્પન્ન થવાની સમસ્યા સર્જાશે. કારણ કે યુક્તિ તો બન્ને પક્ષમાં સમાન જ છે.

**સમાધાન :-** ઉપરોક્ત સમસ્યાને અહીં અવકાશ ન હોવાનું કારણ એ છે કે પૂર્વે જણાવી ગયા તે મુજબ બન્ને સ્થળે બાધ એક સરખો માનવામાં નથી આવેલો પણ જુદા જુદા પ્રકારનો બાધ માનવામાં આવેલ છે. પ્રતિમાજન્ય પ્રયત્ન દ્વારા તો લાકડામાં યોગ્યતાનો નાશ જ થાય છે. જ્યારે પુરુષાર્થ દ્વારા કર્મમાં ફળોત્પાદકશક્તિનું વિઘટન કરવામાં આવે છે. માટે પ્રતિમાજનક પ્રયત્ન દ્વારા કાષ્ઠાદિગત પ્રતિમા-યોગ્યતાનો નાશ થવા છતાં લાકડામાં પ્રતિમા ઉત્પન્ન થઇ શકે છે પરંતુ પુરુષાર્થ દ્વારા કર્મનો બાધ થવા છતાં પણ કર્મસાધ્ય ફળ ઉત્પન્ન થવાની કોઇ શક્યતા નથી રહેતી. આ વિગતને પૂર્વે જણાવી જ ગયા છીએ. તેમ છતાં આ બાબતની સ્પષ્ટતા કરવા ગ્રંથકારશ્રી જણાવે છે કે ઉપાદાન કારણ અને ઉપાદાનકારણમાં રહેલી ફળજનનયોગ્યતાનો અભેદ હોવાથી યોગ્યતાનો નાશ જ ફળસ્વરૂપ છે. ઉપાદાનયોગ્યતા પોતાના નાશથી અભિન્ન એવા ફળની ઉત્પત્તિની વ્યાપ્ય છે. આવું હોવાથી પ્રતિમાજનક યોગ્યતાનો નાશ થતાં તેનાથી અભિન્ન ફળની ઉત્પત્તિ ત્યાં થઇ શકે છે. જ્યારે કર્મમાં રહેલી યોગ્યતા તો સુખ-દુઃખાદિના નિમિત્તસ્વરૂપ છે. તેથી તેનો નાશ થતાં ફળ ઉત્પન્ન ન થઇ શકે. જેમ દંડ ઘડાનું નિમિત્ત કારણ હોવાથી દંડનો નાશ થતાં ઘડો ઉત્પન્ન ન થઇ શકે. તેમ કર્મગત ફળજનનયોગ્યતાનો નાશ થતાં કર્મસાધ્ય ફળ ઉત્પન્ન થવાની સંભાવના = શક્યતા રહેતી નથી. આ વાત અહીં ખ્યાલમાં રાખવી. (૧૭/૨૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ननु येन कर्मणा फलं न जन्यते, तत्र न तद्योग्यतैव, किं यत्नस्य तद्बाधकत्वेनेत्याशङ्कायामाह-

**प्रतिमाया अनियमेऽप्यक्षता योग्यता यथा । फलस्यानियमेऽप्येवमक्षता कर्मयोग्यता ।।२२।।**

**प्रतिमाया** इति । **प्रतिमाया अनियमेऽपि** = [1]अनैकान्त्येऽपि दार्वादिदले **यथा योग्यता** प्रतिमाया **अक्षता** तथालोकव्यवहारात् ।

यदुत्पत्तिप्रयोज्या यदनुपलब्धिः स तत्प्रध्वंस इति तात्पर्यम् । अवश्यं प्रतिमोत्पत्तिप्रयोज्या प्रतिमायोग्यतानुपलब्धिरिति प्रतिमैव प्रतिमायोग्यताध्वंस इति स्वध्वंसाऽभिन्नफलोत्पत्तिव्याप्यत्वमुपादानस्याऽनाविलमेव।

तत्र ऋजुसूत्रनये प्रतिमाक्षण एव प्रतिमोपादानक्षणध्वंसः । **न च** द्वितीयादिक्षणेष्वेवं ध्वंसस्याभावेन दार्वादेः पुनरुन्मज्जनाऽऽपत्तिरिति **शङ्कनीयम्**, ध्वंससन्तानाऽभावस्यैव तदापादकत्वात् । व्यवहारनये तु दार्वाद्युत्तरकालवर्त्ति प्रतिमादिस्वद्रव्यं प्रतिमायोग्यताध्वंसः । प्रमाणाऽर्पणात्तु प्रतिमादिरूपं दार्वादिद्रव्यं प्रतिमायोग्यताध्वंसः । तदित्थं नयाऽर्पणात् प्रमाणाऽर्पणाच्च भावस्वभाव एव ध्वंसोऽपि प्रसिद्धिसौधमधितिष्ठति । तुच्छस्वभावत्वे तु प्रध्वंसस्य दार्वादौ शिल्प्यादिव्यापारवैयर्थ्यं स्यात् । प्रमाण-नयार्पणया विस्तरतो ध्वंसस्वरूपं बुभुत्सुभिरस्मत्कृता **जयलता** विलोकनीया (स्याद्वादरहस्यव्याख्या-मध्यम-खण्ड-१ पृ.१४-२२) ।।१७/२१।।

**ननु येन कर्मणा फलं** सुख-दुःखादिलक्षणं **न जन्यते** = नैवोपधीयते **तत्र** कर्मणि **न तद्योग्यतैव** = सुखादिजननयोग्यतैव, कार्याऽनुपहितयोग्यतायां मानाऽभावात् **किं यत्नस्य** = पुरुषकारस्य **तद्बाधकत्वेन** = कर्मगतफलजननशक्तिविघटनेनाऽजागलस्तनायमानेन? अन्यथैकस्मिन्नपि कर्मणि सकलफलजननयोग्यताऽङ्गीकर्तव्या स्याद् **इत्याशङ्कायामाह- 'प्रतिमाया'** इति । दार्वादितः **प्रतिमाया** उत्पादस्य **अनैकान्त्येऽपि** = भजनाविषयत्वेऽपि **दार्वादिदले** = प्रतिमादलभूतकाष्ठादौ **प्रतिमाया योग्यता यथा अक्षता** = अव्याहता, **तथालोकव्यवहारात्** = 'इदं दार्वादिकं प्रतिमायोग्यमि'त्यादिरूपेण शिष्टलोकव्यवहृतिदर्शनात्। कुतोऽपि हेतोः प्रतिमानुत्पत्तावपि दार्वादिदले तथाविधशब्द-ज्ञानरूपस्य योग्यताव्यवहारस्याऽयोग्यत्वव्यवहारविलक्षणस्याऽऽगोपालाऽङ्गनाप्रसिद्धत्वेन पराकर्तुमशक्यत्वादिति व्यक्तं **उपदेशरहस्यवृत्तौ** (उ. र.वृ.गा.४८) ।

" જે કર્મ દ્વારા ફળ ઉત્પન્ન થતું નથી તે કર્મમાં ફળજનનયોગ્યતા જ નથી રહેતી. આમ માની લો ને ! પુરુષાર્થને કર્મગત યોગ્યતાનો બાધક માનવાની જરૂર શી છે ? વ્યર્થ ગૌરવ શા માટે કરવું?" આવી કોઈને શંકા થાય તો તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી જણાવે છે કે

### ❀ સ્વરૂપ યોગ્યતા પણ સ્વીકાર્ય ❀

**ગાથાર્થ :-** જેમ દરેક લાકડામાંથી પ્રતિમા ઉત્પન્ન થાય જ આવો કોઈ નિયમ ન હોવા છતાં તેમાં પ્રતિમાયોગ્યતા અવ્યાહત જ છે. તે જ રીતે 'દરેક કર્મ દ્વારા ફળ ઉત્પન્ન થાય જ' તેવો કોઈ નિયમ ન હોવા છતાં પણ કર્મમાં ફળજનન યોગ્યતા અવ્યાહત રીતે રહેલી જ છે. (૧૭/૨૨)

**ટીકાર્થ :-** 'દરેક લાકડામાંથી પ્રતિમા અવશ્ય ઉત્પન્ન થાય' તેવો નિયમ ન હોવા છતાં જેમ લાકડા વગેરેમાં પ્રતિમાને ઉત્પન્ન કરવાની યોગ્યતા અવ્યાહત છે, કારણ કે લોકોમાં તેવા પ્રકારનો વ્યવહાર દેખાય છે.

१. हस्तादर्शे 'आने..' इति पाठः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**फलस्य** = सुख-दुःखादिरूपस्य पुरुषकारबाध्यत्वेन **अनियमेऽपि एवं कर्मयोग्यताऽक्षता**, अध्यवसायविशेषप्रयुक्तरसस्थितिविशेषघटितत्वात्तस्याः, प्रामाणिकलोकप्रसिद्धत्वाच्च फलाऽभावेऽपि बाध्यकर्मयोग्यताव्यवहारस्येति भावः । तदुक्तं- "नियमात्प्रतिमा नात्र न चाऽतोऽयोग्यतैव हि। तल्लक्षणवियोगेन प्रतिमेवाऽस्य बाधकः" (यो.बिं. ३३२) इति ।।२२।।

---

एवं प्रकारेण **सुख-दुःखादिरूपस्य फलस्य** = कर्मसाध्यफलस्य दशाविशेषे **पुरुषकारबाध्यत्वेन** = विभिन्नफलोपधायकबलवद्यत्नोपघात्यत्वेन **अनियमेऽपि** = अनैकान्त्येऽपि **कर्मयोग्यता** = दैवनिष्ठ-फलजननयोग्यता **अक्षता, तस्याः** = कर्मगतयोग्यतायाः **अध्यवसायविशेषप्रयुक्तरस-स्थितिविशेषघटितत्वात्** = मिथ्यात्वाऽविरति-कषाय-लेश्यादिसहकृताऽन्तःकरणपरिणामविशेषप्रयुक्तेन फलप्राचुर्याद्युपपादकाऽनु-भागाऽवस्थानविशेषेण गुम्फितत्वात्, **फलाऽभावेऽपि** = पुरुषकारबाध्यकर्मसाध्यसुखादिकार्याऽनुपधानेऽपि **बाध्यकर्मयोग्यताव्यवहारस्य** = अनुपधेयफलककर्मगतफलजननयोग्यताव्यवहृतेः **प्रामाणिकलोकप्रसिद्धत्वाच्च** = प्रमाणानुसारिशिष्टलोकेषु स्वरसतः प्रसिद्धत्वाच्च ।

**तदुक्तं योगबिन्दौ नियमादिति** । तद्वृत्तिस्त्वेवम् → **नियमात्** = अवश्यन्तया **प्रतिमा** = दैवतादिप्रतिबिम्बरूपा **न** = नैव **अत्र** = दार्वादौ योग्यतायां सत्यामपि । **न च अतः** = प्रतिमाया अभवनाद् **अयोग्यतैव हि** । कथम् ? इत्याह- **तल्लक्षणवियोगेन**[1] = अयोग्यतालक्षणाऽभावेन तथा-लोकरूढेः । ततः **प्रतिमेव** = प्रतिबिम्बनिष्पत्तिरिव दार्वादेः योग्यतायाः **अस्य** = कर्मणः **बाधकः** पुरुषकारः । यथा हि दार्वादीनां योग्यता तावदेव व्यपदिश्यते यावत्प्रतिमालक्षणं कार्यं न[2] निष्पद्यते कार्यनिष्पत्तौ सर्वत्र कारणस्याऽकारणीभूततया रूढत्वात् । एवं कर्माऽपि यावत्पुरुषकारेण विक्रियां अन्यथापरिणतिलक्षणां नाऽऽनीयते तावत्तदबाधितरूपमेवाऽऽस्ते । पुरुषकारप्रवृत्तौ तु तयोर्बाध्यबाधक-भावः सम्पद्यत इति (यो.बिं.३३२) ← । न चैवमेकस्मिन्नेव कर्मणि सकलफलजननयोग्यताऽऽपत्तिरपरिहार्या स्यादिति शङ्कनीयम्, काययोगाद्यधीनप्रकृत्यादिबन्धाऽनुसारेणैव तत्तत्फलजननयोग्यतायाः तत्तत्कर्मणि स्वीकारादिति दिक् ।।१७/२२।।

---

તેમ સુખ-દુઃખાદિ સ્વરૂપ કર્મફળ પુરુષાર્થ દ્વારા બાધ્ય હોવાથી અવશ્ય ઉત્પન્ન થાય તેવો નિયમ ન હોવા છતાં પણ કર્મમાં યોગ્યતા અવ્યાહત જ છે. કારણ કે કર્મગત ફળજનનયોગ્યતા તો વિશિષ્ટ પ્રકારના અધ્યવસાયથી પ્રયુક્ત એવા રસવિશેષ અને સ્થિતિવિશેષથી ઘટિત છે. તથા ફળોત્પાદકતાનો નિયમ ન હોવાથી પુરુષાર્થબાધ્ય કર્મનું ફળ ન થવા છતાં પણ પુરુષાર્થબાધ્ય એવા કર્મમાં ફળજનનયોગ્યતાનો વ્યવહાર પ્રામાણિક લોકોમાં પ્રસિદ્ધ છે. **યોગબિંદુ** ગ્રંથમાં જણાવેલ છે કે → 'લાકડા વગેરેમાંથી અવશ્ય પ્રતિમા ઉત્પન્ન થાય તેવો નિયમ નથી અને તેટલા માત્રથી તેમાં અયોગ્યતા જ છે - એવું પણ નથી સિદ્ધ થતું. કારણ કે પ્રતિમા ઉત્પન્ન થવાની અયોગ્યતાના લક્ષણ (ધૂમાડામાં રહેલા છે તેમ) તેમાં રહેલા નથી. તેથી પ્રતિમાની ઉત્પત્તિ જેમ લાકડામાં રહેલી પ્રતિમાયોગ્યતાની બાધક બને છે તેમ પુરુષાર્થ કર્મનો = કર્મગત ફલજનનયોગ્યતાનો બાધક બને છે.' ← (૧૭/૨૨)

---

१. योगबिन्दुवृत्तौ मुद्रितायां प्रकृते '... नियोगेन' इति पाठः । स च प्रस्तुतद्वात्रिंशिकावृत्तिगतपाठाऽपेक्षयाऽर्थविवरणविवक्षया चाऽशुद्धः प्रतिभाति । २. मुद्रितायां योगबिन्दुवृत्तौ 'न' इति पदं नास्ति । परं अस्माभिरावश्यकत्वात्तद् गृहीतम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ननु योग्यतैव प्रतिमामाक्षेप्स्यति किं तद्बाधकेन पुरुषकारेण ? इत्याशङ्क्याह–

**दार्वादेः प्रतिमाऽऽक्षेपे[1] तद्भावः सर्वतो ध्रुवः[2]। योग्य[3]स्याऽयोग्यता वेति न चैषा लोकसिद्धितः।।२३।।**

**दार्वादेरिति । दार्वादेः** = दलस्य स्वयोग्यतयैव (**प्रतिमाऽऽक्षेपे**) प्रतिमानिष्पत्त्या **तद्भावः**

---

**ननु योग्यतैव** = दार्वादिगतप्रतिमाजननयोग्यतैव **प्रतिमां आक्षेप्स्यति किं तद्बाधकेन** = दार्वादिगत-योग्यतोपघातकेन **पुरुषकारेण ? इत्याशङ्क्य योगबिन्दु**संवादं (यो.बिं.३३३) **आह- 'दार्वादेः'** ।

---

**વિશેષાર્થ :-** હોશિયાર વિદ્યાર્થી ભણવાની મહેનત ન કરવાના લીધે અથવા સિનેમા, કલબ વગેરેમાં રખડપટ્ટી કરવા સ્વરૂપ અવળો પુરુષાર્થ કરવાના લીધે પરીક્ષામાં નાપાસ થાય અને તે એમ કહે કે 'મારા નસીબમાં પાસ થવાનું ન હતું' તો આ જવાબ શું યોગ્ય છે ? દીક્ષા લેવા માટે ગુરુનો પરિચય કરવો, વૈરાગ્યવર્ધક ધર્મદેશના વગેરેનું શ્રવણ કરવું, જપ-તપ-ત્યાગ કરવો, વિશિષ્ટ અભિગ્રહો ધારણ કરવા.... આવું કશું પણ કર્યા વિના સ્વેચ્છાથી લગ્ન કરનાર માણસ 'મારા નસીબમાં દીક્ષા નથી' આવું બોલે તો શું તે યોગ્ય છે ? આરોગ્યના કોઇ પણ નિયમ ન પાળીને વ્યસની માંદો પડે અને 'મારા નસીબમાં આરોગ્ય નથી' આવું બોલે તો તેનો જવાબ કોઇ માણસ શું સાચા જવાબ તરીકે સ્વીકારશે? સિંહ જંગલમાં શિકાર કરવા ગુફાની બહાર જ ન નીકળે અને ભૂખ્યો મરવા પડે ત્યારે 'આ સિંહના નસીબમાં શિકાર - ખોરાક નથી' આવી વાતને શું કોઇ સાચી માનવા તૈયાર થાય ? આ બધા પ્રશ્નોનો ઉત્તર 'ના' છે. સાચી દિશામાં વ્યવસ્થિત પુરુષાર્થ ખરા દિલથી કરે અને તેમ છતાં પરિણામ ન મળે તો તેનો જવાબ સાચો માનવા કોઇ તૈયાર થાય.

માટે અવળા પુરુષાર્થના કારણે સમ્યક્ ફળ ન મળે ત્યાં કર્મમાં = નસીબમાં ફળજનનયોગ્યતા = ફળોત્પાદકશક્તિ સર્વ શિષ્ટ પુરુષોને નિર્વિવાદરૂપે માન્ય જ બને છે. બાકી તો જે આરસમાંથી પ્રતિમા બનવાના બદલે બીજી જ કોઇક ચીજ બની ગઇ હોય તો 'તે આરસમાં પ્રતિમા થવાની યોગ્યતા ન હતી' આવું માનવું પડશે કે જે કોઇ વ્યવહારવર્તી જીવને માન્ય નથી. માટે જે કર્મ દ્વારા ફળ ઉત્પન્ન થયેલ નથી ત્યાં પણ ફળજનનયોગ્યતા માનવી જરૂરી છે. હા, પણ પ્રત્યેક કર્મમાં તમામ ફળને આપવાની યોગ્યતા માની ન શકાય. જે પ્રકારની કર્મની પ્રકૃતિ હોય તે મુજબના જ ફળને આપવાની તેમાં યોગ્યતા હોય એવું કર્મવેત્તાઓને માન્ય છે. આ વાતને ધ્યાનમાં રાખવી જરૂરી છે. કર્મની ૧૨૦, ૧૨૨, ૧૪૮ કે ૧૫૮ પ્રકૃતિઓનો અભ્યાસ કરવાથી આ વિગત સ્પષ્ટ થઇ જાય તેમ છે. (૧૭/૨૨)

"લાકડા, આરસ વગેરેમાં રહેલી પ્રતિમાજનન યોગ્યતા જ પ્રતિમાને ઉત્પન્ન કરશે. યોગ્યતાબાધક પુરુષાર્થની કલ્પના કરવાથી સર્યું" આવી શંકાનું નિરાકરણ કરવા ગ્રંથકારશ્રી જણાવે છે કે

## ❀ યોગ્યતા ફળોપધાયક નથી ❀

**ગાથાર્થ :-** લાકડા વગેરે(ની યોગ્યતા) દ્વારા જ પ્રતિમાની ઉત્પત્તિ માનવામાં આવે તો તમામ લાકડા વગેરેમાંથી અવશ્ય પ્રતિમા ઉત્પન્ન થઇ જાય અથવા તો યોગ્યતાવાળા લાકડા વગેરેમાં અયોગ્યતા માનવી પડશે. પરતું આવી અયોગ્યતા તો માની ન શકાય. કારણ કે તે લોકસિદ્ધ છે. (૧૭/૨૩)

**ટીકાર્થ :-** 'લાકડા વગેરે ઉપાદાન કારણની સ્વયોગ્યતા દ્વારા જ પ્રતિમાની નિષ્પત્તિ થઇ જાય.' તેવું

---

१. हस्तादर्शे 'प्रतिमापेक्षे' इत्यशुद्धः पाठः । २. 'ध्रुवम्' इति सर्वत्र प्रतौ पाठः । व्याख्यानुसारेण 'ध्रुवः' इति पाठः सम्यगाभाति ।
३. 'योग्यतायोग्यता' इत्यशुद्धः पाठो मुद्रितप्रतौ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

= प्रतिमाभावः **सर्वतः** = सर्वस्माद् **ध्रुवो** = निश्चितः प्रसज्येत । ♦**योग्यस्य** दार्वादेरेव **अयोग्यता** प्रतिमाऽनाक्षेपे **वा इति** = एतत्प्रसज्येत♦ । **न च** = न पुनः **एषा** = अयोग्यता, **लोक(प्र)-सिद्धितः** । न हि दार्वादीनि प्रतिमानिष्पत्त्यभावेऽपि अयोग्यानीति प्रसिद्धिरस्ति, तदापि योग्यतयैव तेषां रूढत्वादिति ।।२३।।

---

**दलस्य** = प्रतिमोपादानकारणस्य **स्वयोग्यतयैव** = स्वकीयप्रतिमाजननयोग्यतयैव **प्रतिमाऽऽक्षेपे** = **प्रतिमा-निष्पत्त्या** फलोपधाने स्वीक्रियमाणे हि **सर्वस्मात्** दार्वादेः सकाशात् **प्रतिमाभावो निश्चितः प्रसज्येत**। न चैवं भवति, किन्तु तक्षण-दल-वेधादिव्यापारैरेवाऽवहितप्रयुक्तैः योग्यात् काष्ठात् प्रतिमा निष्पद्यते। यथोक्तं **बृहत्कल्पभाष्ये** → जं पि य दारुं जोग्गं जस्स उ वत्थुस्स तं पि हु न सक्का । जोएउमणिम्मविउं तच्छण-दल-वेह-कुस्सेहिं ।। ← (बृ.क.भा.२१७) इति । युक्तञ्चैतत् । न हि समुचितसाधन-व्यतिरेकेणोपादानमात्रात्कार्यसिद्धिः सम्भवति । तदुक्तं **व्यवहारसूत्रभाष्ये** → उवकरणेहिं विहूणो जह वा पुरिसो न साहए कज्जं ← (व्य.सू.भा.१०/५४०) इति ।

कल्पान्तरमाह- **योग्यस्य** = प्रतिमाजननयोग्यस्य एव दार्वादेः **प्रतिमाऽनाक्षेपे** = प्रतिमानुपधाने **अयोग्यता वा** = अथवा **इति** = **एतत् प्रसज्येत** । न चास्त्वयोग्यतैव तादृशदार्वादेः, फलानुपहित-योग्यतायां मानाभावादिति वक्तव्यम्, फलाऽभावेऽपि तत्र योग्यताव्यवहारस्य **लोकसिद्धितः** = प्रामाणिक-लोकप्रसिद्धितः **न पुनः** प्रतिमाया **अयोग्यता** फलाऽनुपधायकदार्वादौ वक्तुं शक्यते। **तदापि** = प्रतिमानुपधानदशायामपि **योग्यतयैव** = प्रतिमाजननसामर्थ्यवत्तयैव **तेषां** दार्वादीनां **रूढत्वात्** = स्वरसतः प्रसिद्धत्वात् ।

तदुक्तं **उपदेशपदेऽपि** → न हि जोग्गे नियमेणं जायइ पडिमादि ण य अजोगत्तं। तल्लक्खण-विरहाओ पडिमातुल्लो पुरिसगारो त्ति ।। ← (उप.पद.३४३) तद्व्याख्यैवम् → न = नैव हि = यस्माद् योग्ये = दलभावापन्ने दार्वादौ नियमेन = अवश्यन्तया जायते प्रतिमादि, किन्तु कस्मिंश्चिदेव पुरुषकारोपगृहीते। न च वक्तव्यं "शक्तयः सर्वभावानां कार्याऽर्थापत्तिगोचराः(?साधनाः)" (**तत्त्वसङ्ग्रह**-१५८८, २८३९) इति वचनात् कार्यानुदये कथं योग्यता समस्तीति ज्ञातुं शक्यत इत्याशङ्क्याह- न च = नैवायोग्यत्वं योग्यतया सम्भावितानां समस्ति। कुत इत्याह- तल्लक्षणविरहाद् = अयोग्यतालक्षण-विपर्ययात् । न हि फलानुदयेऽपि व्यवहारिणः कारणमकारणतया व्यपदिशन्ति, भिन्नलक्षणतया योग्या-

---

માનવામાં આવે તો તમામ લાકડા વગેરેમાંથી ચોક્કસ પ્રતિમાની ઉત્પત્તિ થઈ જશે. અથવા લાકડામાંથી પ્રતિમા ઉત્પન્ન ન થાય તો યોગ્ય એવા લાકડા વગેરેમાં જ અયોગ્યતા આવી જશે અર્થાત્ જે લાકડું પ્રતિમાને ઉત્પન્ન ન કરે, જે લાકડા વગેરેમાં પ્રતિમા ઉત્પન્ન ન થઈ હોય તે લાકડામાં પ્રતિમાજનનયોગ્યતાનો અભાવ માનવો પડશે. પરંતુ આવું તો નથી. જે લાકડામાં પ્રતિમા પ્રગટ થઈ ન હોય તેમાં અયોગ્યતા મનાતી નથી. કારણ કે તે લાકડામાં યોગ્યતા લોકોમાં પ્રસિદ્ધ છે. પ્રતિમાની નિષ્પત્તિ ન થયેલી હોય તો પણ 'આ લાકડા વગેરે પ્રતિમા માટે અયોગ્ય છે' આ વાત લોકોમાં પ્રસિદ્ધ નથી. પ્રતિમા ઉત્પન્ન ન થઈ હોય તેવી અવસ્થામાં પણ તે લાકડા વગેરે પ્રતિમાજનનયોગ્ય તરીકે જ લોકમાં પ્રસિદ્ધ = રૂઢ છે. (૧૭/૨૩)

---

हस्तादर्शे '♦.......♦' चिह्नद्वयमध्यवर्ती पाठो नास्ति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इदमेव प्रकृते योजयनन्नाह–

**कर्मणोऽप्येतदाक्षेपे दानादौ भावभेदतः । फलभेदः कथं नु स्यात्तथाशास्त्रादिसङ्गतः ।।२४।।**

ऽयोग्ययोः रूढत्वात् । यद्येवं शुभाऽशुभकार्याऽनुकूलतया स्थिते दैवे किंरूपस्तत्र पुरुषकारः प्रवर्त्तते इत्याशंक्याह- प्रतिमातुल्यः = प्रतिमानिष्पादनक्रियासदृशः पुरुषकारः। यथा हि योग्यमपि दारु न स्वयमेव प्रतिमात्वेन परिणमति, किंतु पुरुषकारादेव एवं पुरुषकाराऽपेक्षं दैवमपि स्वफलकारणमिति (उप.प.वृ.३४३) अत्रैव प्रतिपक्षे बाधामाह- → जइ दारुं चिय पडिमं अक्खिवइ तओ य हंत णियमेण ।

पावइ सव्वत्थ इमा अहवा जोग्गं अजोग्गंति ← (उप.प. ३४४)

व्याख्या → यदि दार्वेव प्रतिमामाक्षिपति साध्यकोटीमानयति, ततश्च = तस्मादेव प्रतिमाक्षेपात् 'हंतेति' पूर्ववत्, नियमेन प्राप्नोति = आपद्यते सर्वत्र दारुणि इयं प्रतिमा । प्रतिज्ञान्तरमाह- अथवा प्रतिमाऽनाक्षेपे योग्यमपि दारु अयोग्यं स्यादिति ← (उप.प.गा. ३४४ वृत्ति) ।

नन्वेवमप्यस्तु को दोष इत्याशंक्याह–

न य एवं लोगणीई जम्हा जोग्गम्मि जोग्गववहारो । पडिमाणुप्पत्तीयवि अविगाणेणं ठिओ एत्थ।।३४५।।

व्याख्या- न च = नैवैवं योग्यस्याप्ययोग्यतया लोकनीतिः = शिष्टव्यवहारो दृश्यते, यस्माद्योग्ये योग्यव्यवहारो 'योग्यमिदमि'ति शब्दज्ञानप्रवृत्तिरूपः प्रतिमानुत्पत्तावपि कुतोऽपि हेतोः पुरुषकारवैगुण्येन प्रतिमायामनुत्पन्नायामप्यविगानेन बालाऽबलादिजनाऽविप्रतिपत्त्या स्थितोऽत्र दारुणि (उप.प.वृत्ति. ३४५)।

किञ्चात्र पुरुषकारमनपेक्ष्य दैवेन फलाऽऽक्षेपेऽनवाप्तजिनाज्ञेऽपि मोक्षफलमुपधीयेतेति व्यक्तं **उपदेशरहस्ये** → दइवेण फलक्खेवे अइप्पसंगो हवे पयडो ← (उप.रह.४८) इत्यत्र । ततश्च दैवफलस्य बाधने साधने वा पुरुषकारस्याऽपेक्षाऽनाविलैव । तदुक्तं **सोमदेवसूरिणा** अपि **नीतिवाक्यामृते** → कस्य नामैकदैव सम्पद्यते पुण्यराशिः ? ← (नी.वा. १/३१), → अनाचरतो मनोरथाः स्वप्नराज्यसमाः ← (नी.वा. १/३२) इति ।।१७/२३।।

**इदमेव** तत्त्वं **प्रकृते** = दैव-पुरुषकारस्थले **योगबिन्दुसंवादेन** (यो.बिं.३३४) **योजयन्नाह**- '**कर्मण**' इति । **दैवसंज्ञितस्य कर्मणोऽपि फलहेतुपुरुषकाराऽऽक्षेपे** = दैवसाध्यफलोपधानसहकारिकारणीभूतयत्नो-

---

**વિશેષાર્થ :-** 'જો આ આરસનો ટુકડો શિલ્પીના હાથમાં આવ્યો હોય તો આમાંથી સરસ મજાની પ્રતિમા તૈયાર થઈ હોત. પણ કડીયાના હાથમાં આવી જવાના લીધે સીડીના પગથિયા રૂપે તે બની ગયો છે' આ પ્રમાણે લોકોને માન્ય છે. આનો અર્થ એ થયો કે જે આરસ, લાકડા, પત્થર વગેરેમાંથી પ્રતિમાનું નિર્માણ નથી થયું તેમાં પણ પ્રતિમા થવાની યોગ્યતા રહેલી જ છે. શિલ્પી વગેરેનો સહકાર મળે તો તેમાંથી યોગ્યતાના પ્રભાવે પ્રતિમા પ્રગટ થાય. માટે માત્ર યોગ્યતા દ્વારા જ ફળ ઉત્પન્ન થઈ નથી જતું. બાકી તો તમામ લાકડા, આરસ, પત્થર વગેરેમાં પ્રતિમા રૂપે થવાની યોગ્યતા હોવાથી તે તમામમાંથી પ્રતિમા ઉત્પન્ન થઈ જ જાય. બાકીની વાત ટીકાર્થમાં સ્પષ્ટ છે. **(૧૭/૨૩)**

આ જ વસ્તુને પ્રસ્તુતમાં સંગત કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે

**ગાથાર્થ :-** કર્મથી પણ પ્રયત્નની ઉત્પત્તિ થઈ જ જતી હોય તો દાન વગેરેમાં ભાવ બદલાઈ જવાથી શાસ્ત્રાદિપ્રસિદ્ધ ફળભેદ કઈ રીતે સંગત થઈ શકે ? **(૧૭/૨૪)**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**कर्मणोऽपीति** । **कर्मणोऽपि** दैवसंज्ञितस्य **एतदाक्षेपे** = फलहेतुपुरुषकाराऽऽक्षेपे **दानादौ** सुकृतविशेषे विधीयमाने **भावभेदतः** = परिणामविशेषतस्तत्तारतम्यलक्षणात् फलस्य भेदः (=**फलभेदः**) प्रकर्षाऽपकर्षरूपः **कथं नु स्यात्** ? न कथञ्चिदित्यर्थः, तथा **तथा** तेन तेन प्रकारेण **शास्त्रादि-सङ्गतः** = शास्त्रलोकसिद्धः । तथाविधपुरुषकारविकलात् **कर्मणः** फलाऽभ्युपगमे न कथञ्चित्त-च्चित्रता युज्यते । फलहेतोः [1]कर्मणः पुरुषकारमन्तरेणैकाऽऽकारत्वाऽऽपत्तेरिति परापेक्षमेतद् द्वितयं प्रतिपत्तव्यमिति ॥२४॥

पधायकत्वे, न केवलं दार्वादियोग्यतायाः प्रतिमाऽऽक्षेपे सर्वत्र तद्भाव इत्यपिशब्दार्थः, **दानादौ सुकृत-विशेषे विधीयमाने परिणामविशेषतः** = अध्यवसायवैचित्र्यात् **तत्तारतम्यलक्षणात्** = भावन्यूनाऽऽधिक्यरू-पात् **फलस्य प्रकर्षाऽपकर्षरूपो** विपाककालतारतम्यलक्षणश्च **भेदः न कथञ्चिदपि स्यात्** । **न च** सुकृतैक्ये परिणामविशेषात् फलोत्कर्षाऽपकर्षावसिद्धावेवेति **शङ्कनीयम्**, तादृशफलभेदस्तु **तेन तेन प्रकारेण शास्त्र-लोकसिद्धः** = सच्छास्त्र-शिष्टलोकयोः प्रसिद्ध एव । शालिभद्रजीवसङ्गम-कपिलादासीकृतेन सुपात्र-दानोदाहरणेन, वीरकशालापति-कृष्णकृतेन पालक-शाम्बकृतेन वा श्रीनेमिनाथवन्दनेन शीतलाचार्यकृतद्रव्य-भाववन्दनेन च फलभेदः शास्त्रप्रसिद्ध एव । सद्भाव-विष्टिकृतराजसेवादितश्च फलभेदो लोकसिद्धोऽनपलपनीय एव । फलकालभेदश्च **श्रावकप्रज्ञप्तौ उमास्वातिवाचकैः** → भिन्नो जहेह कालो तुल्ले वि पहंमि गइ-विसेसाओ । सत्थे व गहणकालो महमेहाभेयओ भिन्नो ॥ तह तुल्लम्मि वि कम्मे परिणामाइकिरियावि-सेसाओ । भिन्नो अणुहवकालो जिट्ठो मज्झो जहन्नो य ॥ ← (श्रा.प्र.२०१/२०२) इत्येवमावेदितः। **तथाविधपुरुषकारविकलात्** = प्रशस्ताऽप्रशस्तपरिणाम-मन्दाऽमन्दाऽऽदरादिलक्षणाऽभ्यन्तरयत्नाऽसहकृतात् **कर्मणः** = दानादिक्रियाजन्यदैवात् सकाशात् **फलाऽभ्युपगमे** तु **न कथञ्चित्** = केनाऽपि प्रकारेण **तच्चित्रता** = दानादिकर्मसाध्यफलवैचित्र्यं **युज्यते** । **फलहेतोः** = स्वर्गादिफलसाधनस्य **कर्मणः** दानादिसु-कृतलक्षणस्य दैवाऽऽख्यस्य वा **पुरुषकारं** शस्ताऽशस्ताध्यवसायादिलक्षणं **अन्तरेण एकाऽऽकारत्वाऽऽपत्तेः** = समानफलजनकत्वप्रसङ्गाद् **इति** हेतोः **पराऽपेक्षं** = परस्पराऽपेक्षं **एतद् द्वितयं** कर्म-पुरुषकारलक्षणं **प्रतिपत्तव्यमिति** । एतेन → पुरुषकारेण विना दैवं न सिध्यति ← (म.भा.अनुशासन.६/७) इति **महाभारत**वचनमपि व्याख्यातम्।

तदुक्तं **उपदेशपदे**ऽपि → एवं जइ कम्मं चिय चित्तं अक्खिवइ पुरिसगारं तु । णो दाणाइसु पुण्णाइभेय मोऽज्झप्पभेएण ॥ ← (उप.पद.३४६) इति। तद्व्याख्या चैवम् → एवं परोपन्यस्ताऽप्रतिमा-

**ટીકાર્થ** :- ભાગ્ય જેનું બીજું નામ છે એવા કર્મથી પણ જો ફળોત્પાદક એવો ઉદ્યમ થઇ જ જતો હોય તો દાન વગેરે વિશિષ્ટ સુકૃત કરતી વખતે અંતરના પરિણામમાં તરતમતાસ્વરૂપ ભેદભાવ થઇ જવાના કારણે ફળમાં પ્રકર્ષ અને અપકર્ષ સ્વરૂપે જે ભેદ પડી જાય છે તે કઇ રીતે સંગત થઇ શકે ? અર્થાત્ કોઇ પણ રીતે સંગત થઇ ન શકે. ઉપરોક્ત ફળભેદ કાલ્પનિક નથી પણ તે તે રીતે શાસ્ત્રમાં અને લોકમાં પ્રસિદ્ધ છે. તથાવિધ ઉદ્યમ વિના જ કેવળ કર્મ થકી ફળનો સ્વીકાર કરવામાં આવે તો સમાન ક્રિયાથી ફળમાં વૈવિધ્ય = ભેદભાવ જરા પણ સંગત થઇ ન શકે. કારણ કે ફળનું કારણ એવું કર્મ તો ઉદ્યમ વિના એકસરખું જ બની જાય. માટે ભાગ્ય અને પુરુષાર્થ- બન્ને એકબીજાની અપેક્ષા રાખે છે - એમ સ્વીકારવું જ પડે. (૧૭/૨૪)

१. हस्तादर्शे 'कर्मपुरुष...' इत्यशुद्धः पाठः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**शुभात्ततस्त्वसौ भावो [1]हन्ताऽयं तत्स्वभावभाक्। एवं किमत्र सिद्धं स्यादत एवाऽस्त्वतो ह्यदः।।२५।।**

**शुभादिति । शुभात् ततस्तु** = तत एव कर्मणः प्राग् नानानिमित्तोपार्जिताद् **असौ**

मिव यदि चेत् कर्मैव दैवसंज्ञितं चित्रं नानारूपमाक्षिपति स्वोपग्रहकारितया सन्निहितं करोति गलगृहीततथाविधकिङ्करवत् पुरुषकारमुक्तरूपं पुनः । तदा नो दानादिषु परलोकफलेषु क्रियाविशेषेषु शुभाऽशुभरूपेषु पुण्यादिभेदः = पुण्यपापनानात्वं स्यात्। मो पूर्ववत्। अध्यात्मभेदतः = अध्यवसायभेदात्। यदि हि दैवाऽऽयत्त एव पुरुषकारः क्रियासु शुभाशुभरूपासु व्याप्रियते 'प्रकृतिरेव करोती'ति साङ्ख्यमतमास्थितानां, तदा योऽयं दानादिक्रियासु शुभाऽशुभरूपकर्ममात्रहेतुकास्वध्यात्मभेदात् पुण्यपापयोरुत्कर्षाऽपकर्षकृतो भेदः सर्वास्तिकसम्मतः स कथं सङ्गच्छते इति । तथा च पठ्यते- "अभिसन्धेः फलं भिन्नमनुष्ठाने समेऽपि हि। परमोऽतः स एवेह वारीव कृषिकर्मणि।। (**योगदृष्टिसमुच्चय**-गा.११८) इति ← (उप.पद.३४६ वृत्ति) । **एतेन →** कर्मणः फलजनकत्वे तदस्तित्वमात्रात्फलोपधानाऽऽपत्तिरपि **निरस्ता,** आत्मपरिणामविशेषाऽऽहितविचित्रशक्तियोगेन कर्मणः तत्तद्द्रव्य-क्षेत्र-काल-भाव-भवसापेक्षतया नियताऽनियतजननाऽभ्युपगमात् । तदुक्तं **धर्मसङ्ग्रहण्यां श्रीहरिभद्रसूरिभिः →**

परिणामविसेसेणं करेइ कम्मम्मि वीरियं चित्तं । जं सो ण उ तं सत्तामेत्तेणं होइ फलदं ति।।
सव्वेसिं फलभावाऽणिययसहावा ण सव्वफलदत्तं । नियसहावत्तं चिय तग्गयपरिणामसावेक्खं ।।
← (धर्म.सं.५७७-५७८) इति । योगमार्गे पुरुषकारस्तु परिशुद्धाज्ञायोगरूपोऽवसेय इति व्यक्तं **उपदेशपदे** (गा.३२८) ।।१७/२४।।

नन्विदमपि कथं सिध्यति यथा दानादौ भावभेदस्ततोऽपि च फलभेदः ? इत्याशङ्कायां **योगबिन्दु**-(यो.बिं.३३५)संवादेनाह- **शुभादिति** । योगबिन्दुवृत्त्यनुसारेण व्याख्यानयति- **शुभात् तत एव कर्मणः**

**વિશેષાર્થ :-** 'માત્ર ભાગ્યથી જ ઉદ્યમ થાય છે' તેમ માનવામાં આવે તો સમાન દાન કરનારનું ભાગ્ય તો સમાન જ હોવાથી સરખા પ્રમાણમાં પૈસા વગેરેનું દાન કરવાનો ભાગ્યવશ ઉદ્યમ કરનારને તે દાનથી એકસરખું જ ફળ મળવું જોઈએ. કારણ કે બાહ્ય પુરુષાર્થ તો સમાન જ છે. પરંતુ તેવું બનતું નથી. વ્યવહારથી એકસરખું દાન કરવા છતાં અંતઃકરણના ભાવની તરતમતાના લીધે દાનના ફળમાં પણ તરતમતા પડી જાય છે. જો કર્મને પુરુષાર્થની જરા પણ અપેક્ષા ન હોય તો વ્યક્તિને સરખા પ્રમાણમાં દાન કરાવનાર કર્મના સ્વરૂપમાં કોઈ ફેર ન હોઈ શકે. તથા દાન કરતી વખતે દાતાના મનમાં ભાવ પણ સરખા જ થવા જોઈએ. અથવા સમાનદાનજનક કર્મ સમાન હોવાથી દાતારના ભાવ અલગ અલગ પ્રકારના હોવા છતાં પણ તેના ફળમાં કોઈ ફરક પડવો ન જોઈએ. આ સમસ્યાના નિરાકરણ માટે 'પુણ્ય-પાપ કર્મ ઉદ્યમસાપેક્ષ રહીને ફળ આપે છે' આમ માન્યા વિના છૂટકો નથી. (૧૭/૨૪)

## ❋ ભાગ્ય અને ઉદ્યમ પરસ્પર સાપેક્ષ ❋

**ગાથાર્થ :-** શુભ કર્મ હોવાના કારણે આ ભેદભાવવાળો ભાવ થાય છે. તથા તેવા સ્વભાવવાળો ફળભેદ થાય છે. આનાથી અહીં શું સિદ્ધ થયું ? આ પ્રશ્નનો જવાબ એ છે કે કર્મથી ભાવ થાય છે અને ભાવથી કર્મ થાય છે. (૧૭/૨૫)

**ટીકાર્થ :-** પૂર્વે અનેક નિમિત્તોથી ઉપાર્જિત થયેલા શુભ કર્મથી જ દાનાદિ કરવાના અવસરે

१. हस्तादर्शे 'हेतोयं' इत्यशुद्धः पाठः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दानादिकाले भिन्नरूपतया प्रवृत्तो **भावो हन्त अयं** च फलभेदः **तत्स्वभावभाक्**=भावभेदाऽपेक्षोत्पत्तिकविचित्रस्वभाववानिति ।

परः पृच्छति - **एवं किमत्र** विचारे **सिद्धं स्यात्** ? तत्राऽऽह- **अत एव** कर्मणः **अस्तु** भावः तथा **अतो हि**=अत एव भावाद् **अदः**=कर्माऽस्तु । तथा च प्रवाहेणाऽपि परस्पराऽपेक्षत्वमनयोः सिद्धमिति भावः ।।२५।।

